


# આજે પણ સાચાં છે
# તળાવ



પર્યાવરણ કક્ષ ।। ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન





# પ્રસ્તાવના

શ્રી અનુપમ મિત્ર દ્વારા લિખિત, ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન (દિલ્હી) દ્વારા પ્રકાશિત ''આજ ભી ખરે હૈ'' તાલાબ અને ''રાજસ્થાન કી રજત બૂંદે'' આ બે પુસ્તકોની પ્રથમ આવૃત્તિ ૧૯૯૩ માં બહાર પડી. કચ્છ મિત્ર અખબારના સુવર્ણ જયંતિ નિમિત્તે તંત્રીશ્રી કીર્તિભાઈ ખત્રીની અનુમતિથી, કચ્છના મુખ્ય શહેરોમાં શ્રી અનુપમજીના પાણી ઉપરના કાર્યક્રમ અને સ્લાઈડ શો યોજ્યાં. ત્યાર બાદ મુંબઈમાં ઇન્ડીયન મર્ચેન્ટ ચેમ્બર અને અન્ય સ્થળોએ એમના સ્લાઈડ શો અને વાર્તાલાપ યોજવામાં આવ્યા.

૧૯૯૮ માં ''જલબિરાદરી'' સંસ્થા દ્વારા ઉત્તર ભારતમાં છઃ રાજયોની જલયાત્રા ત્યાંની પાણીની પારંપરિક વ્યવસ્થા અને સમાજે અત્યારે શી વ્યવસ્થા કરી છે એનો અભ્યાસ કર્યો.

આમ આ પ્રવાસ, અલવરમાં શ્રી રાજેન્દ્રસિંહ સ્થાપિત તરૂણ ભારત સંઘનું પાણીનું કામ અને શ્રી અનુપમજી ના પુસ્તકથી પ્રેરિત થઈને દીપક મેપાણીએ ''આજ ભી ખરે હૈ'' તાલાબ પુસ્તકનું ગુજરાતી અનુવાદ કરવાનું વિચાર્યું.

શ્રી ચંદ્રસેન ભા (મોમાયા) એ માર્ગદર્શન કર્યું છે. શ્રી ચંદ્રકાંત ધોધરીનો સાથ મળ્યો. કચ્છી સમાજના પાણીનું કામ કરનારા અમારા સર્વે મિત્રોનો સાભાર :

વૃંદા મેપાણી
ડૉ. હર્ષ મેપાણી
ઇરા-જયાની-મેહુલ

અનુવાદક : શ્રી દિનેશભાઈ સંઘવી (લીલાપરઆશ્રમ કચ્છ)

# આજે પણ સાચાં છે
# તળાવ.

પર્યાવરણ કક્ષ, ગાંધી શાંતિ પ્રતિષ્ઠાન
નઈ દિલ્લી

# વિષય પ્રવેશ


'પધારો મ્હારે દેશ'ના વાચકો અનુપમ મિશ્રથી સારી રીતે પરિચિત છે. તેમણે આજના સળગતા સવાલ 'પાણી' વિષેની પુરાતન ભારતની એક નવીન ઓળખ આપણી સમક્ષ સુચારુ રૂપે પ્રસ્તુત કરીને આપણને ઓશિંગણ બનાવ્યા છે. આપણે અત્યારે એકવીસમી સદીના ઉંબરે ઊભા છીએ અને સમાજ જીવનમાં 'સાત સાંધો ત્યાં તેર તૂટે' ની ઘોર નિરાશાની સ્થિતિનો સામનો કરી રહ્યા છીએ ત્યારે આજથી માત્ર એકસો વર્ષના ભૂતકાળમાં ડોકિયું કરવાનું ગમશે. કેવળ લોકશક્તિના સહારે પાણી, તળાવો અને સિંચાઈની ભવ્ય, સમુચિત અને સુરૂઢ પરંપરા ભારતવર્ષે ઊભી કરેલી હતી અને ચલાવેલી હતી એ વાંચીને આપણે ગૌરવ અને શરમની મિશ્ર લાગણીના આનંદ અને આઘાતના ઓઘમાં ડૂબકાં ખાઈએ છીએ.

મહાત્મા ગાંધીએ લોકશક્તિ જાગ્રત કરીને આઝાદીની અહાલેક જગાવી અને રામરાજ્યની કલ્પનાના હિંડોળે હિંચોળતા કર્યા. એ જ પરંપરામાં સંત વિનોબાએ સર્વોદય પાત્ર, ભૂદાન, ગ્રામદાન દ્વારા સત્ય-પ્રેમ અને કરૂણાનાં શિખરો સર કરીને સમાજને એનાં સુફળો ચાખવા સમર્થ બનાવ્યો.

પણ, આ મહામૂલ્યવાન લોકશક્તિનો આપણે રાજ અને સમાજમાંથી છેદ ઉડાડીને રાષ્ટ્ર ઘડતરની સંપૂર્ણ પ્રક્રિયા અડધી સદીથી વધારે કાળ સુધી 'કલ્યાણરાજ'ની લોકશક્તિ વિરોધી પદ્ધતિથી અડધી સદીથી પણ વધારે કાળ સુધી ચલાવી, જેનાં ભયંકર માઠાં પરિણામો આપણે આજે ભોગવી રહ્યા છીએ.

પણ એ જાણવું અને સમજવું આપણને ઉત્તેજિત કરી મૂકશે કે જ્યારે એક વિશાળ રાજનો ધણી તળાવનું પૂરાણ સાફ કરવા પ્રતિ વર્ષ ઉત્સવના સ્વરૂપે પ્રજાની સાથે ખભેખભા મિલાવીને માટી ખોદતો હોય અને ઉપાડતો હોય ! ગ્રામ કક્ષાએ જ એવી, માન્ય અને માળખાને જાણીને આપણે 'રામરાજ્ય' થી માત્ર વેંત છેટા હોઈએ એવો ભાસ થયા વગર રહેતો નથી.

ચાલો, આપણે પણ અનુપમજી સાથે 'જલાખ્યાન' નો પ્રવાસ આરંભીએ.




| | | |
|---|---|---|
| ૧. | પાળને કિનારે દટાયેલો ઈતિહાસ | ૫ |
| ૨. | પાયાથી શિખર સુધી | ૯ |
| ૩ | સંસાર સાગરના નાયક | ૧૫ |
| ૪. | સાગરનું આગર | ૨૭ |
| ૫. | સાફ માથાનો સમાજ | ૩૯ |
| ૬. | સહસ્રનામ | ૪૭ |
| ૭. | મૃગતૃષ્ણાને ખોટી ઠેરવે છે તળાવ | ૫૬ |
| ૮. | તળાવ નિર્માણ : ધાર્મિક પરંપરા | ૬૯ |
| ૯. | આજે પણ ખરાં છે તળાવ | ૭૭ |

સેંકડો, હજારો તળાવો
અચાનક શૂન્ય થી
પ્રગટ નહોતા થયા
એની પાછળ બનાવવાળા
એક પણ હતા, દશ પણ હતા
આવા  એક અને
અનેક બનાવવાવાળાથી
જ મળી ને સેંકડો અને
હજારો બનતા.
પરંતુ છેલ્લા બસો વર્ષમાં
નવા પ્રકારનાં
થોડા નવા ભણતરે
સમાજ ને આ એક,
દશ, સેંકડો અને  હજારોને
શૂન્ય બનાવી દીધા

# પાળને કિનારે દટાયેલો ઈતિહાસ

''સારાં સારાં કામો કર્યા કરવાનાં'' રાજાએ, કૂડન કિસાનને કહ્યું હતું.

કૂડન, બુઢાન, સરમણ અને કૌંરાઈ ચાર ભાઈ હતા. ચારેય ભાઈઓ વહેલી સવારે ઊઠીને પોતાના ખેતરે કામે જતા. બપોરે કૂડનની દીકરી આવતી પોટલીમાં ભાત બાંધે.

એક દિવસ ઘરેથી ખેતરે જતાં રસ્તામાં અણીદાર પથ્થરની ઠેસ વાગી. એ બહુ જ ગુસ્સે ભરાઈ. એણે પોતાની પાસેની કોદાળીથી એ પત્થર કાઢવાની મહેનત કરી. પણ લ્યો, એની લોઢાની કોદાળી પથ્થર પર પડતાંની સાથે સોનાની બની ગઈ. અને પછી તો ઝડપથી બદલાતી જાય છે આ લાંબા પ્રસંગની ઘટનાઓ. એકદમ પથ્થર હાથમાં લઈ એ છોકરી ભાગી-ભાગી ખેતરે આવે છે. પોતાના બાપુ અને કાકાઓને એકી શ્વાસે બધું કહી દે છે. ચારેય ભાઈઓના શ્વાસ પણ થંભી જાય છે. જલદી જલદી બધાં ઘેર પાછાં આવે છે. એમને ખ્યાલ આવી ગયો છે કે એમના હાથમાં કોઈ સાધારણ પથ્થર નથી પણ પારસ છે. એ કથીરને કંચન બનાવે છે અને કંચન જોતાં જ આંખોમાં ચમક આવી જાય છે.

પરંતુ દેશના મધ્ય ભાગમાં, એક ખૂબ વિશાળ પ્રદેશમાં આ ઘટના ઈતિહાસને અંગૂઠો બતાવતી લોકોના મનમાં રમી રહી છે. પણ આંખોની એ ચમક ઝાઝો સમય નથી ટકતી. કૂડનને લાગે છે કે વહેલી-મોડી આ વાત રાજા સુધી પહોંચી જ જવાની છે. અને ત્યારે પારસ છીનવાઈ જશે, તો પોતે જાતે જઈને રાજાને સઘળું જણાવી દે એ વધારે સારું ગણાશે.

પ્રસંગ આગળ ચાલે છે. પછી જે કંઈ બને છે, એ લોઢાને નહીં પણ સમાજને પારસનો સ્પર્શ કરાવવાનો કિસ્સો બની જાય છે.


રાજા નથી પારસમણિ લેતો કે નથી સોનું લેતો, બધું જ કૂડન કિસાનને પાછું આપીને કહે છે, : ''જાઓ, આનાથી સારાં સારાં કામો કરો, તળાવો બનાવતા જાઓ.''

# આ કથા સાચી છે, ઐતિહાસિક છે, દંતકથા છે ખબર નથી.

પણ દેશના મધ્યભાગના એક ખૂબ વિશાળ પ્રદેશમાં આ કથા ઈતિહાસને પણ અંગૂઠો બતાવીને લોકોના મનમાં વસી ગઇ છે. અહીંના પાટણ નામના વિસ્તારમાં ચાર બહુ મોટાં તળાવો આજે પણ જોવા મળે છે. અને આ કથા સચ્ચાઈની કસોટી ઉપર કસવાવાળાને શરમાવે છે. ચારેય તળાવો આ ચાર ભાઈઓના નામે છે. બુઢાગર ગામમાં બુઢાસાગર છે. મઝગવાંમાં સરમણસાગર છે. કુઆંગ્રામમાં કૌંશાઈસાગર છે. અને કુંડમ ગામમાં કુંડમસાગર છે. સન ૧૯૦૭માં ગૅઝેટિયર દ્વારા આ દેશનો વ્યવસ્થિત ઈતિહાસ લખવા માટે ઘૂમી રહેલા અંગ્રેજોએ પણ આ ઈલાકામાં કેટલાય લોકો પાસેથી આ કિસ્સો સાંભળ્યો હતો અને પછી જોયાં પણ હતાં આ ચારેય મોટા તળાવો. ત્યારે પણ સરમણસાગર એટલું મોટું હતું કે એના કિનારે મોટાં મોટાં ત્રણ ગામો વસ્યાં હતાં. અને ત્રણેય ગામ આ તળાવને પોતાના નામે વહેંચી લેતાં હતાં. પણ એ વિશાળ તળાવ ત્રણેય ગામને જોડતું હતું અને સરમણ સાગર ના નામે ઓળખાતું હતું. ઈતિહાસે ભલે સરમણ, બુઢાન કૌંરાઈ અને કૂડનને યાદ નથી રાખ્યા, પણ આ લોકોએ બનાવ્યાં તળાવો અને ઈતિહાસને એના કિનારે રાખી દીધો. દેશના બિલકુલ મધ્યભાગમાં, બરાબર હૃદયમાં ધડકતો આ કિસ્સો ઉત્તર-દક્ષિણ, પૂર્વ-પશ્ચિમ ચારેબાજુ કોઈ ને કોઈ સ્વરૂપે ફેલાયેલો મળી આવશે અને આની સાથે મળે છે સેકડોં, હજારો તળાવ. આની કોઈ ચોક્કસ ગણતરી નથી, પણ આ અગણિત તળાવોને ગણવાવાળા નહીં પણ એને બનાવવાળા લોકો આવતા રહયા અને તળાવો બનતાં રહયાં.

કોઈ તળાવ રાજાએ બનાવ્યું તો કોઈ વળી રાણીએ, કોઈ તળાવને સાધારણ ગૃહસ્થે, વિધવાએ તો વળી કોઈ અસામાન્ય કોટિના સાધુ-સંતે. જે કોઈએ પણ તળાવ બનાવ્યું એ મહારાજ કે મહાત્મા કહેવાયા. એક કૃતજ્ઞ સમાજ તળાવ બનાવનારને અમર બનાવતો હતો અને લોકો પણ તળાવ બનાવીને સમાજ પ્રતિ પોતાની કૃતજ્ઞતા વ્યકત કરતા હતા.

સમાજ અને તેના સભ્યો વચ્ચેનો આ વિષયે એક સંપૂર્ણ તાલમેળનો કાળ કંઇ નાનોસૂનો કાળ ન હતો. છેક મહાભારત અને રામાયણ કાળનાં તળાવોને છોડી દઈએ તો પણ કહી શકાય છે કે, લગભગ પાંચમી સદીથી તે પંદરમી સદી સુધી દેશના એક છેડેથી બીજા છેડા સુધી તળાવો બનતાં જ રહયાં હતાં. લગભગ એક હજાર વર્ષ સુધી અવિરામ ગતિથી ચાલી રહેલી આ પરંપરામાં પંદરમી સદી પછીથી કોઈ કોઈ અડચણ આવવા માંડી હતી, પણ એ કાળમાં પણ આ ધારા સંપૂર્ણપણે અટકી નહીં, સૂકાઇ નહીં. સમાજે જે કામને આટલા લાંબા અરસા સુધી બહુ જ વ્યવસ્થિત રીતે કર્યું હતું, એ કામને ઉથલ-



પાથલનો એ સમય પણ સંપૂર્ણપણે અટકાવી નહોતો શકયો. અઢારમી અને ઓગણીસમી સદીના અંત લગી પણ સ્થળે-સ્થળે તળાવો બની રહયાં હતાં.

પરંતુ પછી બનાવનારા લોકો ધીમે ધીમે ઓછા થતા ગયા. પરંતુ ગણાવાવાળા કેટલાક ચોક્કસ આવી ગયા પણ જેટલું મોટું કામ હતું, અને હિસાબે ગણનારા બહુ જ ઓછા હતા અને નબળા પણ હતા. એટલા માટે ચોક્કસ ગણતરી કદી પણ ન થઈ શકી. ધીરે ધીરે અને એ પણ ટુકડે ટુકડે તળાવની ગણતરી થઈ પણ બધા ટુકડાઓનો કુલ સરવાળો કયારેય પણ કરવામાં ન આવ્યો. પરંતુ આ ટુકડાઓનો ઝગમગાટ આખાય ચિત્રની તસવીરની ચમક રાખવા બતાવવા માટે સક્ષમ છે.

છલોછલ ભરેલાં તળાવોને સૂકા ભઠ્ઠ આંકડાઓમાં સમાવવાની કોશિશ કયા છેડેથી શરૂ કરીશું ?. ફરીથી દેશના મધ્યભાગમાં પરત આવીએ.

આજના રીવા જિલ્લાનું જોડૌરી ગામ લગભગ ૨૫૦૦ ની વસ્તીવાળું, પણ આ ગામમાં ૧૨ તળાવ છે. આની નજીક છે તાલ મુકેદાન વસ્તી, લગભગ ૧૫૦૦ની, પણ ગામમાં દસ તળાવો છે. બધી જ વસ્તુઓની સરેરાશમાં કાઢનારાઓ માટે આ નાનું અમથું ગામ આજ પણ દર ૧૫૦ માણસે એક સુંદર તળાવની સુવિધા પૂરી પાડે છે. જે સમયે આ તળાવો બન્યાં હતાં, એ સમયે વસ્તી આથી પણ ઓછી હતી. એટલે જોર એ વાત પર હતું કે પોતાના હિસ્સામાં વરસતું દરેક ટીપું એકઠું કરી લેવામાં આવે અને સંકટના સમયે આસપાસના

ક્ષેત્રોમાં પણ એને વહેંચવામાં આવે. વરુણ દેવતાનો પ્રસાદ ગામ પોતાની અંજલીમાં ભરી લેતું હતો.

અને જયાં વરસાદ ઓછો પડે ત્યાં ? ત્યાં તો એનો એક એક કણ, એક -એક બુંદ ભલા કેમ બગાડવી પાલવે ? દેશમાં સૌથી ઓછી વર્ષાવાળો પ્રદેશ એટલે રાજસ્થાન, અને એમાં પણ સૌથી સૂકું માનવામાં આવતું થરનું રણ. એમાં આવતાં હજારો ગામડાંનાં નામો જ તળાવના નામે મળે છે. ગામના નામની સાથે જ જોડાયેલું છે 'સર' સર એટલે તળાવ. સર નહીં તો ગામ કયાંથી ? અહીં તો તમે તળાવને ગણવાને બદલે ગામને જ ગણતા જાઓ અને પછી એ આંકડાને બે કે ત્રણ ગણો કરી દેવાનો.

જયાં વસ્તીમાં ગુણાકાર થયો અને શહેર બન્યું, ત્યાં પણ પાણી નથી તો ઉધાર લેવામાં આવ્યું કે ન આજના શહેરોની માફક કયાંકથી ચોરીને લેવામાં આવ્યું. શહેરોએ પણ ગામોની માફક પોતાની વ્યવસ્થા પોતે જ કરી. અન્ય શહેરોની વાત પછી કરીશું. પણ, એક સમયે દિલ્હીમાં નાનાં-મોટાં ૩૫૦ તળાવોનો ઉલ્લેખ મળે છે.

ગામથી શહેર, શહેરતી રાજય પર આવીએ. વળી રીવા રાજયમાં પાછા આવીએ. આજના માપદંડ અનુસાર આ વિસ્તાર પછાત કહેવાય છે. પરંતુ પાણીની સુવિધાની રીતે જોઈએ તો પાછલી સદીમાં ત્યાં બધાં મળીને કુલ ૫૦૦૦ તળાવો હતાં.

નીચે દક્ષિણના રાજયો પર નજર નાખીએ તો આઝાદી મળ્યાના એકસો વર્ષ પહેલાં સુધી મદ્રાસ ઇલાકામાં ૫૩૦૦૦ તળાવો ગણવામાં આવ્યાં હતાં. ત્યાં સને ૧૮૮૫માં કેવળ ૧૪ જિલ્લામાં લગભગ ૪૩૦૦૦ તળાવો પર કામ થઇ રહયું હતું. એ જ પ્રમાણે મૈસૂર રાજયમાં અગગણનાના તાજા સમયમાં સને ૧૯૮૦ સુધી લગભગ ૩૯૦૦૦ તળાવ કોઇને કોઇ સ્વરૂપે લોકોની સેવા કરી રહયાં હતાં.

અહીં ત્યાં વેરવાયેલા આ બધા આંકડાને એક જગ્યાએ રાખીને જોઇએ તો કહી શકાય એમ છે કે, આ સદીના આરંભ લગી અષાઢના પહેલા દિવસથી ભાદરવાના અંતિમ દિવસ સુધી લગભગ ૧૧ થી ૧૨ લાખ તળાવો ભરાઇ જતાં હતાં અને આગામી જેઠ સુધી વરૂણ દેવતાનો કાંઇકને કાંઇક પ્રસાદ વહેંચતા રહેતાં હતાં.

કારણ કે લોકો સારાં સારાં કામો કરતા રહેતા હતા.

# પાયાથી શિખર સુધી

આજે દેવઊઠી અગિયારસ છે. દેવતા જાગી ગયા છે. હવે સારાં સારાં કામો કરવા માટે કોઈને કંઇ પૂછવાની કોઇ મુહૂર્ત જોવાની જરૂર નથી. તો પણ બધાય એકબીજાને હળે મળે છે, એક બીજાને પૂછી રહયા છે. એક નવું તળાવ બનવાનું છે ને....

વાચકને લાગશે કે હવે એક તળાવ બનાવવા પાળથી માંડીને તે છેક પાણી ભરાય ત્યાં સુધીનું આખુંય વર્ણન મળશે. અમે પોતે એવું વર્ણન શોધ્યા કર્યું. પરંતુ અમને એવું વર્ણન ક્યાં થી પણ મળ્યું નહીં. જ્યાં સદીઓથી તળાવો બની રહયાં છે, હજારોની સંખ્યામાં બન્યાં છે ત્યાં તળાવ બનાવવાનું આખુંય વર્ણન ન હોય એ શરૂ શરૂમાં અટપટું લાગશે, પણ એ જ એકદમ સહજ સ્થિતિ છે. 'તળાવ કેવી રીતે બનાવવાં' ને બદલે ચોતરફ 'તળાવ આમ બનાવવાં' નું ચલણ ચાલતું હતું. આમ છતાં નાના નાના ટુકડાઓને જોડતાં તળાવ બનાવવાનું એક સંપૂર્ણ ભલે નહીં પણ કામચલાઉ ચિત્ર તો સામે આવી જ જાય છે.

દેવ ઉઠી એટલે વણ પૂછી અગિયારસ છે. હવે પૂછવાનું શું ? બધીય વાતચીત પહેલાં થઇ તો ગઇ જ છે. તળાવનું સ્થળ પણ નકકી થઇ ગયું છે. નકકી કરવાવાળાઓની આંખોમાં કોણ જાણે કેટલુંય પાણી સમાયેલું છે એટલે અહીં એવા પ્રશ્નો નથી ઊઠતા કે પાણી ક્યાંથી આવશે, કેટલું પાણી આવશે, એમાંથી કેટલો ભાગ ક્યાં રોકાશેઃ અહિંયા આવા સવાલો છે જ નહીં, કેમ કે આમાંના કેટલાક લોકોએ આની પહેલાં પણ ઘણા તળાવ ખોદયાં છે તેમાં કેટલાક તો એવા છે જેઓ પેઢીઓથી આ કામ કરતા આવ્યાં છે.

આમ તો દસેય દિશાઓ ખૂલી છે તળાવ બનાવવા માટે. તો પણ સ્થળની પસંદગી કરતી વેળા કેટલીય વાતોનું ધ્યાન રાખવામાં આવ્યું છે. સ્થળ ગોચરની તરફનું ઢાળ છે, નીચાણવાળો વિસ્તાર છે. જ્યાંથી પાણી આવવાનું છે, ત્યાંની જમીન મોરમવાળી છે, એ તરફ શૌચાદિ માટે પણ લોકો જતા નથી. મરેલાં જાનવરોનું ચામડું ઉતારવા માટેની જગ્યા એટલ કે ચમારનો કુંડ પણ એ તરફ નથી.


કામ કામને શીખવે છે, અનુભવી આંખો વાતચીત વેળાએ જ સાંભળેલી-પસંદગી પામેલી જગ્યાને નીરખી લે છે. આ આવરાની જગ્યા છે કે જ્યાંથી પાણી આવશે એની સાફ-સફાઈ, સુરક્ષાને મજબૂત બનાવી લેવામાં આવે છે. તળાવનું પેટ કે જ્યાં પાણી ભરાશે એની ખાસિયત જાણી લેવામાં આવે છે. પાળ કેટલી ઊંચી બનશે કેટલી પહોળી બનશે,

ક્યાંથી ક્યાં સુધી બંધાશે અને તળાવમાં પાણી પૂરેપૂરું ભરાયા પછી વહી જવા માટે ઓગરો ક્યાં બનશે, એનો પણ અંદાજ કરી લેવામાં આવ્યો છે.

બધાય ભેળા થઈ ગયા છે. હવે શાની વાર છે ? નવીનકોર થાળી સજાવેલી છે. બાલ સૂર્યનાં કિરણો એને વધુ ચમકાવી રહયાં છે. પાણીથી ભરેલો લોટો છે. સફેદ દોરો, નાડા છડી, હળદરનો ગાંગઠિયો અને ચોખાની સાથે રાખ્યો છે લાલ માટીનો એક પવિત્ર ગાંગડો. ધરતી અને જલની સ્તુતિના શ્લોકો ધીરે ધીરે હવાની પ્રસરી લહેરોમાં બદલી રહયાં છે.

વરૂણ દેવનું સ્મરણ થઈ રહયું છે. તળાવ ગમે ત્યાં ખોદવાનું હોય, દેશના એક ખૂણેથી માંડીને તે બીજા ખૂણા સુધીની નદીઓનું સ્મરણ કરવામાં આવે છે. શ્લોકોનું ગાન થંભે છે માટીમાં પાવડા અથડાવાના અવાજોથી. પાંચ માણસો પાંચ તગારાં માટી ખોદે છે, દસ હાથ તગારાંને ઊપાડીને પાળ પર ઠાલવે છે. અહીં બનશે પાળ. ગોળ-ધાણા વહેંચાય છે. મુહૂર્ત સાચવી લીધું છે. આંખોમાં વસતા તળાવનું આખુંય ચિત્ર પાવડાથી ખોદીને જમીન પર ઉતારી લીધું છે. ક્યાંથી માટી નીકળશે અને ક્યાં ક્યાં નાખવામાં આવશે, પાળથી કેટલે દૂર સુધી ખોદાણ થશે કે જેથી પાળની બિલકુલ પાસે એટલી બધી ઊંડાઈ ન બની જાય કે પછી પાણી ભરાય ત્યારે પાળ કાચી બની જાય...

વણપૂછી અગિયારસના દિવસે આટલું તો થઈ જ જતું હતું. પણ કોઈ કારણે એ દિવસે કામ શરૂ ન થઈ શકે તો પછીનું મૂરત પૂછવામાં આવતું હતું. નહીતર પોતે જ કાઢી લેતા મુરત જોવામાં આવતું હતું અથવા ગામ અને શહેરોમાં ઘર-ઘરના કૂવા, વાવ અને તળાવો બનાવવાનાં મુહૂર્ત આજ પણ પંચાગમાં જોઈ લેવામાં આવે છે... હસ્ત, અનુરાધા, ત્રણે ઉત્તરા, શતભિષા, મઘા, રોહિણી, પૂષ્ય, મૃગશિર્ષ, પૂષ્ય નક્ષત્રોમાં સોમવાર, બુધવાર, ગુરુવાર તથા શુક્રવારના દિવસે કામનો પ્રારંભ કરવો. પણ તિથિ ચોથ, નોમ અને ચૌદશનો ત્યાગ કરવો. શુભ લગ્નોમાં મુખ્યત્વે ગુરૂ અને બુધ બલી હોય, પાપ ગ્રહ નિર્બળ હોય, શુક્રનો ચંદ્ર જળચર રાશિગત લગ્ન અથવા ચતુર્થ હોય, ગુરુ-શુક્ર અસ્ત ન હોય, ભદ્રા (વિછુડો - પંચક) ન હોય તો ખોદાવવું શુભ છે.




આજ આપણામાંથી મોટાભાગના લોકોને આ વિવરણમાંથી દિવસો (વારનાં) કેટલાંક નામો જ માત્ર સમજાશે. આજે પણ સમાજના એક મોટા વિભાગના લોકોના મનની કાલગણના

આ પ્રકારની ગણના સાથે મેળ ખાય છે. કેટલાક કાળ પહેલાં તો આખાય સમાજમાં આ પ્રકારની જ કાલગણના જાણીતી હતી.

મુહૂર્ત સાચવી લીધું છે. લોકો પાછા ફરી રહયા છે. હવે એક-બે દિવસ બાદ જ્યારે પણ સહુને અનુકૂળતા મળશે ત્યારે ફરીથી કામ શરૂ થશે.

અનુભવી આંખો આ સમય દરમિયાન પલકારો પણ નથી મારતી. મોટું કેટલું છે તળાવ, કામ કેટલું છે, કેટલા માણસો જોઈશે. કેટલાં સાધનો, કેટલી ગાડી માટી ખોદાશે, પાળ પર કેમ નાખાશે માટી ? તગારાંથી, કાવડથી માટી ઉપાડાશે કે પછી ગધેડાની પણ જરૂર પડશે ? સવાલો મોજાંની માફક ઊઠયા કરે છે, કેટલું કામ કાચું છે માટીનું છે કેટલું પાકું, ચૂનાનું - પત્થરનું છે. માટીનું કાચું કામ એકદમ પાકું બનાવવું છે અને પત્થર ચૂનાનું પાકુ



કામ કાચું ન રહી જાય. સવાલો મોજાંની માફક ઊઠે છે અને અનુભવી લોકોના મનની ઊંડાણમાં શાંત થઈ જાય છે. સેંકડો માણ માટીનું ખૂબ જ વજનદાર કામ છે વહેતા પાણીને રોકવા માટે મનાવવાનું છે. પાણી સાથે, હા આગ સાથે ખેલવાનું કામ છે આ તો !

ઢોલ પીટાય છે. આખુંય ગામ તળાવની જગ્યાએ જમા થાય છે. તળાવ ઉપર કામ સહિયારું -સેવાભાવથી ચાલશે, એટલે બધા લોકો એક સાથે કામ પર આવશે, એક સાથે ઘરે પાછા ફરશે.

સેંકડો હાથ માટી ખોદે છે. સેંકડો હાથ પાળ પર માટી નાખે છે. ધીરે ધીરે પહેલો આભાસ પૂરો થાય છે, અને પાળની નાની આકૃતિ દેખાય છે. ત્યાર પછી એને દબાવવાનું શરૂ થાય છે. દબાવવાનું કામ નંદી કરે છે. ચાર અણીદાર ખરીઓ પર બળદનું સઘળું વજન પડે છે. પહેલો થર પૂરો થયો એટલે એના પર માટીનો બીજો થર નાંખવાનું શરૂ થાય છે. દરેક થર ઉપર પાણી છાંટવામાં આવે છે બળદ ચલાવવામાં આવે છે. સેંકડો હાથ તત્પરતાપૂર્વક ચાલતા રહે છે, થર બહુ જ ધીરજની સાથે ધીરે ધીરે ઊઠે છે.

અત્યાર સુધી માત્ર કોદાળીની અસ્પષ્ટ નિશાની હતી, હવે એ માટીની લાંબી હાર બની ગઈ છે. ક્યાંક એ એકદમ સીધી છે તો ક્યાંક એ વળી ગયેલી છે, આવરામાંથી આવવાવાળું પાણી જ્યાં પાળ ઊપર જોરદાર ધક્કો મારી શકે છે ત્યાં પાળમાં પણ વળાંક આપવામાં આવ્યો છે. એને કોણી કહેવામાં આવે છે. પાળ અહિંયા આપણી કોણીની માફક વળી જાય છે.

તળાવની જગ્યા ગામની પાસે જ છે તો બપોરા કરવા લોકો ઘરે જાય છે. જગ્યા દૂર હોય તો બપોરનું ભોજન ત્યાં. પણ આખોય દિવસ ગોળવાળું મીઠું પાણી બધાને ત્યાં મળે છે. પાણીનું કામ પ્રેમનું કામ છે, પુણ્યનું કામ છે, એમાં અમૃત જેવું મીઠું પાણી જ પીવડાવવાનું છે. ત્યારે જ અમૃત જેવું સરોવર બનશે ને !

આ અમૃતસરની રક્ષા કરશે પાળ. એ તળાવની પાલક છે. પાળ નીચે કેટલી પહોળી થશે, કેટલી ઊંચી બનશે, અને ઊપરની પહોળાઈ કેટલી હશે એવા પ્રશ્નો ગણિત કે વિજ્ઞાનનો ભાર નથી વધારતા. અનુભવી આંખોના સહજ ગણિતને કોઈ માપવા ઈચ્છે તો પાયાની પહોળાઈથી ઊંચાઈ થશે અડધી અને આખીય બની ગયા પછી ઊપરની પહોળાઈ કુલ ઊંચાઈથી અડધી રહેશે.

માટીનું કાચું કામ પૂરું થઈ રહયું છે, હવે પાકા કામનો વારો આવે છે. કડિયાઓએ ચૂનાને ઠારી નાંખ્યો છે. ચક્કી બની ગઈ છે. હવે ગારો બની રહયો છે.

પત્થર ઘડવાવાળા કામમાં વ્યસ્ત છે. રક્ષા કરવાવાળી પાળની પણ રક્ષા કરવા માટે ઓગન બનાવવામાં આવશે. ઓગન એટલે એ જગ્યા જ્યાંથી તળાવનું વધારાનું પાણી પાળને જફા પહોંચાડયા વિના વહીને ચાલ્યું જશે. કોઈ સમયે આ શબ્દ 'નિસૃષ્ટ' યા નિસ્તરણ અથવા નિસ્તાર રહયો હશે. તળાવ બનાવવાળાઓની જીભથી કપાતો કપાતો આ ઘસાઈને 'નેષ્ટા' (ઓગન) ના રૂપમાં એટલો મજબૂત બની ગયો છે કે છેલ્લાં સેંકડો વર્ષોથી આની એક પણ માત્રા તૂટી નથી શકી.

ઓગન પાળની ઊંચાઈથી થોડું નીચું થશે, ત્યારે જ પાળને તોડતાં પહેલાં જ પાણીને વહાવી શકે ને ! જમીનથી આની ઊંચાઈ પાળની ઊંચાઈના પ્રમાણમાં નક્કી થશે. પ્રમાણ હશે લગભગ ૧૦ અને ૭ હાથનું.

પાળ અને ઓવારાનું કામ પૂરું થયું અને આ રીતે બની ગયું તળાવનું પેટ આવરાનું બધું જ પાણી તળાવના પેટમાં સમાઈ જશે. અનુભવી આંખો એકવાર ફરીથી આવરા અને પેટને ઝીણવટથી જોઈ લે છે. પેટની ક્ષમતા આવરામાંથી આવનારા પાણી કરતાં ક્યાંક વધારે તો નથી ને, ઓછી તો નથી ને. જવાબ હા માં નથી આવતો.



છેલ્લી વારનો ઢોલ પીટાય છે, કામ તો પૂરું થઈ ગયું છે પણ આજે બધા લોકો ફરીથી એકઠા થશે તળાવની પાળ ઊપર. દેવઉઠી અગિયારસ ઉપર જે સંકલ્પ લીધો હતો તે આજે પૂર્ણ થયો છે. બસ હવે, પાળની એક તરફ જલસ્તંભ લગાવવો અને પાળ ઉપર ઘટોઈયા દેવની પ્રાણ પ્રતિષ્ઠા થવાની બાકી છે. જલસ્તંભ પર ગણેશજી બિરાજમાન છે. અને નીચે છે સર્પરાજ. ઘટોઈયાબાબા ઘાટ ઉપર બેઠા બેઠા આખાય તળાવની રક્ષા કરશે.

આજે સમૂહ ભોજન થશે. સુંદર મજબૂત પાળથી ઘેરાયેલું તળાવ દૂરથી એક મોટી થાળીની માફક લાગે છે. જે અનામ લોકોએ આને બનાવ્યું છે, આજે તેઓ પ્રસાદ વહેંચીને એક સુંદર નામ પણ દેશે. અને આ નામ કોઈ કાગળ ઉપર નહીં, પણ લોકોના હૃદય ઉપર લખવામાં આવશે-કોતરવામાં આવશે.

પણ આમ નામની સાથે કામ કંઇ ખતમ નથી થઇ જતું. જેવું હાથિયો નક્ષત્ર ઊગશે, પહેલો વરસાદ આવશે, બધા લોકો ફરીથી તળાવ ઉપર જમા થશે. અનુભવી આંખો આજે જ કસોટી પર ચડશે. લોકો કોદાળી, પાવડા, વાંસ અને લાઠીઓ લઇને પાળ ઊપર ઘૂમી રહયા છે. ખૂબ દક્ષતાપૂર્વક, ધીરજપૂર્વક એક એક થર પર થર ની રીતે બની પાળ પણ પહેલા ઝાપટાનું પાણી પીધા વિના મજબૂત નહીં થાય. ક્યાંયથી પણ પાણી પાળમાં ઉતરી શકે છે. તરડ પડી શકે છે. ઉંદરના દર બનવામાં પણ શી વાર લાગવાની હતી, ભલા ? પાળ પર ચાલતા ચાલતા લોકો વાંસથી, લાઠીઓથી આ કાણાંઓને દબાવી દબાવીને ભરી રહયા છે.

હજી ગઇકાલે જે રીતે પાળ ધીરે-ધીરે ઊંચે ઊઠી રહી હતી, આજે એ જ પ્રમાણે તળાવ પેટમાં પાણી ઊંચે ઊઠી રહયું છે. આજ એ સમગ્ર આવરામાંથી ભેગું થઇને આવી રહયું છે.

*સિમટ-સિમટ જલ ભરહિં તલાવા ।*
*જિમી સદગુણ સજ્જન પહિં આવા ।।*

અનામી હાથોની માનતા પાણીએ માની લીધી છે.

# સંસાર સાગરના નાયક

કોણ હતા એ અજ્ઞાત લોકો ?

સેંકડો હજારો તળાવ શૂન્યમાંથી અચાનક જ કંઇ પ્રગટ નહોતાં થયાં. એકમથી શરૂઆત એકમથી થતી હતી, પણ બનાવનારા એકનાં દસ બનાવતા હતા. આમ એકમ-દસક મળીને સેંકડો હજારો બનતાં હતાં. પરંતુ છેલ્લાં બસો વર્ષોમાં નવા પ્રકારનું સામાન્ય શિક્ષણ લીધેલ સમાજે આ એકમ-દસક-શતક અને હજારને શૂન્ય જ બનાવી દીધું. આ નવા સમાજના મનમાં એટલી ઉત્સુકતા જ નથી રહી કે પહેલાના જમાનામાં આટલા બધા તળાવો કોણ બનાવતું હતું એ જાણવાની એમણે આ પ્રકારના કામ માટે નવું માળખું ઊભુ કર્યું. આઇ. આઇ. ટી. ની સિવિલ એન્જીનિયરિંગના એ ધોરણેના પણ એ ગજથી એમણે પહેલાં થઇ ગયેલા આ કામને માપવાની કોશિશ નથી કરી.

તેઓ પોતાના ગજથી માપતે તો કમ સે કમ એમના મનમાં એવા પ્રશ્નો તો ઊઠતે જ કે એ જમાનાની આઇ. આઇ. ટી. કયાં હતી ? કોણ હતા એના નિર્દેશકો ? કેટલું બજેટ હતું, કેટલા સિવિલ એન્જીનિયર નીકળતા હતા ? પરંતુ એમણે તો આ સઘળાને ગત જમાનાનું સાવ જ તુચ્છ જૂનવાણી માન્યું અને પાણીના સવાલને નવી ઢબે હલ કરવાનો વાયદો પણ કર્યો અને દાવો પણ. ગામો-કસબાની કયાં વાત રહી, અરે મોટાં શહેરોના નળોમાં જયારે જુઓ ત્યારે વહેતો સન્નાટો આ પોકળ વાયદા અને દાવાઓ પરનો બોલતો પુરાવો છે. આ સમાજના દાવાઓને આ સમયના ગજથી માપીએ તો કયારેક દાવાઓ પોકળ નીકળે છે, તો કયારેક ગજ જ નિમ્ન કોટિના જોવા મળે છે.

આ ગજને અત્યારે તો અહીં જ છોડીએ અને આપણે જરા ભૂતકાળમાં ડોકિયું કરી લઇએ. આજે જેઓ અજ્ઞાત બની ગયા છે, એમનું એક જમાનામાં મોટું નામ હતું. આખાય દેશમાં તળાવ બનતાં હતાં, કયાંક આ વિદ્યા જાતિની નિશાળમાં શીખવવામાં આવતી હતી, તો કયાંક વળી જાતિથી અલગ એક વિશેષ પાંત પણ બની જતી હતી. બનાવવાવાળા લોકો કયાંક એક જગ્યાએ વસેલા જોવા મળતા હતા તો કયાંક તેઓ ફરી ફરીને આ કામો કરતા હતા.

ગજધર એક ખૂબ સુંદર શબ્દ છે, તળાવ બનાવવાવાળાઓને આદર સહિત યાદ કરવા માટે. રાજસ્થાનના કોઈ કોઈ ભાગમાં આ શબ્દ આજે પણ સાંભળવા મળે છે. ગજધર એટલે કે જે ગજને ધારણ કરે છે. અને ગજ એ કે જે માપવાના કામમાં આવે છે. પરંતુ આમ છતાં સમાજે આમને માત્ર ત્રણ હાથની લોઢાની છડ લઈને ફરતો માત્ર મિસ્ત્રી કે કડિયો ન માન્યો. ગજધર તો સમાજની ઉંડાણ માપી લે - એમને એવું સ્થાન આપ્યું હતું.

ગજધર તો ઈજનેર હતા. ગ્રામીણ સમાજ હોય કે શહેરી સમાજ - એના નવનિર્માણની સાર-સંભાળની જવાબદારી ગજધર નિભાવતા હતા. નગર નિયોજનથી માંડીને નાનામાં નાના નિર્માણનાં કામો ગજધરના ખભા પર નિર્ભર હતા. તેઓ યોજના બનાવતા, કામનો કુલ અંદાજિત ખર્ચ કાઢતા, કામ માટે જરૂરી સામગ્રી અંગે વિચારતા હતા અને આ બધાય કામના બદલામાં તેઓ પોતાના યજમાન પાસેથી એવું નહોતા માગી બેસતા કે તે આપી ન શકે. લોકો પણ એવા હતા કે, એમના ગજા પ્રમાણે વધુમાં વધુ ગજધરને આપતા.

કામ પૂરું થયા પછી મહેનતાણાં ઉપરાંત ગજધરને સન્માન મળતું. પાઘડી બંધાવવાની પરંપરા કદાચ એક માત્ર શીખ પરંપરામાં જ અત્યારે બચી છે, પણ હજુ થોડા જ અરસા પહેલાં રાજસ્થાનમાં ગૃહસ્થ તરફથી ગજધરને ખૂબ જ આદરપૂર્વક પાઘડી બંધાવવામાં આવતી હતી. એમના નામે જમીન પણ કરવામાં આવતી. આ પાઘડી બંધાવવા ઉપરાંત ચાંદી અને ક્યારેક-ક્યારેક સોનાનાં બટન ભેટ આપવામાં આવતા. પાઘડી બાંધવાની વિધિ પૂરી થયા પછી ગજધર પોતાની સાથે કામ કરવાવાળી ટુકડીમાંથી કોઈ-કોઈનાં નામો જાણાવતા. એમને પણ પરિશ્રમિક ઉપરાંત ભેટ આપવામાં આવતી હતી. કૃતજ્ઞતાનો આવો ભાવ તળાવ બન્યા પછીના પ્રીતિ ભોજન સમારંભમાં વિશેષ રૂપે જોવા મળતો હતો.



ગજધર હિન્દુ હતા અને પછી મુસલમાન પણ, સિલાવટ અથવા તો સિલાવટા (સલાટ) નામની એક જાતિ વાસ્તુકલામાં ખૂબ જ નિષ્ણાત બની છે. સિલાવટા શબ્દ શિલા એટલે કે પથ્થર પરથી બન્યો છે. સિલાવટા પણ ગજરધરોની માફક બંને ધર્મોમાં હતા. વસ્તીના પ્રમાણમાં એમની સંખ્યા સારા પ્રમાણમાં હતી. એમના પોતાના મહોલ્લા હતા. આજે પણ રાજસ્થાનનાં જૂનાં શહેરોમાં, સિલાવટપાડા મળી આવશે, સિંધ વિભાગમાં, કરાંચીમાં પણ સિલાવટોનો એક અલગ મહોલ્લો

છે. ગજધર અને સિલાવટા એક જ કામ કરવાવાળા આ બે નામ ક્યાંક ક્યાંક એક જ બની જતાં હતાં. કરાંચીમાં પણ આમને સન્માનપૂર્વક જોતા. ભાગલા પછી પાકિસ્તાન મંત્રીમંડળમાં પણ એક સિલાવટ-હાકિમ મોહમ્મદ ગજધરની નિયુક્તિ થઈ હતી.


જેસલમેર અને સિંધમાં સિલાવટોના નાયકને જ ગજધર કહેતા. આની એક ધારા તોમર વંશ સુધી પહોંચતી હતી અને સમાજના નિર્માણના સૌથી ઉચ્ચ પદનો સ્પર્શ કરતી હતી. અનંગપાલ તોમરે કોઈ સમયે દિલ્હી ઉપર ઝંડો લહેરાવ્યો હતો.

અનુભવી આંખોનું સુંદર ઉદાહરણ હતું ગજધર. ગુરુ શિષ્ય પરંપરાથી કામ શીખવવામાં આવતું હતું. નવા હાથને જૂનો હાથ એટલું શીખવતો, એટલું શીખવતો કે તે થોડા સમય બાદ 'જોડી' બની જતો. આવા એક ગજધરની સાથે કેટલાય જોડીદાર રહેતા હતા. કેટલાક સારા સાથીદારવાળા ગજધરની પ્રતિષ્ઠા એટલી બધી જામી જતી કે માત્ર એમનું નામ ગજધર રહી જતું, પણ ગજ એમના હાથમાંથી છૂટી જતો. સારા ગજધરની એક પરિભાષા એ પણ હતી કે તેઓ ઓજાર-સાધનને હાથ ન લગાવતા. ફક્ત જગ્યા જોઈને નિર્ણય લેતા કે ક્યાં શું બનાવવાનું છે. તે એક સ્થાન પર બેસી રહેતા અને સઘળું કામ એમની મૌખિક સલાહ-સૂચના પ્રમાણે ચાલતું.

ઓજારનો ઉપયોગ કરતાં કરતાં એટલા આગળ વધી જતું કે પછી એની જરૂરત જ ન રહે- આ એક વાત છે. પણ ક્યારેય ઓજારને હાથ જ અડાડવાવો નહીં- એ અલગ વાત છે. આવા સિધ્ધ સિરભાવ કહેવાતાં હતાં. સિરભાવ કોઈ પ્રકારના ઓજાર વિના પાણીની સાચી જગ્યા શોધી આપતા. કહેવાય છે કે એમને ભાવ આવતા, એટલે, બસ એમને ખબર પડી જતી હતી. સિરભાવ કોઈ જાતિ વિશેષ નાં નહોતા. બસ એમ જ કોઈ કોઈને આવી સિધ્ધિ મળી જતી. જલસૂંઘા એટલે ભૂજળને સૂંઘી ને બતાવનારા (પાણીકળા) લોકો પણ સિરભાવ જેવા જ હતા, પણ તેઓ ભૂજળના તરંગોના સંકેતોને પગલે આંબા કે જાંબુની લાકડીની સહાયથી પાણીથી જગ્યા શોધી કાઢતા હતા. આ કામ આજ પણ ચાલુ છે. ટયૂબવેલ બનાવવાવાળી કંપનીઓ પહેલાં પોતાના યંત્રથી જગ્યા પસંદ કરે છે, બાદમાં પાણીકળાને બોલાવીને વધુ પાકું કરી લે છે, કે પાણી મળશે કે નહીં ? સરકારી વિભાગોમાં પણ કાગળ પર દર્શાવ્યા વિના આમની સેવાઓ લેવામાં આવે છે.

સિલાવટા શબ્દ મધ્યપ્રદેશ સુધી પહોંચતાં એક માત્રા ખોઈને સિલાવટ બની જાય છે. પણ ગુણ જેમના તેમ રહે છે. મધ્યપ્રદેશમાં ક્યાંક ક્યાંક સિલાકાર પણ હતા. ગુજરાતમાં પણ આમની ખાસ્સી વસ્તી છે. ત્યાં આમને સલાટ કહેવામાં આવે છે. આમાં હીરા સલાટ પથ્થર ઉપરં ની પોતાની કારીગરીને લીધે પ્રસિદ્ધિ છે.

કચ્છમાં ગજધર ગઈધર બન્યા છે. એમનું વંશવૃક્ષ ઈંદ્ર દેવતાના પુત્ર જયંતથી શરૂ થાય છે. ગજધરોનું એક નામ સૂત્રધાર પણ હતું. આ જ પછીના કાળમાં ગુજરાતમાં સુથાર, અને દેશના બીજા ભાગોમાં ઠાર બની ગયું. ગજધરોનું એક શાસ્ત્રીય નામ સ્થપતિ પણ હતું. જે આજે પવઈ તરીકે પ્રચલિત છે.



પથરોટ અને ટકારી પણ પથ્થર ઊપર થતા બધા પ્રકારની કારીગરીના સારા જાણકાર હતા, અને તળાવ બનાવવાના કામમાં જોડાતા હતા. મધ્યપ્રદેશમાં પથરોટા નામના ગામ અને મોહલ્લા આજે પણ તેમની યાદ અપાવે છે. ટકારી દૂર દક્ષિણ સુધી ફેલાયેલા હતા અને એમના મોહલ્લા ટકેરવાડી કહેવાતા હતા.

આ દુનિયા છે માટીની અને આ માટીની આખીય દુનિયા જાણવાવાળાઓની કંઈ કમી નહોતી. આવા કેટલાક મટકૂટ તો ક્યાંક વળી મટકૂડા, અને જ્યાં આ બધા વસતા હતા એ ગામ મટકૂલી કહેવાતા હતાં. સોનકર અને સુનકર શબ્દ સોનાનું કામ કરવાનારાને માટે હતો. પણ આ સોનું-સોનું નહીં પણ માટી જ હતી. સોનકર અથવા સુનકર રાજલહરિયા પણ કહેવાતા હતા. તેઓ સ્વયંને રઘુવંશના આદિ સમ્રાટ સગર પુત્રો સાથે જોડે છે. અશ્વમેધ-યજ્ઞને માટે છોડવામાં આવેલા ઘોડાની ચોરી થવાને કારણે સગર-પુત્રોએ એને શોધી કાઢવાને માટે આખીય પૃથ્વી ખોદી નાખી હતી.અને આખરે કપિલમુનિના ક્રોધનું પાત્ર બની બેઠા હતા. એ શાપને કારણે સોનકર તળાવોમાં માટી ખોદવાનું કામ કરતા હતા. પણ હવે ક્રોધ નહીં, પુણ્ય કમાતા હતા. તેઓ ઈંટ બનાવવાના પણ નિષ્ણાત હતા. ખંતીને પણ તળાવ ખોદવા માટે બોલાવવામાં આવતા હતા. કોઈ કારણે તેઓ ન મળે તો, તળાવની માટી વિષે કુંભારની સલાહ લેવામાં આવતી હતી.

તળાવની જગ્યાની પસંદગી કરતી વેળા બુલઈ વગર બોલાવે પહોંચી આવતા હતા. બુલઈ એટલે એ લોકો કે જેમને ગામની પૂરેપૂરી જાણકારી રહેતી. ક્યાં કેવી જમીન છે, કોની છે, આની પહેલાં ક્યાં ક્યાં વાવ, તળાવ કે કુવાઓ બનેલા છે, હવે ક્યાં બની શકે તેમ છે, આવી બધી માહિતી બુલઈને હોઠે રહેતી અને આ ઉપરાંત આ બધાનો ઝીણવટભર્યો હિસાબ એમની પાસે લેખિત પણ મળી રહેતો.

માળવા પ્રદેશમાં બુલઈની મદદથી જ આવી માહિતી રકબા (લેન્ડ રેકોર્ડ)માં સામેલ કરવામાં આવતી હતી અને આવો રકબો દરેક જમીનદારીમાં સુરક્ષિત રહેતો હતો. બુલઈ ક્યાંક ઢેર પણ કહેવાતા હતા.

આની માફક જ મીર્ધા હતા, જે જમીનના માપ-જોખ, હિસાબ-કિતાબ અને જમીનના ઝગડાનો નિવેડો પણ લાવતા હતા.

ઈંટ અને ચૂનાના માલનું કામ ચુનકર કરતા હતા. ફાજલ સમયમાં મીઠાનો વેપાર આમના હાથે જ થતો હતો. હાલના મધ્યપ્રદેશમાં સને ૧૯૧૧માં ચુનકરોની વસ્તી ૨૫૦૦૦ થી પણ ઉપર હતી. પેલી બાજુ ઉડીસામાં લુણીયા, મુરહા અને સાંસિયા હતા. અંગ્રેજોના સમયમાં સાંસિયા લોકોને ગુનેગાર જાતિ તરીકેની ઓળખ બતાવીને એમને સાવ કચડી નાખવામાં આવ્યા હતા.

નવા લોકો જેમ તળાવોને ભૂલતા ગયા એ જ પ્રમાણે એમને બનાવનારાઓને પણ, જેમાં એક સમયના લડિયા, દુસાધ, નૌનિયા, ગોંડ, પરધાન, કોલ, ઢીમર, ઢીંવર અને ભોઈ પણ આવે છે. એક એવો સમય હતો કે જ્યારે આ બધા લોકો તળાવના સારા જાણકાર માનવામાં આવતા હતા. આજ એમની એ જાતની ભૂમિકા સમજવા માટેની માહિતી જ આપણે ખોઈ બેઠા છીએ.

કોરી અથવા તો કોલી જાતિના લોકોએ પણ તળાવોનાં ખૂબ કામ કર્યાં હતાં. સેંકડો તળાવ બનાવનારા કોરીઓના વિષયમાં હાલ કોઈ વ્યવસ્થિત ઢંગની માહિતી દેનારી એક લીટી પણ નથી મળતી. પણ એક સમય હતો કે જ્યારે ઘણા બધા વિસ્તારો કોલી જાતિના સભ્યોને પોતાના વિસ્તારમાં વસાવવા માટે જાત જાતની સુવિધાઓ આપતા હતા. મહારાષ્ટ્ર, ગુજરાતનાં અનેક ગામોમાં એમને જે જમીનો આપવામાં આવતી હતી, એનું મહેસૂલ માફ કરી દેવામાં આવતું હતું. આવી જમીન બારા અથવા તો વારો કહેવાતી.

ખરેખર લોખંડી પુરુષો હતા અગરિયા. આ જાતિ લોઢાના કામને કારણે ઓળખાતી હતી પણ ક્યાંક ક્યાંક અગારિયા (ગાડલિયા) તળાવ પણ બનાવતા હતા. તળાવ ખોદવા માટેનાં ઓજાર, કોશ, પાવડા, બેલ, મેટાક તગારાં બનાવવાવાળા લોકો એ ઓજારોને વાપરવામાં પણ કોઈનાથી પણ પાછળ નહોતા. બેલથી બેલદાર શબ્દ બન્યો છે.

માળી સમાજ અને આ કામમાં પડેલી પરિહાર જાતિનો પણ તળાવ બનાવવામાં, તળાવ બન્યા પછી એમાં કમળ કુમુદિની વગેરે ઉગાડવામાં સહયોગ રહેતો હતો. ક્યાંક ક્યાંક તળાવના કિનારાની કેટલીક જમીન ફક્ત માળી પરિવારો માટે અનામત રાખવામાં આવતી હતી, એમનું જીવન તળાવના આધારે ચાલતું હતું અને આજીવન તેઓ તળાવનું રખોપું કરતા હતા.

ભીલ, ભીલાલે, સહરિયા, કોલ વગેરેને અત્યારે સઘળું ગુમાવીને જનજાતિની અનુસૂચિત યાદીમાં સામેલ કરી દેવામાં આવ્યા છે, પણ એક સમય હતો જ્યારે એમનાં નાનાં-મોટાં રાજ્યો હતાં અને એ રાજ્યોમાં તેઓ પાણીની, તળાવોની સંપૂર્ણ વ્યવસ્થા જાતે સંભાળતા હતા. વહેતી નદીનું પાણી કયાં રોકીને કેવો બંધારો બાંધવાનો છે અને પછી એ તળાવનું પાણી કેટલી દૂર સુધી સિંચાઈ માટે લઈ જવાનું છે એ કુશળતા ભીલ લોકો ધનુષ-બાણની માફક પોતાના ખભા પર જ રાખતા હતા. આવી રીતે બાંધવામાં આવેલા બંધારા અને તળાવોના પાણીના દબાણની એમને સારી સમજ હતી. પાણીનું દબાણ કેટલું છે અને એની સરવાણીઓ કેટલે દૂર સુધીના કૂવાઓને સજીવન કરશે એ જ્ઞાન તેઓ તીર વડે રેખા ખેંચીને બતાવી શકતા હતા.

રાજસ્થાનમાં આ કામ મીણા કરતા હતા. અલવર જિલ્લામાં નાની અમથી એક નવી સંસ્થા 'તરૂણ ભાર સંઘ' છેલ્લાં ૨૦ વર્ષોમાં ૭૫૦૦ થી વધુ તળાવો બનાવવામાં આવ્યાં છે. અઘરામાં અઘરી બાબતોમાં સંસ્થાએ બહારથી કોઈ સલાહ ન લેવી પડી, કેમ કે સ્થાનિકે તો મીણા હતા કે જેઓ કેટલીય પેઢીઓથી અહિંયાં તળાવ બનાવતા આવ્યા છે.

ભીલોમાં ઘણા ફાંટા છે. નાયક, નાયિકા, ચોલીવાલા નાયક, કાપડિયા નાયક, બડા નાયક, છોટા નાયક અને પછી તળાવિયા, ગરાસિયા બધા જ પાણીના કામના નાયક માનવામાં આવતા હતા.

નાયક અથવા મહારાષ્ટ્ર કોંકણમાં નાઈક અટક, વણજારા સમાજમાં પણ હતી. વનમાં વિચરવાળા વનચર ધીરે ધીરે વણજારા કહેવાવા લાગ્યા. આ જાતિની સ્થિતિ અત્યારે દયાજનક બનાવી દેવામાં આવી છે, પણ એક સમય હતો કે જ્યારે આ લોકો એક સ્થળેથી બીજા સ્થળે સેંકડો પશુઓ પર પોઠ ભરીને વ્યાપાર કરવા નીકળતા હતા. શેરડીના વિસ્તારમાંથી ડાંગરના વિસ્તારમાં ગોળ લઈ જાતા અને પછી ડાંગર લઈને બીજા વિસ્તારોમાં વેચવા જતા. હતા.

શાહજહાંના વજીર આસફજહાં સને ૧૬૩૦માં જ્યારે દક્ષિણમાં ગયા હતા તો એમની ફોજનો સામાન ભંગી-જંગી નામના નાયક વણજારાના બળદો પર લાદ્યો હતો. બળદોની સંખ્યા હતી એક લાખ એંસી હજાર. ભંગી -જંગી વિના શાહી ફોજ હલી પણ શકતી નહીં. એમની પ્રશંસામાં વજીર આસફજહાંએ એમને સોનાથી લખેલું એક તામ્રપત્ર ભેટ આપ્યું હતું.

વર્ણનોમાં ક્યાંક અતિશયોકિત હશે પણ એમના કાફલામાં પશુ એટલાં બધાં હતાં કે ગણવું પણ અઘરું થઈ પડતું હતું. ત્યારે એ એક લાખ પશુઓનો કાફલો માનવામાં આવતો

હતો. અને આવી ટુકડીનો મુખી લાખો વણાજારો કહેવાતો હતો. હજારો પશુઓના આ કાફલાને સેંકડો લોકો સંભાળતા હતા. એમના એક દિવસના પડાવ ઉપર પાણીની કેટલી જરૂર પડતી હશે એનો અંદાજ લગાવી શકાય તેમ છે. જ્યાં આ જાય, ત્યાં જો અગાઉથી બનેલુંએ તળાવ ન હોય તો ત્યાં તળાવ બનાવવું એ તેઓ પોતાની ફરજ સમજતા હતા. મધ્યપ્રદેશના સાગર નામની જગ્યામાં બનેલું મોટું અને સુંદર તળાવ આવા જ કોઈ લાખા વણાજારાએ બનાવ્યું હતું. છત્તીસગઢમાં આજે પણ કંઇ કેટલાંય ગામોમાં લોકો પોતાના તળાવને કોઈક લાખા વણજારાની સાથે જોડીને વાત કરે છે. આ અજાણ લાખા વણજારાના હાથે બનેલા જાણીતા તળાવોની યાદીમાં કેટલાય પ્રદેશોનાં નામ સમાવિષ્ટ થઈ જશે.

ગોંડ સમાજનો તળાવોની સાથે બહુ જ ઘનિષ્ઠ સંબંધ રહેલો છે. મહાકૌશલમાં ગોંડ સમાજનો આ ગુણ ઠામ-ઠામ તળાવોના રૂપમાં વિખરાયેલો જોવા મળશે. જબલપુરની પાસે ઠેકઠેકાણે કૂડને બનાવેલું તળાવ આજે લગભગ એક હજાર વર્ષ પછી પણ કામ આપી રહયું છે. આ સમાજમાં જ રાણી દુર્ગાવતી થઈ, જેણે પોતાના ખૂબ ટૂંકા ગાળામાં એક મોટા ભાગને તળાવોથી ભરી દીધો હતો.

ગોંડ લોકો કેવળ તળાવ બનાવતા બનાવડાવતા જ નહોતા, પણ તળાવ બનાવનારા બીજા લોકોનું પણ ખૂબ સન્માન કરતા હતા. ગોંડ રાજાઓએ ઉત્તર ભારતથી કોહલી સમાજના લોકોને આજના મહારાષ્ટ્ર રાજયના ભંડારા જિલ્લામાં ઉત્સાહપૂર્વક વસાવ્યા હતા. ભંડારામાં પણ આ કારણે જ બહુ જ સરસ તળાવો જોવા મળે છે.

મોટાં તળાવોની યાદીમાં સૌથી પહેલું આવતું પ્રસિદ્ધ ભોપાલ તાલ બનાવડાવ્યું તો હતું રાજા ભોજે પણ આખીય યોજના કાલિયા નામના ગોંડ સરદારના સહયોગથી જ પૂરી થઈ શકી હતી. ભોપાલ-હોશંગાબાદની વચ્ચે આવતી ખીણમાં વહેતી કાલિયાસોત નદી આ ગોંડ સરદારના નામે યાદ કરાય છે.

ઓઢિયા, ઓઢહી, ઓરહી, ઓડ, ઔડ - જેમ જેમ સ્થાન બદલા તેમ તેમ એમનાં નામ બદલાતાં હતાં, પણ કામ એક જ હતું દિવસરાત તળાવ અને કૂવા ખોદવાનું. એટલા બધા કે ગણવા ભારે પડે. આવા લોકો માટે જ કહેવત બની હતી કે ઓડ લોકો દરરોજ નવા કૂવાનું પાણી પીએ છે. બનાવનારા લોકો અને બનવાનારી ચીજના એકાકાર હોવાનું આથી સારું ઉદાહરણ ભાગ્યે જ મળે કેમ કે કૂવાનું એક નામ ઓડ પણ છે. આ લોકો પશ્ચિમમાં છેક ગુજરાત-રાજસ્થાન, ઉત્તર પ્રદેશ ખાસ કરીને બુલંદશહેર અને તેની આજુ-બાજુનો પ્રદેશ, મહારાષ્ટ્ર, મધ્યપ્રદેશ, ઓરીસ્સા સુધી ફેલાયેલા હતા. આમની સંખ્યા પણ ઘણી હશે. ઓરીસ્સામાં કયારેક કોઈક સંકટ આવવાથી નવ લાખ ઓઢીઓ ધાર નગરી પહોંચ્યાની વાતો મળે છે. આ લોકો ગધેડા પાળતા હતા. કયાંક આ લોકો ગધેડાથી માટી ઉપાડીને માત્ર

પાળ બનાવતા હતા, તો ક્યાંક વળી તળાવની માટી ખોદતા. મોટાભાગે સ્ત્રી-પુરુષ એક સાથે કામ કરતાં હતાં. ઓઢી લોકો માટીના સારા જાણકાર હતા. માટીનો રંગ અને માટીની ગંધ જોઈને એનો સ્વભાવ પારખી શકતા હતા. માટીનો થર અને એના દબાણના પણ જ્ઞાતા હતા. રાજસ્થાનમાં તો આજે પણ કહેવત છે કે ઓઢી કદી દબાઈને નથી મરતા.

પ્રસિદ્ધ લોકનાયિકા જસમા ઓડણ ધાર નગરીના આવાજ કોઈ એક તળાવમાં કામ કરી રહી હતી ત્યારે રાજા ભોજે એને જોઈને પોતાનું રાજ-પાટ સુદ્ધાં છોડવાનો નિર્ણય કરી લીધો હતો. રાજાએ જસમાને સોનાની બનેલી એક અપ્સરાની જેમ જોઈ હતી. પરંતુ ઓડ પરિવારમાં જન્મી જસમા પોતાને, પોતાના શરીરને તો શું પણ આ દુનિયા સુદ્ધાંને માટી માનનારી પરંપરાનો એક ભાગ હતી. વાર્તા આ બતાવે છે કે જસમાને મેળવવા માટે રાજા જે પણ કંઈ કરવું પડે એ કરવા તૈયાંર હતો, પોતાના કર્તવ્યને છોડીને જે નહોતું કરવા જેવું એ પણ કરવા લાગ્યો હતો. જસમા એવા રાજાની રાણી થતાં પહેલાં મરી જવાનું પસંદ કરે છે. રાજાનું નામ તો ભૂલાઈ ગયું પરંતુ જસમા ઓડણનું નામ તો આજેય ઓરિસ્સાથી લઈ ને છત્તીસગઢ, મહાકોસલ, માળવા, રાજસ્થાન અને ગુજરાતમાં ફેલાયેલું છે. સેંકડો વર્ષો વીતી ગયાં છે, આ ક્ષેત્રોમાં પાકની કાપણી પછી આજે પણ આખીય રાત સુધી જસમા ઓડણનાં ગીતો ગાવામાં આવે છે, ભવાઈ ભજવાય છે. ભવાઈથી માંડીને ભારત-ભવન, રાષ્ટ્રીય નાટક વિદ્યાલયમાં પણ જસમાનાં ચરણો પડયાં છે.

જસમા ઓડણનો યશ તો લોકોના મનમાં ઠસી રહયો છે પણ ઓડ લોકોનાં તળાવો અને કૂવાઓનો જશ નવા લોકોએ ભૂલાવી દીધો છે. જે ખરેખર રાષ્ટ્ર નિર્માતા હતા, એમને અનિશ્ચિત રોજી રોટીની પાછળ શોધમાં ભટકવા માટે લાચાર કરી દેવામાં આવ્યા છે. કેટલાય ઓડ આજે પણ એ જ કામ કરે છે. નહેરને બનાવવા માટે હજારો ઓડ લાગ્યા હતા. પણ જશ ચાલ્યો ગયો છે એમનો.

ઓરિસ્સામાં ઓડ સિવાય સોનપુરા અને મહાપાત્રે પણ તળાવ અને કૂવાના નિર્માતા હતા. આ લોકો ગંજામ પુરી કોણાર્ક અને આસપાસનાં ક્ષેત્રોમાં ફેલાયેલા હતા. સોનપુરા બાલંગીર જિલ્લાના સોનપુર ગામના લોકો હતા. એક બાજુ આ લોકો મધ્યપ્રદેશ બાજુ જતા હતા તો બીજી બાજુ નીચે આંધ્રપ્રદેશ સુધી.ખરિયા જાતિ રામ ગઢ, બિલાસપુર અને સરગુજાની આજુબાજુ તળાવ, બંધારા અને નહેરોનું કામ કરતી હતી. ૧૯૭૧ની વસતી ગણતરી વખતે એમની સંખ્યા ત્રેવીસ હજાર જેટલી હતી.

બિહારમાં મુસહર, બિહાર સાથે જોડાયેલા ઉત્તરપ્રદેશના ભાગમાં લુનિયા, મધ્યપ્રદેશમાં નૌનિયા, દુસાધ અને કોલ જાતિ પણ તળાવ બનાવવામાં મગ્ન રહેતી હતી. મુસહર, લુનિયા

અને નૌનિયા ત્યારે આજના જેવા લાચાર નહોતા. અઢારમી સદી સુધી મુસહરોને તળાવ પૂરા થવાના સમયે યોગ્ય મહેનતાણાં ઉપરાંત જમીન પણ આપવામાં આવતી હતી. લૂનિયા-નૌનિયાની તળાવ સંપૂર્ણ થયા પછી પૂજા કરવામાં આવતી હતી. માટીના પારખુ મુસહરનું સમાજમાં અનોખું સ્થાન હતું. કોઈ સમયે ચોહરમલ એમના સમર્થ નેતા હતા. શ્રી સલેસ (શૈલેશ) દુસાધના પૂજ્ય હતા. એમનાં ગીતો ઠેકઠેકાણે પર ગવાય છે. અને એમને બીજા લોકો પણ માન આપે છે. દુસાધ જ્યારે પણ શ્રી સલેસનો યજ્ઞ કરે છે ત્યારે બીજી જાતિના લોકો પણ એમાં ભાગ લે છે.

એજ વિસ્તારમાં એક ડાંઢી નામની જાતિ વસતી હતી. કઠણ અને ભારે કામ કરવા માટે પ્રસિદ્ધ હતી અને એમાં તળાવ અને કૂવાની ગણના થાય છે જ. બિહારમાં આજે પણ કોઈ અઘરા કામનો ઉકેલ ન સૂઝે તો કહેવામાં આવે છે કે ''ડાંઢી લગા દો'' ડાંઢી બહુ જ સુંદર અને મજબૂત પ્રકારની જાતિ હતી. આ જાતિના સુડોળ, સ્નાયુબદ્ધ શરીર અઘરામાં અઘરું કામ સરળતાથી કરી શકતાં.

આજના બિહાર અને બંગાળમાં વસતા સંથાલ પણ સુંદર તળાવ બનાવતા હતા. સંથાલ પરગણામાં મોટા પ્રમાણમાં નષ્ટ થયા બાદ પણ કેટલાંય તળાવો સંથાલોની કુશળતાની યાદ અપાવતાં મોજુદ છે.

મહારાષ્ટ્રના નાસિક ક્ષેત્રમાં કોહલીઓ દ્વારા એટલા બંધારા અને તળાવો બન્યાં હતાં કે આ ભાગમાં દુકાળની જરાપણ છાયા નહોતી જોવા મળતી. સમુદ્ર તટ પર આવેલા ગોવા અને કોંકણ પ્રદેશ ભારે વર્ષાના પ્રદેશ છે. પણ અહીં વરસાદનું મીઠું પાણી જોતજોતામાં ખારા પાણીના વિશાળ સમુદ્રમાં ભળી જાય છે. અહીં ગવળી જાતિની નિપુણતા હતી. પશ્ચિમ ઘાટના ડુંગરાઓ ઉપરથી નીચે સુધી કેટલાંય તળાવોમાં વરસાદનું મીઠું પાણી રોકીને આખું વર્ષ ચલાવતા હતા. અહીં અને આના સાથે જોડાયેલા કર્ણાટકના ઉત્તર તરફના ઉત્તરી કન્નડ ક્ષેત્રમાં ચીરે નામનો પત્થર મળી આવે છે. ભારે વરસાદ અને તેજ પ્રવાહને આ પત્થરના સહારે બાંધવામાં આવે છે. ચીરે પત્થરોને ખાણમાંથી લાવીને એક ખાસ આકારમાં ઘડવામાં આવે છે. એ આકારમાં આજે પણ એક રત્તીભર પણ પરિવર્તન નથી આવ્યું.

આટલું વ્યવસ્થિત કામ કોઈ વ્યવસ્થિત માળખા વિના ન બની શકે. બુદ્ધિ અને સંગઠનનો એક સરસ તાલમેલ ઊભો કર્યા વિના દેશમાં આટલાં બધાં તળાવો ન તો બની શકતાં હતાં, ન ટકી શકતાં હતાં. આ સંગઠન કેટલું ચુસ્ત, સશક્ત રહ્યું હશે, આ પ્રશ્નનો ઉત્તર દક્ષિણની એક ઝલક જોવાથી મળે છે.

દક્ષિણમાં સિંચાઈના હેતુ માટે બનાવવામાં આવતાં તળાવને એરી કહેવામાં આવે છે.

ગામે ગામ એરી હતાં, અને ઉપેક્ષાનાં લગભગ બસો વર્ષોના કાળ પછી પણ એમાંની હજારો એરીઓ આજે પણ સેવા કરી રહી છે. ગામમાં પંચાયતની અંદર જ એક બીજી સંસ્થા હતી. એરી વાર્યમ્. એરી વાર્યમમાં ગામના છ સભ્યોની એક વર્ષ માટે નિયુક્તિ કરવામાં આવતી હતી. એરી સંબંધી દરેક કામ-એરી બનાવવી, એની સારસંભાળ, સિંચાઇની યોગ્ય અને નિષ્પક્ષ વ્યવસ્થા કરવી એરી વાર્યમ્‌ની જવાબદારી હતી. વાર્યમ્‌ના છ સભ્યો આ કામને યોગ્ય રીતે ન કરે તો એમને એમની મુદત પહેલાં હટાવી શકાતા હતા.


અહીં એરી બનાવવાનું કામ વોદ્દાર કરતા હતા, સિંચાઈની સમગ્ર વ્યવસ્થા માટે એક ખાસ પદ હતું. તેને અલગ અલગ વિસ્તારોમાં નીરઘંટી, નીરગંટી, નીરઆની, કંબક્કટ્ટી અને માઈયન થોટ્ટી નામથી ઓળખવામાં આવતા હતા.

તળાવમાં કેટલું પાણી છે, કેટલાં ખેતરોને પિયત કરવાનું છે, પાણીનું કેવી રીતે વિતરણ કરવાનું છે, આ બધાં કામો નીરઘંટી કરતા હતા. નીરઘંટીનું સ્થાન અનેક ક્ષેત્રોમાં માત્ર હરિજનને જ આપવામાં આવતું હતું અને સિંચાઈની બાબતમાં એનો નિર્ણય સર્વોપરી ગણાતો હતો. ખેડૂત ગમે એટલો મોટો હોય તો પણ આ મામલામાં એ નીરઘંટીથી નાનો જ ગણાતો હતો.

દક્ષિણમાં એક બાજુ નીરઘંટી જેવા હરિજન હતા તો પશ્ચિમમાં પાલીવાલ જેવા બ્રાહ્મણ પણ હતા. જેસલમેર, જોધપુર પાસે દસમી સદીમાં પલ્લીનગરમાં વસવાને લીધે એ લોકો પલ્લીવાલ કે પાલીવાલ કહેવાયા. આ બ્રાહ્મણો મરુભૂમિમાં વરસતા થોડા અમથા પાણીને પણ સંપૂર્ણપણે રોકવામાં પ્રવીણ હતા. તેઓ ખડીન (આડબંધ) ના સારા નિર્માતા હતા. મરુભૂમિનો કોઈ પણ થોડો મોટો ટુકડો કે જ્યાં પાણી વહીને આવતું હોય ત્યાં બે કે ત્રણ તરફથી પત્થર અને માટીનો પાળો કરીને પાણીને રોકીને વિશિષ્ટ ઢંગનો તૈયાર આડબંધવાળા ખેતરને ખડી ન કહેવામાં આવે છે. ખડીન ખેતર તો પછી છે, પહેલાં તો તળાવ જ છે. મરુભૂમિમાં સેંકડો મણ અનાજ આ ખડીનોમાં પેદા કરવામાં આવે છે. આજ પણ જોધપુર, જેસલમેર, બાડમેર વિસ્તારમાં સેંકડો ખડીન ખડી છે.

પરંતુ પાણીના કામ ઉપરાંત જીવનમાં સ્વાભિમાન પણ શું ચીજ છે, એ પાલીવાલ જ જાણતા હતા. જેસલમેરમાં કંઈ કેટલાય ગામો પાલીવાલનાં હતાં. રાજા સાથે કોઈક જાતનો વિવાદ થયો. બસ રાતોરાત પાલીવાલોએ ગામે ખાલી કરી નાખ્યાં . એક એકથી ચડિયાતાં સુંદર, કીમતી ઘર, કૂવા, ખડીન સઘળું છોડીને પાલીવાલ રાજ્યની બહાર નીકળી ગયા. આજે એમનાં વેરાન ગામ અને ઘર જેસલમેરમાં પ્રવાસીઓને ગાઈડ બહુ જ ગર્વપૂર્વક બતાવે છે. પાલીવાલ ત્યાંથી નીકળીને ક્યાં ક્યાં ગયા એનો ઠીક ઠીક અંદાજ તો નથી પણ એક મુખ્ય ધારા આગ્રા અને જોનપુરમાં આવીને વસી.

મહારાષ્ટ્રમાં ચિત્તપાવન બ્રાહ્મણો પણ તળાવ નિર્માણમાં જોડાયેલા હતા. કેટલાક અન્ય બ્રાહ્મણોને આ ઠીક ન લાગ્યું કે બ્રાહ્મણ માટી ખોદે અને ઉપાડે ! કથા છે વાસુદેવ ચિતળે નામના ચિત્તપાવન બ્રાહ્મણની.



વાસુદેવે કેટલાંય તળાવ, વાવડી અને કૂવા બનાવ્યા હતા. જ્યારે તેઓ પરશુરામ ક્ષેત્રમાં એક વિશાળ સરોવર બનાવી રહયા હતા અને એમના કારણે અનેક બ્રાહ્મણો પણ માટી ખોદી રહયા હતા તો દેવરુખ નામના સ્થળેથી આવેલા બ્રાહ્મણોના એક સમૂહે એમનો વિરોધ કર્યો. ત્યારે વાસુદેવે એમને શાપ આપ્યો કે, જે કોઈ બ્રાહ્મણ તને સાથ આપશે તે નિસ્તેજ બનીને લોકનિંદાનું પાત્ર બનશે. એ ચિત્તપાવનના શાપથી પાછળથી દેવરૂખ વિસ્તારના બ્રાહ્મણો નિસ્તેજ થયા કે નહીં, લોકનિંદાના શિકાર બન્યા કે નહીં, ખબર નથી. પરંતુ ચિત્તપાવન બ્રાહ્મણોએ પોતાના વિસ્તારમાં અને દેશમાં પણ હરેક બાબતમાં પોતાની વિશિષ્ટ છાપ છોડી છે.

કહેવામાં આવે છે કે પુષ્કરણા બ્રાહ્મણોને પણ તળાવોએ જ એ સમયે સમાજમાં બ્રાહ્મણનો દરજ્જો અપાવ્યો હતો. જેસલમેરની પાસે પોકરણમાં રહેવાવાળો આ સમૂહ તળાવ બનાવવાનું કામ કરતો હતો. એમને પ્રસિદ્ધ તીર્થ પુષ્કરજીનું તળાવ બનાવવાનું કામ સોંપવામાં આવ્યું હતું. ચોતરફ રેતીથી ઘેરાયેલા બહુ જ કઠણ વિસ્તારમાં આ લોકોએ દિવસ-રાત એક કરીને સુંદર તળાવનું નિર્માણ કર્યું. જ્યારે એ ભરાયું ત્યારે પ્રસન્ન થઈને એમને બ્રાહ્મણનો દરજ્જો આપવામાં આવ્યો. પુષ્કરણા બ્રાહ્મણોના ઘરે ત્રિકમ આકારની મૂર્તિની પૂજા કરવામાં આવે છે.

પોતાના આખાય શરીર ઉપર રામનામનાં છૂંદણા છૂંદવાવાળા અને રામનામની ચાદર ઓઢવાવાળા છત્તીસગઢના રામનામી તળાવોના ખૂબ સારા જાણકાર હતા. એમને માટે

માટીનું કામ રામનું જ નામ હતું. રાયપુર, બિલાસપુર અને રાયગઢ જિલ્લાઓમાં વિસ્તરેલા આ સંપ્રદાયના લોકો છત્તીસગઢ વિસ્તારમાં ફરી ફરી ને તળાવ ખોદતા હતા. સંભવતઃ આમ ફરતા રહેત એમને બંજારા પણ માની લેવામાં આવ્યા. છત્તીસગઢમાં કેટલાંય ગામોમાં લોકો એમ કહેતા મળી આવે કે એમનું તળાવ બંજારા લોકોએ બનાવ્યું હતું. રામનામી પરિવાર હિંદુ હોવા છતાં પણ અંતિમ સંસ્કાર વખતે અગ્નિદાહ નહોતા દેતા, શબને માટીમાં દફન કરવામાં આવતા હતા. કેમ કે એમને માટે માટીથી મોટું કંઇ નથી. જીવનભર રામનું નામ લઇને તળાવનું કામ કરવાવાળાને માટે જીવનના પૂર્ણવિરામની આથી પવિત્ર બીજી કઇ રીત હોઇ શકે ?



આજે આ સઘળાં નામો અનામ બની ગયાં છે. એમનાં નામોને સ્મરણ કરવાની આ નામમાળા, ગજધરથી લઇને રામનામી સુધીની નામ-માળા અધૂરી જ છે. બધી જગ્યાઓએ તળાવો બનતાં હતાં અને બધે ઠેકાણે એને બનાવવાવાળા લોકો હતા.

સેંકડો, બલ્કે હજારો-લાખો તળાવ શૂન્યમાંથી પ્રગટ નહોતાં થયાં પરંતુ એને બનાવવાનારા લોકોને આજે શૂન્ય બનાવી દેવામાં આવ્યા છે.

# સાગરનું આગર

તળાવ સ્વયં એક મોટું શૂન્ય છે.

પરંતુ તળાવ કંઈ પશુની ખરીથી બનેલો એવો કોઈ ખાડો તો નથી કે જેમાં વરસાદનું પાણી પોતાની મેળે ભરાઈ જાય ! આ શૂન્યને બહુ સમજી-વિચારીને, ખૂબ આયોજનપૂર્વક બનાવવામાં આવે છે. નાનકડાથી માંડીને તે એક મોટા સુંદર તળાવના કેટલાય અંગ-પ્રત્યંગ હોય છે. દરેકનું એક વિશેષ કામ હોય છે. અને તેથી દરેકનું એક વિશેષ નામ પણ. તળાવની સાથે સાથે આ એને બનાવવાનારા સમાજની ભાષા અને બોલીની સમૃદ્ધિનો પુરાવો હતો. પણ જેમ જેમ સમાજ તળાવની બાબતમાં ગરીબ બન્યો છે, તેમ તેમ ભાષામાંથી પણ આ નામો, શબ્દો ધીરે ધીરે લુપ્ત થતા ગયા છે.

વાદળો બન્યાં, ઘેરાયાં અને પાણી જ્યાં પડયું, ત્યાં કોઈ જગ્યા એવી હોય છે જ્યાં પાણી ભરાય છે એક ક્રિયા છે : આગરવું શબ્દ આગૌર એટલે કે એકત્ર કરવું, એનાથી બન્યો છે આગોર, આગૌર તળાવનું એ અંગ છે, જ્યાંથી એનું પાણી કેટલાય ભાગોમાં એક જ દિશા તરફ આવે છે આ એ ઢાળ છે જ્યાં વરસેલું પાણી નીકળે છે. એનું એક નામ પાનઢાલ છે. આગોરને મધ્યપ્રદેશના કોઈ ભાગમાં પૈઠુ, પૌરા અથવા પૈન કહે છે. આ અંગને માટે હમણાં હમણાં આપણે પુસ્તકો, છાપાઓમાં એક નવો શબ્દ ચલાણી બન્યો છે-જલાગમ ક્ષેત્ર. આ અંગ્રેજી શબ્દ કેચમેન્ટમાંથી લીધેલો અનુવાદી, બનાવટી અને અમુક હદ લગી ખોટો શબ્દ છે. જલાગમનો અર્થ વર્ષાઋતુ થાય છે.

આગૌરનું પાણી જ્યાં આવીને ભરાશે એને તળાવ નથી કહેતા. એ છે આગર તળાવ તો સઘળાં અંગ-પ્રત્યાંગોનો કુલ સરવાળો છે. આગર એટલે કે ઘર, ખજાનો. તળાવાનો ખજાનો છે આગર જયાં બધું પાણી આવીને જમા થાય છે. રાજસ્થાનમાં આ શબ્દ તળાવ સિવાય પણ વપરાય છે. રાજ્ય પરિવહનની બસોના ડિપો પણ આગર કહેવાય છે. આગરા નામ પણ આનાથી જ બન્યું છે. આગર નામનાં કેટલાંક ગામો પણ કેટલાંય પ્રદેશોમાં મળી આવશે.

આગૌર અને આગર, સાગરનાં બે મુખ્ય અંગો માનવામાં આવે છે. આને જુદા-જુદા વિસ્તારોમાં કેટલાંક અન્ય નામોથી પણ ઓળખવામાં આવે છે. કયાંક એ શબ્દો મૂળ સંસ્કૃતમાંથી ઘસાતાં ઘસાતાં બોલીમાં સરળ બની જતાં દેખાય છે તો કયાંક વળી ગ્રામીણ

વિસ્તારમાં બોલાતી બોલીમાં મૂળ સંસ્કૃત દેખાય છે. આગોર ક્યાંક આવે છે, તો ક્યાંક પાયતાન, એટલે કે જ્યાં તળાવના પગ પ્રસર્યા હોય. આયતન એટલ કે પ્રસરેલો ભાગ સાંકડો બની જાય એટલ કે આગર. આને ક્યાંક ક્યાંક ભરાવ પણ કહે છે. આંધ્રપ્રદેશમાં પહોંચીને આ પરિવાહ પ્રદેશમ્ કહેવાય છે. આગોરમાં આગોરમાંથી પાણી આવે છે પણ ક્યાંક ક્યાંક આગરની વચ્ચોવચ કૂવો પણ ખોદે છે. આ સ્રોતમાંથી પણ તળાવમાં પાણી આવે છે.આને બોગલી કહે છે. બિહારમાં બોગલીવાળાં સેંકડો તળાવો છે. બોગલીનું એક નામ ચૂહર પણ છે.

પાણીના આ આગરનું કીમતી ખજાનાનું રક્ષણ કરે છે પાલ. પાલ શબ્દ પાલકમાંથી બન્યો હશે. આ ક્યાંક ભીંડ કહેવાયો અને આકારમાં જે નાનો હોય તો પીંડ. ભીંડનું ભિંડ પણ છે બિહારમાં. અને ક્યાંક મહાર પણ. પુશ્તા શબ્દ પાછળથી આવ્યો જણાય છે. કેટલાંક ક્ષેત્રોમાં આ પાર છે. નદીની પારની માફક કિનારાના અર્થમાં પારની સાથે આર પણ છે. આર,પાર અને તળાવના આ પારની પેલે પારને આર-પાર અથવા પાર-આરને બદલે પારવાર પણ કહે છે. આજ પારાવાર શબ્દ તળાવ અથવા પાણીમાંથી નીકળીને આનંદની માત્રા બતાવવાને માટે ઉપયોગમાં લેવાય છે. પણ પહેલાં આ પાણીના આનંદનો પારવાર રહયો હશે.


પાર અથવા પાલ બહુ જ મજબૂત હોય છે. પણ તેને રખેવાળની રખેવાળી ન હોય તો આગોરમાંથી આગરમાં સતત ભરાવનારું પાણી આને ક્યારે પાર કરી લે એને ત્યારે એનો પ્રચંડ વેગ અને પ્રચંડ શક્તિ આને જોત જોતામાં તોડી નાંખી છે. તળાવને ફાટી જતું બચાવવા માટેના આ અંગનું નામ છે અફરા. આગર તો છે તળાવનું પેટ એ અમુક સીમા સુધી તો ભરવું જ જોઈએ, ત્યારે જ તળાવનો વર્ષભર સુધીનો કંઈકેય અર્થ છે. પણ એ સીમાને પાર કરી લે તો પાળ ઉપર જોખમ છે. પેટ પૂરું ભરાઇ ગયું, આફરી ગયું તો હવે એને ખાલી કરવું જોઈએ. આ કામ અફરા કરે છે, અને પેટના ફાટવાથી, તળાવની પાળ તૂટવાથી બચાવે છે.

આનાં કેટલાંય નામો છે. અફરા ક્યાંક અપરા બની ગયું છે. ઉબરા, ઓબરા પણ છે, રાજસ્થાનમાં આ સઘળાં નામો પ્રચલિત છે. વરસાદ ખૂબ સારો થાય અને તળાવ છલોછલ ભરાઈને વધારાનું પાણી છલતી ઉપરથી છલકવા લાગે તો અપરા ચાલી અને મધ્યપ્રદેશ અને ઉત્તરપ્રદેશનો ઘણા ભાગોમાં આને ચાદર ચાલી એમ પણ કહે છે. છત્તીસગઢ તરફ આ અંગનું નામ છે છલકા-પાળને તોડ્યા વિના જ્યાંથી પાણી છલકી જાય. કચ્છીમાં તેને ઓગન કહે છે.

આ અંગનું જૂનું નામ ઉચ્છવાસ હતું, બહાર કાઢવાના અર્થમાં. નિકાસથી આને નિકાસી પણ કહે છે. પણ છેક સંસ્કૃતમાંથી આવ્યું છે નેષ્ટા. રાજસ્થાનના થર વિસ્તારમાં, જેસલમેર, બીકાનેર, જોધપુરમાં બધી જગ્યાએ ગામડાઓમાં, શહેરોમાં એક પણ માત્રા ખોયા વિના નેષ્ટા જ કહેવાય છે. સરહદ પાર સિંધ પ્રદેશમાં પણ આ અંગ એ નામ થી ઓળખાય છે. આને દક્ષિણમાં કાલંગલ કહે છે તો બુંદેલખંડમાં બગરન એટલે કે જ્યાંથી તળાવનું વધારાનું પાણી વહી જાય.

નેષ્ટાને પહેલા વર્ષ નાની બનાવે છે. પાળથી બહુ નીચી. નવી પાળ પણ પાણી પીશે, થોડી બેસશે, એટલે તળાવમાં વધારે પાણી રોકવાની લાલચ નથી કરતા. પણ એક વરસાદ પછી પાળ પાકી થઈ જાય તે પછીના વર્ષે નેષ્ટાને વધારે ઊંચી બનાવે છે. ત્યારે તળાવ વધુ પાણી રોકવા સક્ષમ બની જાય છે.

ઓગન માટીની પાળનો એક ઓછો ઊંચો ભાગ છે પણ એની પરથી તો પાણી વહેવાનું છે તેથી આને પાકું એટલે કે પત્થર-ચૂનાનું બનાવવામાં આવે છે. ઓગનની અડખે-પડખેનો ભાગ અર્ધગોળાકાર બને છે, જેથી પાણીનો વેગને તોડી શકાય. આ ગોળાઈવાળો ભાગ પંખા આકારનો બનાવે છે. આ ગોળાઈવાળા ભાગનું નામ છે પાંખ. જો આ ભાગ તળાવને બદલે નાની નદી યા નાળા બને તો તેને ઓડ કહે છે પાંખના આકારને કારણે તેથી એને પંખા પણ કહે છે.




નેષ્ટા આમ તો છે શુદ્ધ ટેકનિકલ અંગ પરંતુ કયાંક કયાંક એવાં પણ નેષ્ટા બનતાં હતાં જે ટેકનીકલ હોવાં છતાં પણ એ કલા-પક્ષને સ્પર્શ કરતી હતી. જે સિદ્ધહસ્ત ગજધરોનું આ પહેલાં વર્ણન કરવામાં આવ્યું છે. એમનાં હાથે આવાં કલાત્મક કામો સહજ જ બનતાં હતાં. રાજસ્થાનના જોધપુર જિલ્લામાં એક નાનકડું શહેર છે ફલૌદી. ત્યાં શિવસાગર નામનું એક તળાવ છે. આનો ઘાટ લાલ પત્થરથી બનાવ્યો છે. આ ઘાટ પ્રથમ સીધી રેખામાં બન્યો અને પછી આગળ જતાં એકાએક સુંદર સર્પાકાર રૂપ લે છે. આવી અર્ધવૃત્તાકાર ગોળાઇ તળાવમાંથી નીકળતા વધારાના પાણીના વેગને ઘટાડે છે. ભૂમિતિનો આ સુંદર ખેલ કોઈ જાતના બેડોળ ટેકનિકલ ભાર વિના, સાચેસાચ રમતાં-રમતાં જ વધારાના પાણીને બહાર કાઢીને શિવસાગર તળાવનું રક્ષણ અત્યંત કલાત્મક રીતે કરે છે.

ફરી પાછા તળાવની આગોર પર આવીએ. અહિંયાથી પાણી આવે છે માટી તથા રેતીને રોકવાની છે. આને માટે પાણીનાં નાનાં ઝરણાંઓને આમ-તેમ વળાંકો આપીને કેટલીક મુખ્ય આગોરને આગરની બાજુ વાળવામાં આવે છે. અને તળાવના આગરમાં પહોંચવાના ઘણાં પહેલાં આ આગોરને આડશ આપવામાં આવે છે. જેનો આકાર પશુઓની ખરી જેવો હોવાથી એને ખુરા કહેવામાં આવે છે. મોટા મોટા પથ્થર એવી રીતે ગોઠવવામાં આવે છે કે જેમાંથી ફકત પાણી નીકળી આવે, પણ જયાં માટી અને રેતી જમા થઇ જાય, આમ પાણી ગળાઈને આવે.

રણપ્રદેશમાં રેતીનું પ્રમાણ મેંદાની પ્રદેશની તુલનામાં કયાંય વધારે હોય છે. એટલા માટે ત્યાં તળાવમાં ખુરા ઘણા જ વ્યવસ્થિત, કાચાને બદલે પાકા વધારે બને છે. પથ્થરોને ચૂનાના ગારાથી ચણીને બે માળવાળું ચણતર કરવામાં આવે છે કે જેમાં ઉપરના માળમાં રાખવામાં આવેલાં કાણાં અને મૂકવામાં આવેલી બારીઓમાંથી પાણી આવે છે. અને નીચે બનાવેલી નાલીમાં જાય છે. અહીંથી પાણી સાથે આવેલાં રેતી, કાંકરા, માટી જેવો ભારે પદાર્થ બેસી જાય છે અને અહીંથી પહેલા માળવાળી બારીમાંથી પાણી બહાર નીકળીને તળાવના પેટ (આગોર) તરફ આગળ વધે છે. કંઇ કેટલાંય પ્રકારના આડી-અવળી, ઊંચી-નીચી બારીઓમાંથી ગળાઈને પાણીને તળાવમાં મોકલવાની આખાય માળખાને છેદી કહેવામાં આવે છે.

આ રીતે રોકાયેલી માટીનાં પણ કેટલાંય નામ છે. કયાંક આને સાદ કહે છે, ગાદ પણ છે, લદ્દી પણ છે તો કયાંક વળી તલછટ પણ કહે છે. પૂરેપૂરી સંભાળ રાખ્યા પછી પણ પ્રતિવર્ષ પાણીની સાથે થોડી ઘણી માટી આગરમાં આવી જ જાય છે. તેને સાફ કરવાના પ્રસંગો અને યુકિતઓની પરંપરા પણ ખૂબ વ્યવસ્થિત છે, પણ એનું વર્ણન પછી કરીશું.

અત્યારે હજુ પાળની વાતો લઈએ. પાળ ક્યાંક સીધી, ક્યાંક અર્ધચંદ્રાકાર, બીજના ચંદ્ર જેવી બને છે. તો ક્યાંક વળી આપણા હાથની કોણીની માફક એમાં વળાંક આપવામાં પણ આવે છે. આ વળાંકને કોણી કહે છે. જ્યાં ક્યાંય પણ આગોરમાં આવતા પાણીનો સીધો માર પાળ પર પડી શકે તેમ હોય, ત્યાં પાળને મજબૂત બનાવવા માટે પાળમાં કોણી બનાવે છે.



જ્યાં ક્યાંય સંભવ છે, શક્તિ છે. ત્યાં પાળ અને પાણીની વચમાં પથ્થર ગોઠવવામાં આવે છે. આ પથ્થરોને ગોઠવીને ચણતર કરવાની ક્રિયાને જુહાના કહે છે. નાના પત્થરોને જે ગારાથી ચણવામાં આવે છે એ ગારામાં રેતી, ચૂનો, બીલીફળ, ગોળ, ગુંદા અને મેથી મેળવવામાં આવતી હતી. ક્યાંક ક્યાંક રાળ પણ. જૂના મોટા વજનદાર પથ્થરોને ખીલ પદ્ધતિએ જોડવામાં આવે છે તેમાં એક પથ્થરમાં છેદ કરીને બીજામાં એ આકારની ખીલી ભરાવી દેતા હતા. ક્યારેક મોટા પથ્થરોને લોઢાની પટ્ટીથી જોડવામાં આવતા. માફક ખાંચા અને ચીપની રીતથી જોડવામાં આવતા હતા. આવી ચીપને ઝોંકી અથવા આંકડો કહેતા હતા.પથ્થરની પાટો પાળની માટીને તળાવના આગરમાં ધસી પડતી અટકાવે છે. પથ્થરો સાથે જોડાયેલા આ ભાગને પઠિયાલ કહે છે. પઠિયાલની ઉપર સુંદર મંદિર, ચોપાલ, છતરી અને ઘાટ બનાવવાની પરંપરા છે.

તળાવ અને પાળ જો મોટી હોય તો ઘાટની ઉપર ચડવા માટે પથ્થરનાં પગથિયાં બને છે. તળાવ બહુ મોટું અને ઊંડું હોય તો ત્યાં પગથિયાની લંબાઈ અને સંખ્યા પણ એના પ્રમાણમાં વધે છે. આવે વખતે પાળની માફક પગથિયાંઓને પણ મજબૂત બનાવવાની ગોઠવણ કરવામાં આવે છે. આવું જો ન કરે તો પાણી પગથિયાંને બગાડી નાખે છે. એટલે પગથિયાંના ટેકા માટે વચ્ચે વચ્ચે ઓટલા, ચોતરા અને ચાલી જેવાં પહોળા પગથિયાં બનાવવામાં આવે. આવા આઠ કે દસ પગથિયાં વચ્ચે આવતી આવી ગોઠવણવાળા માળખાને હથની કહે છે.

આવી કોઈ હથનીની દિવાલમાં એક મોટો ગોખ મૂકવામાં આવે છે. અને આમાં ઘટોઈયા બાબાની પ્રતિષ્ઠા કરવામાં આવે છે. ઘટોઈયા દેવતા ઘાટનું રક્ષણ કરે છે. સામાન્ય

રીતે અપરાની ઉંચાઈના માપે તેની સ્થાપના થાય છે. આ રીતે જો આગોરમાં પાણી વધુ વરસે અને આગરમાં પાણીનું સ્તર સતત ઊંચે ને ઊંચે જાય, તળાવ પર જોખમ જણાય, વધતું રોકાઈ જશે આમ ઘાટની અને તળાવની રક્ષા દેવતા અને મનુષ્યો સાથે મળીને કરતા રહયાં. ઘટોઈયા દેવતાના પગને પાણી સ્પર્શ કરે છે ત્યારે અપરા વહેવા લાગે છે અને પાણીનું સ્તર ઊંચાઈ વધવાનું બંધ થાય છે. આ પ્રમાણે ઘાટનું, તળાવનું, રખોપુ દેવ અને મનુષ્ય સાથે મળીને કરે છે.


તળાવોની માફક નદીઓના કાંઠા પરના ઘાટ ઉપર પણ ઘટોઈયા બાબાની સ્થાપના થતી આવી છે. રેલના દિવસોમાં જે મોટી ઉંમરના દાદા-દાદી ઘાટ પર જાતે નથી પહોંચી શકતાં, તેઓ નદીની રેલ જોઈને પાછા આવેલા પોતાનાં પૌત્ર-પૌત્રીઓને બહુ જ ઉત્સુકતાની સાથે મોટા ભાગે આ જ પ્રશ્ન પૂછે છે, " પાણી ક્યાં લગી ચઢ્યું છે ? ઘટોઈયા બાબાના પગ લગી પાણી આવ્યું ? " પાણી જો એમના પગને પખાળી લે તો બસ બધું આવી ગયું. એવો એક હાર્દિક સંતોષ તેઓ લેતા હોય છે. અને એમને સમજાઈ જાય છે કે આટલા સ્તરે વહેતું પાણી તળાવને છલકાવી દેશે જે આખુંયે વર્ષ કામ લાગશે.

તળાવના આગરમાં આવતા આખાયે વર્ષના પાણીને માપવાનું કામ કરે છે એમાં અલગ અલગ સ્થળોએ લાગેલા સ્તંભો. નાગયષ્ટિ બહુ જ જૂનો શબ્દ છે. આ નવાં બનતાં તળાવોનું જલસ્તર માપવાના કામમાં આવતો હતો. એના પર સામાન્યતઃ નાગ ઈત્યાદિ કોતરવામાં આવતા હતા. જેના પર નાગનું કોતરકામ ન થયું હોય એવા સાદા સ્તંભોને માત્ર યષ્ટિ કહેતા હતા. ધીમે ધીમે આ શબ્દ ઘસાતાં-ઘસાતાં લાઠ બની ગયો. આને સ્તંભ પણ



કહે છે અને જલથંભ અથવા માત્ર થંભ પણ ક્યાંક આને પનસાલ અથવા પૌસરા કહેવામાં આવે છે. આ થાંભલાઓ અલગ અલગ જગ્યાઓએ લાગે છે. લગાવવાના પ્રસંગો અને પ્રયોજન પણ અલગ-અલગ હોય છે.

સ્તંભ તળાવની વચ્ચોવચ, અપરા ઉપર, મોખી ઉપર એટલે કે જ્યાંથી સિંચાઇ થાય છે ત્યાં અને આગોરમાં લગાવવામાં આવે છે. આમાં ફૂટ-ગજ જેવી કોરી-નીરસ નિશાનીઓની જગ્યાએ શંખ,ચક્ર, નાગ, પદ્મ જેવી સંજ્ઞાઓ કોતરવામાં આવે છે. અલગ-અલગ નિશાની પાણીની ચોક્કસ ઊંડાઇની માહિતી આપે છે. સિંચાઇ માટે બનેલાં તળાવોમાં થાંભલાના એક વિશિષ્ટ ચિન્હ સુધી પાણીની સપાટી ઊતરી ગયા પછી પાણીનો ઉપયોગ તરત રોકીને એને પછી સંકટના સમયે વાપરવા માટે એને અનામત રાખવાની વ્યવસ્થા પણ કરવામાં આવતી હતી. ક્યાંક ક્યાંક પાળ ઉપર પણ સ્તંભ લગાવવામાં આવે છે. પરંતુ પાળના સ્તંભના ડૂબવાનો અર્થ છે. પાલે એટલે કે પ્રાણય થવો.



સ્તંભ પથ્થરના અને લાકડાના પણ બનતા હતા. એવી જાતનું લાકડું પસંદ કરવામાં આવતું હતું કે, જે મજબૂત હોય અને પાણીમાં ન સડે કે ન નરમ પડે. આવા લાકડાનું એક જૂનું નામ ક્ષત્રિય કાષ્ઠ હતું. મોટે ભાગે જાંબુ, સાલ, તાડ અને સરઇનું લાકડું આ કામ માટે વાપરવામાં આવતું હતું. આમાં સાલના લાકડાની મજબૂતી માટેની કેટલીયે કહેવતો આજ પર્યંત વપરાય છે. સાલ વિશે કહેવાય છે કે ''હજાર સાલ ઊભેલો, હજાર સાલ પડેલો અને હજાર સાલ સડેલો.'' છત્તીસગઢ વિસ્તારના કેટલાંયે જૂના તળાવોમાં આજે પણ સાલના લાકડાનો બનેલો અને તળાવમાં ખોડેલો જલસ્તંભ મળી આવશે. રાયપુરના પુરાતત્વ સંગ્રહાલયમાં આવી કહેવતને ખરી ઠેરવતો સાલ વૃક્ષનો ખરેખર સેંકડો વર્ષ જૂનો એક ટુકડો રાખ્યો છે. આ એક જલસ્તંભનો જ અંશ છે. જે એ જ ક્ષેત્રના ચંદ્રપુર અને આજના બિલાસપુર જિલ્લાના કિરાની ગામમાં આવેલા હીરાબંધ નામના તળાવમાંથી મળ્યો છે. હીરાબંધ બીજી શતાબ્દી પૂર્વેના સાતવાહનના રાજ્યવેળાનો છે. આના પર રાજ્યના અધિકારીઓનાં નામો કોતરેલાં છે જે સંભવતઃ આ ભવ્ય તળાવના ભરાયા પછીના સમારોહમાં ઉપસ્થિત હતા.

પરિસ્થિતિ જો બદલે નહીં તો લાકડું ખરાબ નથી થતું. સ્તંભ હંમેશાં પાણીમાં ડૂબેલા રહેતા હતા એટલે વર્ષો સુધી ખરાબ નહોતો થતા.

ક્યાંક ક્યાંક પાળ અથવા ઘાટની આખીયે દીવાલ ઉપર અલગ અલગ ઊંચાઈ ઉપર ભાત-ભાતની મૂર્તિઓ બનાવવામાં આવતી હતી. સામાન્યપણે મુખાકૃતિ મૂકાતી હતી. સૌથી નીચે ઘોડો તો સૌથી ઉપર હાથી. તળાવનું વધતું જલસ્તર આને ક્રમિક રીતે સ્પર્શ કરતું જતું હતું અને બધાને ખબર પડી જતી હતી કે આ વેળા પાણી કેટલું ભરાણું છે. આ પ્રકારની શૈલીનું અમર ઉદાહરણ છે જેસલમેરના અમરસાગરની દિવાલ પર મૂકેલી ઘોડા, હાથી અને સિંહની મૂર્તિઓ.

નેષ્ટા સ્તંભ અને ઓગનને એકબીજા સાથે જોડવાથી તો જાણે ચમત્કાર જ થાય છે. અલવરથી અંદાજે એકસો કિ.મી. દૂર અરવલ્લીની પહાડીઓની વચ્ચે વસ્તીથી સારા પ્રમાણમાં દૂર એક તળાવ છે શ્યામસાગર. આ તળાવ સંભવત પંદરમી સદીમાં યુદ્ધના સમયે સેનાની જરૂરિયાત પૂરી કરવા માટે બનાવવામાં આવ્યું હતું. આમાં કિનારા પર વરૂણ દેવતાનો એક થંભ છે. સ્તંભથી એકાદ ફર્લાંગ દૂર અપરા આવેલું છે. તળાવમાં પાણી ઉપર ચડતું આવે અને જ્યાં વરૂણદેવના પગને અડયું કે તરત જ અપરા ચાલવા માંડે છે અને આથી તળાવમાં આથી વધારે પાણી ભરાતું નથી અને વરૂણદેવ ક્યારેય ડૂબતા નથી.

સ્તંભ તળાવનું જલસ્તર દર્શાવે છે પણ તળાવની ઊંડાઈ મોટેભાગે પુરુષ (પરસ)ના માપથી માપવામાં આવતી હતી. બંને ભૂજાઓ અડખે-પડખે લંબાવીને ઊભેલા પુરૂષના એક હાથથી બીજા હાથ લગીની કુલ લંબાઈ પુરુષ કે પરસ કહેવાય છે. ઈંચ ફૂટમાં આ અંદાજે લગભગ છ ફૂટ થાય છે. આવી વીસ પુરુષ ઊંડાઈનું તળાવ આદર્શ માનવામાં આવતું. તળાવ બનાવનારાઓની ખાસ ઈચ્છા આવા વીસીના આંકડાઓને અડવાની રહેતી હતી પણ બનાવનારની શક્તિ. આગોર અને આગરની ક્ષમતા પ્રમાણે આ ઊંડાઈ વધતી-ઓછી છે.

મોટાભાગે વીસી કે એનાથી પણ વધુ ઊંડા તળાવોમાં પાળને નુકસાન કરતાં મોજાંઓના જોરને તોડવા આગોર અને આગરની વચ્ચે ટાપુ બનાવવામાં આવતા હતા. આવાં તળાવ બનાવતી વેળાએ ઊંડા ખોદાણની સઘળી માટી પાળ પર ચડાવવાની જરૂર રહેતી નથી. આવી સ્થિતિમાં આને હજુ પણ દૂર, એટલે કે તળાવની બહાર લઈ જઈને ફેંકવું પણ ભારે પડે છે. એટલા માટે વીસીથી ઊંડા તળાવોમાં ટેકનીકલ અને વ્યાવહારિક કારણો અનુસાર તળાવની વચ્ચે ટાપુ, જેવા એક કે એકથી વધારે સ્થાન બનાવવામાં આવતા. આની ઉપર ખોદાણની વધારાની માટી પણ નાખવામાં આવતી હતી. ટેકનિકલ મજબૂતી અને

વ્યાવહારિક સુવિધા સિવાય પણ છલોછલ ભરેલાં તળાવોની વચ્ચે ઉપસી આવેલા આ ટાપુ આખાયે દ્રશ્યને વધુ સોહામણું બનાવે છે.

ટાપુ, ટિપુઆ, ટેકરી અને બેટ કે દ્વિપ જેવા શબ્દો આવા અંગ માટે મળે જ છે પણ રાજસ્થાનમાં તળાવના આ ખાસ પ્રકારના ભાગને એક ખાસ નામ આપવામાં આવ્યું છે. લાખેટા.

લાખેટા મોજાંના જોરને તો તોડે જ છે. પણ એ તળાવને અને સમાજને જોડે પણ છે. જયાં કયાંય પણ લાખેટા બનેલો છે, એના ઉપર એ ક્ષેત્રના કોઈને કોઈ સિદ્ધ પુરુષ, સંત, સતી કે સ્મરણમાં રાખવા યોગ્ય વ્યક્તિની સ્મૃતિમાં સુંદર મજાની છતરી બનેલી જોવા મળે છે. લાખેટા જો મોટો બને તો છતરી સાથે સાથે ખીજડા અને પીપળાનાં વૃક્ષો પણ જોવા મળશે.

સૌથી મોટા લાખેટાની શી છે હાલત ? આજેએ લાખેટા ઉપર રેલ્વે સ્ટેશન બનેલું છે, બસ સ્ટેશન છે, અને એક પ્રતિષ્ઠિત માનવામાં આવતો એક ઔદ્યોગિક વિસ્તાર વસેલો છે, જેમાં હિન્દુસ્તાન ઈલેકટ્રો ગ્રેફાઈટસ જેવું ભીમકાય કારખાનું પણ આવેલું છે. મધ્ય રેલ્વે દ્વારા ભોપાલથી ઈટારસીના રસ્તે વચ્ચે આવતું મંડી દ્વીપ નામનું સ્થળ એક જમાનામાં લગભગ ૨૫૦ ચોરસ માઈલમાં ફેલાયેલું આ વિશાળ તળાવ હોશંગશાહના સમયમાં તોડી નાખવામાં આવ્યું હતું. આજે તો એ દબાઈને એકદમ નાનું બની ગયું છે. છતાં પણ આની ગણના દેશના મોટા તળાવમાં થાય છે. આના સૂકાવાથી મંડીદ્વીપ દ્વીપ ન રહેતાં એક ઔદ્યોગિક નગર બની ગયું છે.

પ્રણાલી અને સારણી તળાવની સાથે જોડાયેલા એવા બે શબ્દો છે, જેણે પોતાના અર્થોનો હંમેશાં વિસ્તાર કર્યો છે. એક સમયે તળાવ વગેરેની સાથે જોડાયેલો સિંચાઈ વ્યવસ્થા માટે બનેલી નાલીઓનાં નામ હતાં. આજ તો શાસનની પણ પ્રણાલી છે અને રેલગાડીઓનાં સમય બતાવતી સારણી પણ છે.

સિંચાઈ માટેની મુખ્ય નાલી જયાંથી નીકળે છે એ જગ્યા મુખ છે, મોખા છે, અને મોખી પણ છે. મુખ્ય નહેર રજબહા કહેવાય છે અત્યંત વિશિષ્ટ તળાવોની રજબહા આ લોકમાંથી ઉદ્‌ગમ પામીને દેવલોકને સ્પર્શ કરતી હતી. ત્યારે એનું નામ રામનાલ બની જતું હતું. જેસલમેરના કેવળ રેતીલા રેગિસ્તાની ઈલાકામાં બનેલા ઘટાદાર સુંદર ઉદ્યાન બડા બાગની ભરપુર સિંચાઈ જેતસર નામના એક વિશાળ તળાવમાંથી નીકળેલી રામનાલ દ્વારા જ થતી રહી છે. અહીંનું આંબાવાડિયું અમરાઈ અને બાગ ખરેખર એટલો બધો ઘટ્ટ છે કે મરુભૂમિમાં આગ ઓકતો સૂરજ અહીં કદાચ આવતો હશે તો પણ કેવળ ઠંડક લેવા અને તે પણ લીલા રંગમાં રંગાઈને.

રજાબહામાંથી નીકળેલી અન્ય નહેરો બહતોલ, બરહા, બહિયા બહા અને બાહ પણ કહેવાય છે. પાણી નીકળવા માટેના રસ્તાઓ પર પછીથી વસેલા વિસ્તારોનાં નામકરણ પણ આના જ આધાર પર થયાં છે. જેવી રીતે આગરાનો બાહ નામનો તાલુકો.


સિંચાઈના હેતુ માટે બનેલાં નાનામાં નાના તળાવોમાં પણ પાણી કાઢવા માટેનો બહુ જ વ્યવસ્થિત પ્રબંધ થતો રહેલો છે. પાળના કોઈ ભાગમાંથી આરપાર કાઢવામાં આવતી નાલીનો એક છેડો તળાવની બાજુ ડાટો લગાવીને બંધ રાખવામાં આવે છે. જ્યારે પાણી કાઢવું હોય ત્યારે ડાટો ખોલી નાંખવામાં આવે છે. પણ આમ કરવા કોઈને પાણીમાં ડૂબકી લગાવવી પડશે, એટલી ઊંડાઈએ જઈને ડાટો કાઢવો પડશે અને પછી ફરીથી એ રીતે બંધ પણ કરવો પડશે. આ સાહસિક કામને સરળ સુલભ બનાવે છે તળાવનું ડાટો નામનું અંગ.

ડાટો પાળ તરફથી તળાવના અંદરના ભાગમાં બનેલો એક નાનો એવો પરંતુ ઊંડો હોજ જેવો ઢાંચો છે. આ ચોરસ હોજ મોટેભાગે બે થી ત્રણ હાથ માપનો હોય છે. પાણીની બાજુવાળી દિવાલમાં જરૂરિયાતના પ્રમાણમાં બે-ત્રણ કાણાં અલગ અલગ ઊંચાઈ પર કરવામાં આવે છે. કાણાંનો આકાર માત્ર એક વેંત જેટલો અથવા તો લાકડાના એક લઠ્ઠાથી સરળતાથી બંધ કરી શકાય એટલુ અને સામેની દિવાલમાં પણ આ રીતે જ કાણાં હોય છે, માત્ર નીચે તળિયામાં આનાથી પાળની પેલી બાજુ નાલી વડે પાણી બહાર કાઢી શકાય છે. હોજની ઊંડાઈ આઠથી બાર હાથ જેટલી હોય છે અને હોજમાં નીચે ઊતરવા માટે હોજની દિવાલમાં જ એક એક હાથની ઊંચાઈ ઉપર પત્થરનાં ચણેલાં પગથિયાં ચણેલાં હોય છે.

આ રચનાને કારણે પાણીનો ડાટો ખોલવા માટે તળાવના પાણીમાં ઉતરવું પડતું નથી. બસ સૂકા હોજમાં પથ્થરનાં પગથિયાંના સહારે નીચે ઉતરીને જે કાણાંને ખોલવાનું છે, એનો ડાટો હટાવી લઈને પાણી ચાલુ કરી દેવામાં આવે છે. પાળ તરફની નાલી દ્વારા એ બહાર નીકળવા માંડે છે. ડાટાને મળતી વ્યવસ્થા રાજસ્થાન, મધ્યપ્રદેશ, ઉત્તર પ્રદેશ, બિહાર, મહારાષ્ટ્ર ગોવા અને છેક તમિલનાડુ લગી જોવા મળે છે. પ્રદેશ મુજબ જો કે નામ બદલી જાય છે. જેમ કે ચુકરૈંડ, ચુરંડી, ચૌંડા, ચુંડા અને ઉરૈંડ બધામાં જ પાણી બહાર ઉલેચવાની જ ઝાંખી જોવા મળે છે.

તળાવમાંથી નહેરમાં ઠાલવવામાં આવેલું પાણી ઢાળ દ્વારા વહાવીને દૂર દૂર લઈ જવામાં આવે છે પણ કેટલાંક મોટાં તળાવોમાં જ્યાં મોખીની પાસે પાણીનું દબાણ વધારે પડતું હોય છે ત્યાં આ દબાણનો ઉપયોગ નહેરમાં પાણીને ઉપર ચડાવવા માટે પણ કરવામાં આવે છે. આ રીતે મોખીમાંથી નીકળેલું પાણી કેટલાક હાથ ઉપર ચડીને પછી નહેરના ઢાળમાં વહેવા લાગે છે. ત્યારે એ દૂર સુધી જાય છે એમ નહીં પણ થોડે ઊંચે આવેલાં ખેતરો સુધી પણ પહોંચી શકે છે.

મુખ્ય નહેરની બંને તરફ થોડા થોડા અંતરે કૂવા પણ બનાવવામાં આવે છે. આના પર રહેંટ લગાવીને પાણી ખેંચી લેવામાં આવે છે. તળાવ, નહેર, કૂવા અને રહેંટની આ શાનદાર ચોકડી એક પછી એક કેટલાંય ખેતરોને પિયત કરાવતી જાય છે. આ વ્યવસ્થા બુંદેલખંડમાં ચંદેલા-બુંદેલાના સમયમાં બનેલા એક-એક હજાર એકરમાં પથરાયેલા બરૂઆ સાગર, અરજનસાગરમાં આજે પણ કામ આપી રહી છે. બરૂઆ સાગર ઓરછા નરેશ ઉદિતસિંહે અને અરજન સાગર સુરજસિંહે ક્રમશઃ સન્૧૭૩૭ અને ૧૬૭૧માં બનાવડાવ્યાં હતાં. આ તળાવોની નહેરો આજે પણ ઉત્તર પ્રદેશ સિંચાઇ વિભાગની પ્રતિષ્ઠા વધારી રહી છે.



પાણીની ચોરી ? બધી જ વ્યવસ્થા સુચારુ રૂપે થઇ જાય પણ જો પાણી ચોરી રોકવામાં ન આવે તો ખાસ્સું મોટું તળાવ પણ જોતજોતામાં સૂકાઇ જાય છે. વર્ષામાં છલોછલ ભરેલું શરદમાં ચોખ્ખા ચણક વાદળી રંગે રંગાયેલું, શિશિરમાં શીતળ બનેલું, વસંતમાં ઝૂમતું પણ ગ્રીષ્મમાં ? તપતો સૂરજ તળાવનું બધું એ પાણી ખેંચી લેશે. કદાચ તળાવના સંદર્ભમાં જ સૂરજનું એક વિચિત્ર નામ પાણી ચોર (અંબુ તસ્કર) રાખવામાં આવ્યું છે. ચોર હોય સૂરજ જેવો અને આગર એટલે કે ખજાનો હોય ચોકીદારી વિનાનો તો પછી ચોરી થવામાં વાર શું લાગે ?

આ ચોરીને અટકાવવા માટે પૂરતી કોશિશ કરવામાં આવે છે, તળાવના આગરને ઢાળવાળું બનાવીને જયારે પાણી ઘટવા માંડે છે, તો ઓછા જથ્થાનું પાણી વધુ વિસ્તારમાં ફેલાતું રોકવામાં આવે છે. આગરમાં ઢાળ હોવાથી ઓછી માત્રાનું પાણી પણ બહુ નાના હિસ્સામાં વધારે માત્રામાં રહી શકે છે અને ઝડપથી વરાળ બનીને ઊડી જતું અટકે છે. ઢાળવાળી સપાટીમાં સામાન્યતઃ થોડી ઊંડાઇ પણ રાખવામાં આવે છે. આવા ઊંડા ખાડાને અખડા કે પિયાલ કહે છે. બુંદેલખંડ તરફનાં તળાવોમાં આને ભર કહે છે. કયાંક કયાંક આને ભંડારો અથવા ગર્લ નામથી પણ ઓળખે છે. આ અંગનું સ્થળ મુખ્ય



આજ ભી ખરે હૈ તાલાબ

ઘાટની તરફ રાખે છે, અથવા તળાવની વચ્ચોવચ. વચમાં ઊંડું હોવાથી ગરમીના દિવસોમાં ચારે તરફથી તળાવ સૂકાવા લાગે છે. આવે સમયે ઘાટ તો દૂર રહી જાય છે. આ દ્રશ્ય સારું નથી લાગતું. એટલા માટે ઘાટ બાજુ પિયાલ રાખવાનું ચલણ વધારે રહયું છે. ત્યારે ત્રાણ તરફથી પાણીની થોડી-ઘણી ચોરી થતી રહે છે, પરંતુ ચોથી મુખ્ય ભુજામાં પાણી બરાબર રહે છે.

ગ્રીષ્મ ઋતુ પૂરી થાય ન થાય ત્યાં તો વાદળાંઓ ફરીથી આવી ચડે છે. આગોર વડે આગર ભરાય છે અને સાગર વળી પાછો લહેરાવા લાગે છે.

સૂરજ પાણી ચોરે છે તો એ જ સૂરજ પાણી આપે પણ છે.

# સાફ માથાનો સમાજ

તળાવમાં પાણી આવે છે અને જાય છે. આ આવક-જાવકની અસર આખાયે તળાવ પર પડે છે. જોરથી આવતા વરસાદથી આગોરમાં માટી ધોવાય છે તો એ માટી આગરમાં આવે છે. પાળની માટી કપાય છે તો એ પણ આગરમાં આવીને ભરાય છે.

તળાવનું સ્વરૂપ બગડવાનો આ ખેલ નિયમિત ચાલતો રહે છે. એટલા માટે તળાવ બનાવનારા લોકો, તળાવ બનાવનારો સમાજ તળાવના સ્વરૂપને બગડવાથી બચાવવા માટેનો ખેલ પણ એટલા જ નિયમપૂર્વક ખેલી રહેલો છે. જે તળાવને જોતજોતામાં પાછલાં પચીસ-સો વર્ષોમાં ખત્તમ કરી નાંખ્યા છે, એ તળાવોએ નિયમથી રમાયેલી રમતોને કારણે સેંકડો વર્ષો સુધી સમાજની રમત બરાબર રમી હતી.

તળાવ બનીને તૈયાર થઈ ગયા પછી પ્રથમ પહેલીવાર પાણી આવ્યું નથી કે તળાવના રખોપાનું, સાર-સંભાળનું કામ શરૂ થઈ જતું હતું. આ સરળ નહોતું, પરંતુ દેશના એક ખૂણાથી બીજા ખૂણા લગી હજારો તળાવોને સમાજે જ કામ આપતાં રાખવાનાં હતાં, એટલા માટે એમણે આ કઠણ કામને બધી જગ્યાએ એટલું બધું વ્યવસ્થિત બનાવી લીધેલું હતું કે આ બધું બિલકુલ સહજ રીતે બનતું રહેતું હતું.

આગોરમાં પગલાં પડયાં નહીં કે સાર-સંભાળનું સૌ પ્રથમ કામ જોવા મળી જશે. દેશના કેટલાયે વિસ્તારમાં તળાવના આગોરનો આરંભ થતાંની સાથે જ એની જાણ પથ્થરના સુંદર સ્તંભ ઊભા કરેલા જોવા મળે છે. સ્તંભ જોઈને જ તમે સમજી જાઓ છો કે તમે અત્યારે આગોરમાં ઊભા છો, અહીંથી જ પાણી તળાવમાં જઈને ભરાશે. એટલા માટે આ જગ્યાને સ્વચ્છ રાખવાની છે, પગરખાં વગેરે પહેરીને આગોરમાં જવાનું નથી, ઝાડો-પેશાબ તો ઠીક પણ અહીં થૂંકવાની પણ મનાઈ છે. ''બુટ-ચંપલ પહેરીને જવાની મનાઈ છે'' થૂંકવાની મનાઈ છે જેવાં બોર્ડ ઠોકવામાં આવતાં નહોતાં પણ બધા લોકો સ્તંભ જોઈને આ બાબતોનું સંપૂર્ણ ધ્યાન રાખતાં હતાં.

આગરના પાણીની સફાઈ અને શુદ્ધતા જાળવી રાખવાનું કામ તો પહેલા દિવસથી જ

શરૂ થઈ જતું હતું. નવા બનેલા તળાવમાં જે દિવસે પહેલું પાણી ભરાતું, એ દિવસે જાહેર સમારંભ યોજીને વિધિપૂર્વક એમાં જીવજંતુ લાવી છોડવામાં આવતાં હતાં. આમાં માછલીઓ, કાચબા, કરચલા અને તળાવ મોટું અને ઊંડું હોય તો એમાં મગર પણ લાવીને છોડવામાં આવતા હતાં. ક્યાંક-ક્યાંક જીવતા પ્રાણીઓની સાથે સાથે શક્તિ અનુસાર સોના અથવા ચાંદીના બનેલાં જીવ-જંતુ અર્પણ કરવામાં આવતાં હતાં. મધ્યપ્રદેશના રાયપુર શહેરમાં હજુ હમણાં જ લગભગ પચાસ-પચાવન વરસ પહેલાં એક તળાવમાં સોનાની નથ પહેરાવીને કાચબાને છોડવામાં આવ્યા હતા.

પહેલા વર્ષે પાણીમાં કોઈક વિશેષ પ્રકારની વનસ્પતિ પણ નાખવામાં આવતી હતી. જુદા જુદા વિસ્તાર અનુસાર આના પ્રકારો બદલતા રહેતા હતા, પણ કામ એક જ હતું પાણીને સાફ રાખવું, મધ્યપ્રદેશમાં આ (ગદિયા) અથવા (ચીલા) હતી તો રાજસ્થાનમાં કુમુદિની(નિર્મા) કે ચાક્ષુસ હતાં. ચાક્ષુસમાંથી જ ચાકસૂ શબ્દ બન્યો છે. ક્યારેક કોઈક એવો સમય આવ્યો હશે કે તળાવના પાણીની સફાઈ માટે ચાકસૂ રોપનું ચલણ ખૂબ વધી ગયું હશે. આજના જયપુર ના એક મોટા કસ્બાનું નામ ચાકસૂ છે. આ નામકરણ સંભવ છે કે ચાકસૂ વનસ્પતિ તરફ કૃતજ્ઞતા બતાવવા માટે કરવામાં આવ્યું હોય.

પાળની ઉપર પીપળ, વડ અને ઉંબરાના વૃક્ષ ઉગાડમાં આવતાં. તળાવ અને આ વૃક્ષોની વચ્ચે ઉંમરની બાબતમાં હમેશાં જાણે કે હોડ-હરીફાઈ લાગેલી રહેતી. કોણ વધુ ટકે છે/ વૃક્ષ કે તળાવ ? પણ આ પ્રશ્ન મોટેભાગે અનુત્તરિત જ રહયો છે. બંનેને એકબીજાની ભાઈબંધી એવી ગમી ગઈ કે ઉપેક્ષાના આ તાજા અરસામાં જે પણ પહેલાં ગયું, બીજું શોકમાં એની પાછળ-પાછળ ચાલ્યું ગયું છે તો તળાવ પણ થોડા સમયમાં સુકાઈને પુરાઈ ગયું

તળાવની આસપાસ આંબા ખૂબ લગાવવામાં આવતા હતા. જો કે પાળ ઉપર ઓછા, પણ પાળની નીચે તરફની જમીનમાં ખૂબ જોવા મળે છે. છત્તીસગઢ વિસ્તારમાં ઘણાં બધાં તળાવોમાં શીતળામાતાનો વાસ માનવામાં આવે છે અને એટલે આવાં તળાવોની પાળ ઉપર લીમડાનાં વૃક્ષો અચૂક લગાવવામાં આવતાં હતાં. વૃક્ષ વગરની પાળની સરખામણી મૂર્તિ વિનાના મંદિર જેવી પણ કરવામાં આવી છે.

બિહાર અને ઉત્તરપ્રદેશના અનેક ભાગોમાં પાળ ઉપર (અરહર)નાં વૃક્ષો પણ લગાવવામાં આવતાં હતાં. આ વિસ્તારોમાં નવા તૈયાર થયેલાં તળાવની પાળ પર થોડા સમય સુધી સરસવના ખોળની ધૂણી કરવામાં આવતી હતી. જેથી નવી પાળમાં ઉંદર વગેરે દર બનાવીને પાળને કાચી ન બનાવી નાખે.

આ બધાં કામો એવાં છે કે જેને તળાવ બન્યા પછી એક વાર કરવાં પડે છે, અથવા જો બહુ જ જરૂરી હોય તો એકાદ વધારે વખત, પરંતુ માટી તો તળાવમાં દર વર્ષે ભરાય છે. એટલા માટે એને દર વર્ષે કાઢયા કરવાની ગોઠવણ સુંદર નિયમોમાં બાંધીને કરવામાં આવી હતી. કયાંક કાદવ કાઢવાના કઠણ કામને એક ઉત્સવ, તહેવારનું રૂપ આપીને આનંદનો અવસર બનાવવામાં આવ્યો હતો તો કયાંક આને માટે એવી ચોકક્સ વ્યવસ્થા કરી લેવામાં આવી હતી કે જે રીતે આ માટી ગુપચુપ તળાવમાં આવીને બેસી જતી હતી એ જ પ્રમાણે ચુપચાપ એને બહાર કાઢીને પાળ પર ભરી દેવાતી હતી.

કાંપ કાઢવાનો સમય અલગ-અલગ ક્ષેત્રોમાં ઋતુ અનુસાર નકકી કરવામાં આવતો હતો. એ વખતે તળાવમાં પાણી ઓછામાં ઓછું રહેવું જોઇએ. ગોવા અને પશ્ચિમઘાટના તટીય વિસ્તારોમાં આ કામ દીપાવલી પછી તરત જ કરાય છે. ઉત્તરના બહુ મોટા ભાગમાં નવા વર્ષ એટલે કે ચૈત્ર માસના જરા પહેલાં, જયારે છત્તીસગઢ, ઓરિસ્સા, બંગાળ, બિહાર અને દક્ષિણમાં વરસાદના આગમન પહેલાં ખેતરોની તૈયારી કરતી વખતે.

આજે તળાવોથી કપાયેલો સમાજ એનો ચલાવવાનારું પ્રશાસન તળાવની સફાઇ અને માટી કાઢવાનું કામ એક મોટી, ગંભીર સમસ્યાની માફક જુએ છે અને એનો ઉકેલ શોધવાને બદલે જાત-જાતનાં બહાનાં શોધે છે. એમના હિસાબે આ કામ ખર્ચાળ છે. કેટલાય કલેકટરોએ વખતો વખત પોતાના ક્ષેત્રમાં તળાવોમાંથી માટી ન કાઢી શકવાનું એક મોટું કારણ એ બતાવ્યું છે કે એનો ખર્ચ એટલો ભારે છે કે એનાથી તો નવું તળાવ બનાવવું સસ્તું પડે. જૂનાં તળાવો સાફ તો થયાં નહીં અને નવાં તો કયારેય બન્યાં જ નહીં. કીચડ તળાવોમાં નહીં, નવા સમાજના માથામાં ભરાઇ ગયો છે.


ત્યારે સમાજનું માથું સાફ હતું. એણે માટીને એક સમસ્યાની જેમ નહીં પણ તળાવના પ્રસાદની જેમ ગ્રહણ કરી હતી. પ્રસાદને ગ્રહણ કરવા માટેનાં પાત્રો હતાં ખેડૂત, કુંભાર અને ગૃહસ્થ. આ પ્રસાદને લેવાવાળો ખેડૂત પ્રતિ ગાડીના હિસાબે માટી ખોદતો, પોતાની ગાડીમાં એને ભરીને પોતાના ખેતરમાં પહોંચાડીને ખેતરની ફળદ્રુપતા કાયમ રાખતો. આ પ્રસાદના બદલામાં તે પ્રતિગાડીના હિસાબે તે કંઇક રોકડા અથવા આવેલા પાકનો કેટલોક અંશ ગ્રામકોષમાં જમા કરાવતો હતો અને પછી આ કોષની મદદથી તળાવોની મરામત થતી હતી. આજે પણ છત્તીસગઢ વિસ્તારમાં આવી માટી કાઢવાનું કામ મુખ્યત્વે ખેડૂત પરિવારો જ કરે છે. ઊંડાણના કેટલાય ઘરોમાં તળાવની માટીથી માથું ધોવાનો અને નહાવોના રિવાજ છે આજ તો સાબુ પહોંચ્યા હોવા છતાં અને નહાવા માટે તળાવની ઠરેલી માટી વપરાય છે.

બિહારમાં આ કામને ઉડાહી(ઠરેલી માટીને કાઢવી) કહે છે. ઉડાહી સમાજની સેવા છે. શ્રમદાન છે. ગામના દરેક ઘરમાંથી કામ કરવા શકિતમાન સભ્ય તળાવ ઉપર એકઠા

થતા હતા. દરેક ઘર બેથી પાંચ મણ માટી કાઢતા હતા. કામના સમયે એ જ ગોળનું પાણી વહેંચાતુ હતું. પંચાયતમાં દંડની રકમ જમા આવી હોય એનો એક ભાગ ઉડાહીના સંયોજનમાં વપરાતો હતો.

દક્ષિણમાં ધર્માદા પ્રથા હતી. ક્યાંક-ક્યાંક આ કામને માટે ગામની જમીનનો એક ભાગ દાન કરવામાં આવતો હતો અને એની આવક કેવળ કાંપ કાઢવાને માટે વપરાતી હતી. આવી જમીનને કોડગે કહેતા હતા.

રાજ અને સમાજ કમર કસી લે તો પછી કોઈ પણ કામમાં ઢીલ કેમ આવે ? દક્ષિણમાં



તળાવની સાર-સંભાળની બાબતમાં રાજ અને સમાજનો તાલમેળ બહુ જ વ્યવસ્થિત હતો. રાજના ખજાનામાંથી  આ કામ માટે અનુદાન મળતું હતું પણ એની સાથે સાથે દરેકે દરેક ગામમાં આ કામને માટે એક અલગર ખજાનો બની જાય, એવી પણ વ્યવસ્થા હતી.

દરેક ગામમાં થોડી જમીન, થોડાં ખેતરો, અથવા ખેતરનો થોડો ભાગ તળાવની વ્યવસ્થા માટે અનામત રાખવામાં આવતો હતો. આના પરનું મહેસૂલ માફ હતું. આવી જમીન માન્યમ્ કહેવાતી. માન્યમ્માંથી થતી બચત, આવક અથવા તો થતો પાક તળાવની સાથે જોડાયેલાં વિવિધ કામો કરવાવાળા લોકોને આપવામાં આવતી હતી. જેટલા પ્રકારના કામ એટલા પ્રકારનાં માન્યમ્. જે કામ જ્યાં થાય છે એનો ત્યાં જ પ્રબંધ કરવામાં આવતો, ત્યાં જ એનો ખર્ચ પણ મેળવી લેવાતો હતો.

અલૌતિ માન્યમ્ દ્વારા શ્રમિકોના પારિશ્રમિકની વ્યવસ્થા કરવામાં આવતી હતી. અર્ણૈકરણ માન્યમ્ આખાય વર્ષ દરમિયાન તળાવની દેખરેખ કરવાવાળાઓ માટે હતું. આના વડે એ પરિવારનો ગુજરો ચાલતો હતો કે જેઓ તળાવની પાળ પર પશુઓને જતાં અટકાવવાનું કામ કરતા હતાં. પાળની માફક તળાવના આગોરમાં પણ પશુઓના આવવા જવા પર પ્રતિબંધ હતો. આ કામમાં પણ લોકો આખુંયે વર્ષ લાગ્યા રહેતા. એમની વ્યવસ્થા બંદેલા માન્યમ્ દ્વારા કરવામાં આવતી હતી.

તળાવની સાથે જોડાયેલાં ખેતરોમાં પાકની વાવણીથી માંડીને તે મોલની લણણી સુધી પશુઓને ખેતરોમાં જતાં રોકવાં એ એક નિશ્ચિત અવધિ સુધી ચાલવાવાળું કામ હતું. આ પણ બંદેલા માન્યમ્ વડે કરાતું હતું અને આ કામ કરવાવાળા પટ્ટી કહેવાતા હતા.

સિંચાઇ કરતી વેળા નહેરનો ડાટો ખોલવો, સમય પર પાણી પહોંચાડવું એક અલગ જવાબદારી હતી. આ સેવાને નીરમુનક્ક માન્યમ્ દ્વારા પૂર્ણ કરવામાં આવતી હતી. ખેડૂત ક્યાંક પાણીને વેડફી તો નથી નાખતા ને ! આની તકેદારી રાખવાનારાને મહેનતાણું કુલમુકવલ માન્યમ્માંથી મળતું હતું.

તળાવમાં કેટલું પાણી આવ્યું છે, કેટલાં ખેતરોમાં શું શું વાવેતર કરવામાં  આવ્યું છે, કોને  કેટલું પાણી જોઇશે જેવા પ્રશ્નો નીરઘંટી કે નીરૂકટ્ટી હલ કરતા હતા. આ પદ દક્ષિણમાં માત્ર હરિજન પરિવારને જ મળતું હતું. તળાવના જલસ્તરને જોઇને ખેતરોમાં એની ન્યાયિક વહેંચણીના બારીક હિસાબ-કિતાબની ખાસ ક્ષમતા નીરૂકટ્ટીને વારસામાં મળતી હતી. આજના કોઈ નવા સમાજશાસ્ત્રીઓનું કહેવું છે કે હરિજન પરિવારોને આ પદ સ્વાર્થવશ આપવામાં આવતું હતું. કારણ કે આ પરિવારોની પાસે જમીન નહોતી એટલા માટે જમીનદારોના ખેતરોમાં પાણીના કોઈ પણ ઝગડામાં તે નિષ્પક્ષ રહીને કામ કરી શકતા

હતા. જો કેવળ ભૂમિહીન હોવું જ યોગ્યતાનો આધાર હતું તો ભૂમિહીન બ્રાહ્મણ તો હંમેશાં મળી જ રહેતા હતા ! પણ, આ વાતોને અહીં જ છોડીને ફરી પાછા પહોંચીએ માન્યમ્ પાસે.

કેટલાંય તળાવોનું પાણી સિંચાઇ ઉપરાંત પીવાનાં કામમાં પણ આવતું હતું. આવાં તળાવોમાંથી પાણી ભરીને ઘર સુધી લાવતા પાણીવાળા મજૂરોને ઉરણી માન્યમ્‌માંથી વેતનની વ્યવસ્થા થતી હતી.

ઉપ્પાર અને વાદી માન્યમ્ વડે તળાવોની સામાન્ય દુરસ્તી કરવામાં આવતી હતી. વાયક્કલ માન્યમ્ દ્વારા તળાવ ઉપરાંત એમાંથી નીકળતી નહેરોની દેખરેખ માટે ખર્ચ વહન થતો હતો. પાળથી માંડીને તે છેક નહેર લગી વૃક્ષો લગાવવામાં આવતાં હતાં અને આખાયે વર્ષ દરમિયાન એની સાર-સંભાળ, દેખરેખ, છાંટણી, કપાઇ ઇત્યાદિ કામ ચાલતું હતું. આ આખીય જવાબદારી માનલ માન્યમ્ વડે સંપન્ન થતી હતી.

ખુલગા માન્યમ્ અને પાટુલ માન્યમ્ મરામત ઉપરાંત એ વિસ્તારમાં બનતાં નવાં તળાવોને ખોદવામાં થતા ખર્ચનો વહીવટ કરતાં હતાં.

એક તળાવ સાથે જોડાયેલાં આટલાં બધાં પ્રકારનાં કામો, જુદા જુદા પ્રકારની અનેક વ્યવસ્થા આખુંયે વર્ષ બરાબર સુચારુ રૂપે ચાલે એ સંભાળવું એ પણ એક કામ હતું. કયા કામમાં કેટલા લોકોને લગાડવાના છે, કયાંથી કેટલાને ઘટાડવાના છે આ આખુંયે સંયોજન કરૈમાન્યમ્ વડે પૂર્ણ કરવામાં આવતું હતું. આને કુલમ વેટ્ટુ કે કણ્મોઇ વેટ્ટુ પણ કહેતા હતાં.

દક્ષિણનું આ નાનું અને સામાન્ય વર્ણન તળાવ અને તેની સાથે જોડાયેલી તમામ વ્યવસ્થાની યાદ ન લઈ શકે. એ તો અથાહ છે આવી જ અને આને મળતી વ્યવસ્થાઓ દરેક ક્ષેત્રોમાં ઉત્તરમાં, પૂર્વ-પશ્ચિમમાં પણ રહી જ હશે. પરંતુ કેટલાંક કામો તો ગુલામીના કાળમાં જ તૂટયાં અને પછી વિચિત્ર આઝાદીના આ ૬૦ વરસોમાં તો બધુ વેરવિખેર થઈ ગયું.

પરંતુ ગૅંગજી કલ્લા જેવા માણસો આ તૂટેલા-ફૂટેલા સમાજમાં વેરણ-છેરણ થઈ ગયેલી વ્યવસ્થાને પોતાની ઢબે વ્યવસ્થિત કરવા માટે આવતા રહયા છે.

નામ તો હતું ગાંગજી પણ પછી કોણ જાણે કેમ પણ ગૅંગજી બની ગયું. એમનું નામ સ્નેહ, આત્મીયતાને કારણે બગડયું કે ઘસાયું હશે પરંતુ એના શહેરને કેટલાંક સો વર્ષોથી ઘેરીને ઊભેલાં આઠ ભવ્ય તળાવ સાર-સંભાળની સારી વ્યવસ્થાના તૂટી ગયા પછી ધીરે ધીરે આવી રહેલી ઉપેક્ષાને કારણે ઘસાવા - બગડવા લાગ્યાં હતાં. અલગ અલગ પેઢીઓએ આને અલગ-અલગ સમયમાં બનાવ્યાં હતાં, પણ આઠમાંથી છને સાંકળના રૂપે બાંધ્યા

હતાં. આની સાર-સંભાળ પણ એ પેઢીઓએ સાંકળે બાંધીને રાખી હશે. સાર સંભાળની એ વ્યવસ્થિત કડી એ પછી ક્યારેક તૂટી ગઈ.

પણ, આ કડીનો તૂટવાનો અવાજ ગેંગજીના કાનમાં ક્યારે પડઘાયો, ખબર નથી. પણ આજે જે નાનાં-મોટાં ફલોદી-શહેરોમાં વસે છે, તેઓએ એકમાત્ર ગેંગજીની છબી યાદ રાખી છે. ફાટેલી-તૂટેલી ચપ્પલ પહેરી ગૈંગજી સવારથી સાંજ સુધી આ આઠ તળાવોનાં ચક્કર કાપતો હતો. નહાવાના ઘાટ પર, પાણી ભરવાના ઘાટ પર, કોઈને જો ગંદકી ફેલાવતાં જુએ તો એમને વડીલની માફક ઠપકો આપતો હતો.

ક્યારેક એ પાળનું તો ક્યારેક વળી એ ઓવરાનું નિરીક્ષણ કરતા. ક્યાં કયા તળાવમાં કેવા પ્રકારની મરામતની જરૂર છે એની મનમાં યાદી બનાવે. આ તળાવો પર આવતાં બાળકોની સાથે પોતે રમતો અને જાત-જાતની રમતો રમાડતો. શહેરને ત્રણ બાજુથી ઘેરીને ઊભેલાં તળાવોનો એક ફેરો લગાવવા માટે લગભગ ત્રણ કલાક લાગે. ગેંગજી ક્યારેક સવારે અહિંયા જોવા મળતો તો બપોરે ત્યાં અને તળાવોનો રખેવાળ બની ગયો હતો.

વર્ષાંતે એક એવો સમય આવતો જ્યારે ગેંગજી તળાવોને બદલે શહેરની ગલીએ ગલીઓમાં ઘૂમતા જોવા મળતા. સાથે હોય બાળકોની ફોજ દરેક ઘરનો દરવાજો ખુલ્યા પછી એમને વગર માંગ્યે એક રૂપિયો મળી જતો. વરસોથી દરેક ઘરવાળા જાણતા હતા કે ગેંગજી માત્ર એક રૂપિયા જ માગે છે ન વધુ ન ઓછું. રૂપિયા એકઠા કરવાનું કામ પુરુ થાય કે તરત જ શહેર આખાનાં બાળકોને ભેળા કરે. બાળકોની સાથે તગારાં, ઘમેલાં, પાવડા, કોદાળી પણ ઢગલો એક આવે. પછી એક પછી બીજું એક તળાવ સાફ થવા લાગે. કાંપ કાઢીને પાળ ઊપર નાખવામાં આવતો. દરેક તળાવના ઓગરાનો કચરો પણ આ જ પ્રમાણે સાફ કરવામાં આવે. એક તગારા માટીના બદલામાં બાળકોને બે આના ઈનામ મળતું.

ગૈંગજી કલ્લા ક્યારથી આ કામ કરી રહયો હતો આજે કોઇને પણ યાદ નથી. બસ એટલું જ યાદ છે કે આ કામ સને ૫૫-૫૬ સુધી ચાલતું રહયું -એમના મૃત્યપર્યંત.

શહેરને આ મૃત્યુ જેવું સંભારણુ બીજુ નથી. સમગ્ર શહેર નિરપવાદ રીતે સામેલ હતું એમની અંતિમયાત્રામાં. એક તળાવના નીચવાસમાં જ બનેલા ઘાટ પર એમનો અંતિમ સંસ્કાર થયો. પછીથી ત્યાં જ એમની સમાધિ બનાવવામાં આવી.

જે કોઈ તળાવ બનાવતું હતું, સમાજ એમને સંત બનાવી દેતો હતો. ગૈંગજીએ તળાવ તો જો કે નહોતું બનાવ્યું પણ પહેલાં બનેલાં તળાવની રખેવાળી કરી હતી. તેઓ પણ સંત બની ગયા હતા.

ફલોદીમાં તળાવોની સફાઇનો ખેલ સંત રમાડતો હતો તો જેસલમેરમાં આ ખેલ ખુદ રાજા રમતા હતો.

બધાને પહેલેથી જ ખબર રહેતી હતી તો પણ શહેર આખામાં ઢંઢેરો પીટાતો હતો. રાજા તરફથી, વર્ષના અંતિમ દિવસે, ફાગણ વદી ચૌદશે નગરના પ્રમુખ સરોવર ઘડસીસર ઉપર ઉલ્લાસ (લ્હાસ) ખેલવાનું તેડું છે. એ દિવસે રાજા, એમનો આખોયે પરિવાર, દરબારીઓ, લશ્કર અને આખીયે વસ્તી કોદાળી, પાવડા અને તગારાં લઇને ઘડસીસર પર એકઠી થતી. રાજા તળાવની માટી ખોદીને પહેલું તગારું ભરતો અને એને પોતે જાતે જ ઉપાડીને પાળ ઉપર ઠાલવતો. બસ વાજતે-ગાજતે લ્હાસ શરૂ થતો.વસતી બધીનું ખાવા-પીવાનું રાજા તરફથી થતું. રાજા અને પ્રજા બધાયના હાથ માટીથી રંગાઇ જતા. રાજા એવા તન્મય થઇ જતા કે એ દિવસે એમના ખભા સાથે કોઇનો પણ ખભો અથડાઇ જતો, દરબારમાં એ સુલભ નહોતું, આજે એ તળાવના દરવાજે માટી ઉઠાવે છે. રાજાની સુરક્ષા કરવાવાળા એમના અંગરક્ષકો પણ માટી ખોદે છે, માટી ઉપાડે છે.

આવા જ એક લ્હાસના ઉત્સવ સમયે જેસલમેરના રાજા તેજસિંહ ઉપર હુમલો થયો હતો. તેઓ પાળ પર જ મરાયા. પરંતુ લ્હાસ ખેલવાનું બંધ ન થયું. એ ચાલતું રહયું, ફેલાતું રહયું. મધ્ય પ્રદેશના ભીલ સમાજમાં આજે પણ લ્હાસ ખેલાય છે, ગુજરાતમાં પણ લ્હાસનો રિવાજ છે. અહીં આ પરંપરા તળાવોથી આગળ વધીને સમાજના એવા કામની સાથે જોડાઇ ગઇ હતી, જેમાં સહુની મદદ જોઇએ.

સહુને માટે સૌની મદદ. આ પરંપરાથી તળાવો બનતાં હતાં, આનાથી એની સાર-સંભાળ લેવાતી હતી. માટી ખોદાતી હતી, માટી નંખાતી હતી. સમાજનો ખેલ લ્હાસના ઉલ્લાસ વડે ચાલતો હતો.

# સહસ્રનામ

ઉલ્લાસની ઉંચાઈને દર્શનના ઊંડાણ સાથે જોડવાનારા લોકો સમગ્ર જીવનને કેવળ પાણીનો એક પરપોટો માનતા રહ્યા છે અને આ સંસારને વિશાળ સાગર. આમાં પેઢીઓ આવે છે, પેઢીઓ જાય છે, યુગ આવે છે યુગ જાય છે બરાબર સાગરનાં મોજાંઓની જેમ. જીવન અને મૃત્યુનાં મોજાંઓથી લહેરાતા આ ભવસાગરમાંથી પાર ઉતરવા માટેનું લક્ષ્ય રાખનારા સમાજે ભાતભાતનાં તળાવો બનાવ્યાં છે અને બહુ જ હોંશપૂર્વક એનાં નામાભિધાન કર્યાં છે. આ નામો તળાવોના ગુણો થી, સ્વભાવ પરથી તો ક્યારેક વળી કોઈ ખાસ બનાવ કે ઘટના પરથી રાખવામાં આવતાં હતાં. કેટકેટલાં નામો, કેટકેટલા પ્રકારો ક્યાંક ભાષાનો કોષ ટૂંકો પડે તો બોલીમાંથી ઉધાર લેતા હતા, તો ક્યારેક વળી સંસ્કૃત સુધી પહોંચી જતા હતા.

સાગર, સરોવર અને સર તો બધેય જોવા મળશે. સાગર ક્યાંક લાડ પ્યારમાં સાગરા બની જાય છે અને મોટે ભાગે વિશાળ તળાવના અર્થમાં કામ આવે છે. સરોવર ક્યાંક સરવર છે. સર સંસ્કૃત શબ્દ સરસમાંથી બન્યો છે અને ગામડાંઓમાં એનો રસ સેંકડો વરસોથી સરના રૂપમાં મળી આવે છે. આકારમાં મોટાં અને નાનાં તળાવોનાં નામકરણ પુલ્લિંગ અને સ્ત્રીલ્લિંગ શબ્દોની આ જોડીઓ સાથે જોડાય છે. જોહડ-જોહડી, બંધ-બંધિયા, તાલ-તલૈયા, તથા પોખર-પોખરી. આ જુવાલજોડી મુખ્યત્વે રાજસ્થાન, મધ્યપ્રદેશ, છત્તીસગઢ, ઉત્તરપ્રદેશ, ઉત્તરાંચલ, બિહાર, બંગાળમાં ઠેકઠેકાણે અને સરહદ પાર નેપાળમાં પણ પોખર સંસ્કૃત ભાષાના પુષ્કરમાંથી મળ્યો છે. અન્ય સ્થળે તો ગામડે ગામડે પોખર હતાં. પણ બંગાળમાં તો ઘરે ઘરે પોખર ! મોટેભાગે ઘરના પાછળના ભાગમાં નાનાં-નાનાં, છીછરાં પોખર મુખ્યત્વે માછલી-પાલન માટે હતાં. ત્યાં તળાવ માટે પુષ્કરણી શબ્દ પણ પ્રચલિત રહ્યો છે. પુષ્કર તો હતો જ. પુષ્કરની પાછળ શ્રધ્ધા અને આદરભર્યો જી શબ્દ લાગવાથી એ સામાન્ય પોખર ન રહેતાં. એક અતિવિશિષ્ટ તળાવ બની જાય છે. રાજસ્થાનમાં અજમેરની પાસે પુષ્કરજી નામનું એક પ્રસિદ્ધ તીર્થધામ છે. અહીં બ્રહ્માજીનું મંદિર છે.


સૌથી વધારે પ્રચલિત નામ તો તળાવ જ છે પણ તળાવના નામકરણમાં આ શબ્દનો ઉપયોગ તો બહુ જ ઓછો જોવા મળે છે. ડિગ્ગી નામ હરિયાણા, પંજાબ અને દિલ્હીમાં પ્રચલિત હતું. પાણી સંઘરવાના નાના હોજથી માંડીને મોટાં તળાવ સુધી પણ ડિગ્ગી નામ જોડવા મળે છે. એક જમાનામાં લાલ કિલ્લાની બરાબર સામે લાલ ડિગ્ગી નામનું એક મોટું

તળાવ હતું. અંબાલામાં આજે પણ કેટલાંયે તળાવો છે અને એ બધાં ડિગ્ગી જ કહેવાય છે. ડિગ્ગી શબ્દ મૂળ સંસ્કૃત દીધી અને દીર્ધિકામાંથી લેવામાં આવ્યો છે.

ખૂબ સરસ તળાવોનાં નામ પણ કુંડ અને હોજ મળે છે. મધ્ય પ્રદેશના ખંડવા શહેરમાં કુંડ નામથી જાણીતાં કેટલાંય તળાવો છે. હોજનું એકદમ જાણીતું દ્રષ્ટાંત દિલ્હીનું હોજ-ખાસ છે જે આજે તળાવ કરતાં પણ ખાસ તો એક મહોલ્લા તરીકે ખાસ જાણીતું છે.

તાલ તો ઘણી જગ્યાએ છે પણ એની સાથે બંધબેસતો શબ્દ 'ચાલ' એક માત્ર વિસ્તાર પૂરતો મર્યાદિત રહી ગયો. આ ક્ષેત્ર છે ઉત્તરપ્રદેશ હિમાલયનો વિભાગ (આજકાલ જેને ઉત્તરાંચલ તરીકે જાણીએ છીએ) આ પહાડી વિસ્તારમાં ક્યારેક એક જમાનામાં ગામડે ગામડે ચાલ હતાં. મેદાની પ્રદેશ અને ગામડાંઓમાં તાલ વસ્તીની વચ્ચે અથવા તો વસ્તીની પાસે બને છે, પણ પહાડીગામોમાં ચાલ ગામથી ઉપરવાસે દૂર બનતાં હતાં. ચાલોનો ઉપયોગ પીવાના પાણી માટે સીધેસીધો નહોતો કરવામાં આવતો, પણ આ ચાલોને કારણે ગામનાં ઝરણાંઓ આખુંએ વર્ષ સજીવન રહેતાં હતાં. પહાડીઓમાં પડતા પહેલા ભારે વરસાદના પાણીના જથ્થાથી અચાનક આવતી રેલને રોકવા અને આખું એ વર્ષ ઝરણાને સજળ રાખવા માટે ચાલોનું ચલણ એટલું બધું હતું કે લોકો પોતાના ગામોથી ઉપરવાસમાં લગભગ ત્રીસ-ચાલીસ ચાલ બનાવી લેતા હતા.

સાધારણ રીતે ચાલ ત્રીસ ડગલાં લાંબી એટલી જ પહોળી અને ચાર-પાંચ હાથ ઊંડી બનતી હતી. ચાલ માટે કોઈ એક વ્યક્તિની જવાબદારી નહોતી ગણાતી. સહુ સાથે મળીને



એને બનાવતા હતા અને ગામ સમસ્ત એની સફાઇ પણ કરતું હતું. ઝરણાંને જીવતા રાખવા ઉપરાંત ગામનાં ઢોર-ઢાંખર અને વનનાં જાનવરોને પણ પીવાના પાણી માટે મોટો આશરો હતો.


હિમાલયમાં ચાલ ક્યાંક ખાલ છે, ક્યાંક તોલી છે તો ક્યાંક ચૌરા પણ છે. આસપાસનાં ગામો આના નામે જ ઓળખાય છે. જેવાં કે ઉફરેખાસ કે રાનીચૌરા અને દૂધાતોલી. ઠેઠ ઉત્તરભારતના આ શબ્દો દક્ષિણ ભારત સુધી ચાલ્યા ગયેલા જોવા મળે છે. કેરળ અને આંધ્રપ્રદેશમાં ચૌર અને ચેરુવુ જેવા શબ્દો તળાવના અર્થમાં વપરાતા જોવા મળે છે.

ચોતરફ બાંધેલા પાકા ઘાટથી ઘેરાયેલા તળાવને ચોપરા- ચૌપરા કે ચૌપડા પણ કહે છે. ચૌપડા ઉજ્જૈન જેવા પ્રાચીન નગરમાં, ઝાંસી જેવા ઐતિહાસિક શહેરમાં અને ચિરગાંવ જેવા સાહિત્યિક સ્થાનમાં પણ છે.

ચૌપરાને જ મળતું એક નામ ચૌઘરા પણ છે. ચારેબાજુએ સુંદર મઝાના પાકા બાંધેલા ઘાટવાળું તળાવ ચૌઘરા કહેવાય છે. આ જ પ્રમાણે તિઘરા પણ છે. આમાં એક બાજુ સંભવતઃ આવકની તરફનો ભાગ બાંધ્યા વિનાનો જ છોડી દેવામાં આવતો હતો. ચાર ઘાટ અને ત્રણ ઘાટથી પણ આગળ વધીને ચારઘાટ અને ત્રાણ ઘાટથી પણ આગળ વધીને આઠ ઘટ્ટી પોખર પણ હતાં. એટલે કે આઠ ઘાટવાળાં અલગ અલગ વિભિન્ન ઘાટોનો  ઉપયોગ વિવિધ રીતે થતો હતો. ક્યાંક જુદી જુદી જાતિઓ માટે જુદાં જુદાં તળાવો બનતાં હતાં, તો ક્યાંક વળી એક જ મોટા તળાવ પર જુદી જુદી જાતિઓ માટે જુદાં જુદાં તળાવો બનતાં હતાં, તો ક્યાંક વળી એક જ મોટા તળાવ પર જુદી જુદી જાતિઓ માટે અલગ અલગ ઘાટ બનાવી દેવામાં આવતા. એમાં સ્ત્રીઓ  અને પુરુષોના નહાવાને માટે પણ અલગ વ્યવસ્થા થતી હતી. છત્તીસગઢમાં ડૌકીઘાટ સ્ત્રીઓ માટે જ્યારે ડૌકાઘાટ પુરુષોને માટે બનતા હતા. ક્યાંક પણ ગણેશજી તો બીજે વળી મા દુર્ગાનુ બેસાડવામાં આવતાં, તો ક્યાંક વળી તાજીયા. આમ બધાના અલગ અલગ ઘાટ. આવા પ્રકારનાં તળાવોમાં આઠ ઘાટ બની જતા અને પછી એ અઠઘટ્ટી કહેવાતા હતા.

અઠઘટ્ટી તળાવ તો દૂરથી દેખાઇ આવે પણ ગુહિયા પોખર તો ત્યાં પહોંચ્યા પછી જ દેખાય. ગુહિયા એટલે ગુહ્ય-ગુમ-સંતાયેલું તળાવ. આ તળાવ આકારમાં નાનાં હતાં અને મોટેભાગે  વરસાદી પાણીના એકઠા  થવાથી પોતાની રીતે જ બની જતાં હતાં. બિહારમાં બે ગામોની  વચ્ચે આવેલી આવાવરું જગ્યામાં  આજે પણ ગુહિયા તળાવ જોવા મળે છે.

આપોઆપ બનેલાં આવાં જ તળાવોનું બીજું એક નામ છે અમહાતાલ. છત્તીસગઢીમાં અમહાનો અર્થ છે અનાયસ. ગામોની પાસે આવેલાં ગાઢ જંગલોમાં કુદરતી રીતે



નીચાણવાળી જમીનમાં પાણી જમા થાય છે. ઢોર-ઢાંખરની સાથે આવતાં-જતાં આવાં તળાવો અનાયસ જ મળી જાય છે. એ રસ્તે આવવા-જવાવાળા લોકો આવાં તળાવોને ઠીકઠાક કરી લે છે અને એનો ઉપયોગમાં લેવા માંડે છે.

અમહાનો એક અર્થ આમ(કેરી) તો છે જ. આંબાના વૃક્ષો વડે, વિશાળ આંબાવાડિયાથી ઘેરાયેલું તળાવ 'અમહા તરિયા', અમહા તાલ અથવા આમા તરિયા કહેવાય છે. એ જ પ્રમાણે અમરોહા હતું. આજે તો એ એક શહેરનું નામ છે પણ એક સમયે આમના વૃક્ષોથી ઘેરાયેલા એક તળાવનું નામ હતું. ક્યાંક ક્યાંક આવાં તળાવો અમરાહ પણ કહેવાતાં. પછી તો જેમ અમરાહ એમ જ પીપરાહ. આખી એ પાળ ઉપર પીપળનાં વિશાળ વૃક્ષોની હાર. અમરાહ-પીપરાહમાં પાળ ઉપર અથવા એની નીચે વાવેલાં ઝાડ ગમે તેટલાં હોય પણ એ ગણી શકાય છે, પણ લખપેડા તાલ નો લાખો વૃક્ષોથી ઘેરાયેલું રહેતું. અહીં લાખનો અર્થ અગણિત છે. ક્યાંક ક્યાંક આવાં તળાવોને લખરાંવ પણ કહે છે.

લખરાંવને પણ ભૂ પાઈ દે એવું હતું ભોપાલ તાલ. આની વિશાળતાએ આસપાસ રહેવાનારાઓના ગર્વને કોઈ કોઈ વખત ઘમંડમાં બદલી દીધું હતું. કહેવતમાં પણ બસ એક આને જ તળાવ માન્યું. તળાવ તો બસ એક જ ભોપાલ તાલ, વિશાળ તળાવનું એકદમ સંક્ષિપ્ત વર્ણન આપણને ચકિત કરી દે છે. અગિયારમી સદીમાં રાજા ભોજ દ્વારા બનાવવામાં આવેલું આ તળાવ ૨૫૦ ચોરસ માઈલના ઘેરાવમાં ફેલાયેલું છે અને ૩૬૫ જેટલાં નદી, નાળાં વડે ભરાતું હતું. માળવાના સુલતાન હોશંગશાહે પંદરમી સદીમાં કોઈ ખાસ કારણથી આને તોડ્યું. આ કામ એને માટે યુદ્ધથી જરા પણ કમ નહોતું એને તોડવા માટે હોશંગશાહે આખીય ફોજને ઉતારવી પડી. આવડી મોટી શાહી ફોજને પણ એને તોડવા માટે પૂરા ત્રણ માસ લાગ્યા. અને પછીનાં ત્રણ વર્ષ સુધી સતત આ તૂટેલા તળાવનું પાણી વહેતું રહ્યું, ત્યાર પછી જ એનું તળિયું દેખાયું. પણ એના તળીયામાં કાદવ તો રહ્યો ત્રીસ વર્ષ સુધી. સુકાય પછી તેમાં ખેતી શરૂ થઈ, ત્યારથી તે આજ લગી આમાં ઉમદા પ્રકારના ઘઉં પેદા થયા કરે છે.



મોટાં તળાવોની વાત અહીં જ રાખીએ, વળી પાછી આવીએ નાનાં તળાવો ઉપર. છીછરાં અને નાનાં તળાવો ચિખલિયા કહેવાતાં હતાં. આ નામ ચિખડ એટલે કે કીચડમાંથી

બન્યું હતું. આવાં તળાવોનું એક જૂનું નામ ડાબર પણ હતું. આજે એનું બગડેલું સ્વરૂપ ડબરા શબ્દમાં જોવા મળે છે. બાઈ અથવા તો બાય પણ આવાં જ નાનાં તળાવોનાં નામ હતાં. પાછળથી આ નામ તળાવથી હટીને વાવમાં જોડાઈ ગયું. દિલ્હીમાં કુતુબમિનારની પાસે રાજોની બાવ નામની વાવડી આ શબ્દની માફક જ આજે તો પુરાણી બની ગઈ છે.

જૂનાં વિસરાતાં નામોમાં નિવાણ, હ્રદ, કાસાર, તડાગ, તામ્રપર્ણી, તાલી, તલ્લ પણ યાદ કરી શકાય છે. આમાં તલ્લ એક એવું નામ છે જે સમયના લાંબા અરસાને પાર કરીને બંગાળ અને બિહારમાં તલ્લાના રૂપમાં આજે પણ જોવા મળે છે. એ જ પ્રમાણે જૂનું થઈને ડૂબી ગયેલું જળાશય નામ હવે સરકારી, સિંચાઈ વિભાગમાં ફરીથી ઉપર આવ્યું છે. કેટલીયે જગ્યાએ બહુ જ જૂનાં તળાવોનાં નામો જો યાદ રાખવા લાયક ન લાગ્યાં હોય તો સમાજમાંથી એ ખતમ થઈ જતાં અને ત્યાર પછી કોઈ એક નવું નામ મળી જતું. પુરનૈહા એટલે કે ઘણું જ પુરાણું તળાવ. આસપાસનાં તળાવોની ગણતરીમાં સહુથી છેલ્લે બનેલું તળાવ તે નવતાલ, નવું તળાવ તરીકે જાણીતું હતું. એ નામ જૂનું થઈ જાય તો પણ એ જ જૂના નામથી ઓળખતું હતા.

ગુચકુલિયા એવા તળાવને કહેતા કે જે હોય તો નવું જ પણ કિનારેથી જ જે ઊંડું હોય. પલ્લવ પણ આ જ પ્રકારનાં ઊંડા તળાવ માટેનું જૂનું નામ છે. સમયની દોડમાં આ બધાં નામો પાછળ રહી ગયાં છે. આજે આની યાદ કેવળ દિલ્હીની પાસે આવેલા એક નાના અમથા કસ્બા અને એવા સ્ટેશન પલવલના રૂપમાં બચેલી છે, જેની પર રેલગાડીઓ વણથંભી દોડયા કરે છે.

ખદુઅન છત્તીસગઢમાં એવાં તળાવોને કહેવામાં આવે છે કે જેનું પાણી એકદમ જ સાફ રહે છે અને જે પીવાના કામમાં આવે છે. પનખત્તી તળાવ કેવળ વપરાશ માટે કામ આવે છે. એવી જ રીતે લેંડયા તાલ અને પણ નિસ્તારી શૌચ અને ઢોરના ઉપયોગ માટે હોય છે.

અલગ-અલગ સ્વતંત્ર તળાવ સિવાય ક્યાંક ક્યાંક એકબીજા સાથે જોડાયેલાં તળાવોની સાંકળ બનાવવામાં આવે છે. એકનું વધતું પાણી બીજામાં, બીજાનું ત્રીજામાં, આમ આખી હારમાળા બને છે. આ કીમિયો અલ્પ વરસાદવાળા રાજસ્થાન અને આંધ્રના રાયલસીમા વિસ્તારમાં, સરેરાશ પૂરતા વરસાદવાળા બુંદેલખંડ અને માળવામાં તે વળી વધુ વરસાદવાળા ક્ષેત્ર ગોમાંતક (ગોવા) અને કોંકણમાં સમાન રીતે જોવા મળે છે. ઉત્તરમાં સાંકળ અને દક્ષિણમાં દશફલા પદ્ધતિ છે.

તળાવોની આ સાંકળ સાધારણ રીતે જોઈએ તો એકથી વધારે એટલે કે બે થી માંડીને દસ તળાવો સુધી ચાલે છે. સાંકળ માત્ર બે તળાવોની જ બનેલી હોય અને બીજું તળાવ

પહેલાંની સરખામણીએ બહુ જ નાનું હોય તો એ છિપીલાઈ કહેવાય છે. એટલે કે પહેલા મોટા તાલની પડખે છૂપાયેલી તલાવડી.

પરંતુ જે તળાવ એકદમ સામે જ છે અને ખૂબ સુંદર પણ છે, નામ એનું જે હોય તો પણ લોકોની જીભે તો એ સગુરી તળાવ પણ કહે છે. જે તળાવમાં મગરમચ્છ રહેતા હતા, એનું નામ ભલેને મોટા રાજાના નામથી હોય, લોકો પોતાની સાવચેતી અને ચેવતણી માટે એનું નામ મગરાતાલ, નકયા અથવા તો નકરાતાલ રાખી લેતા. મૂળ સંસ્કૃત નક્ર એટલે મગર પરથી નકરા બન્યું છે.. કોઈ કોઈ ઠેકાણે ગધયાતાલ પણ છે. તેમાં મગરની માફક જો ગધેડા રહેતા નહોતા. પણ ગધેડા એટલે ભારવાહક, એક ગધેડો જાડા રાંઢવાનો જેટલો જથ્થો ઉપાડી શકે એટલા રાંઢવાની લંબાઈ જેટલી ઊંડાઈનું તળાવ એ ગધયાતાલ. કોઈ કોઈ વખત કોઈ દુર્ઘટના કે ઘટના પણ તળાવનું જૂનું નામ ખતમ કરી દેતી. જ્યાં ત્યાં બાહ્મનમારા તાલ જોવા મળે છે. એનું ખરું નામ તો કંઈક જુદું જ હશે, પણ કોઈ વેળા એમાં કોઈ બ્રાહ્મણ સાથે કોઈ દુર્ઘટના ઘટી હશે એથી પછીથી એને બહ્મનમારાની જેમ જ યાદ રાખવામાં આવ્યું. આવા જ પ્રકારનું એક બીજું નામ છે વેરાગીતાલ. આની પાળ પર બેસીને કોઈ વેળા કોઈ વેરાગી બની ગયું હશે.

નદીઓના કિનારે નદયાતાલ મળી આવે છે. આવાં તળાવો પોતાની આવથી નહીં, પણ નદીની રેલથી ભરાતાં હતાં. નદીઓને બદલે કોઈ પાતાળપાણીથી ભરાતાં તળાવને ભૂફોડતાલ કહેતા હતા. આવાં તળાવોની એવી જગ્યાએ વધારે પ્રમાણમાં હતાં જ્યાં ભૂતળનું સ્તર ઠીક ઠીક ઊંચું રહેતું હતું. ઉત્તર બિહારમાં આજ પણ આવાં તળાવો છે અને કેટલાંક નવા પણ બન્યાં છે.

સારી સાર-સંભાળના જમાનામાં પણ ક્યારેક ક્યારેક કોઈ ખાસ કારણે એકાદું તળાવ સમાજને માટે અનુપયોગી થઈ જતું હતું. આવાં તળાવને હાતીતાલ કહેતા હતા. સંસ્કૃત ભાષાના શબ્દ હાતી તે પરથી બન્યો છે હત એટલે કે નષ્ટ થઈ જવું. 'હત તારી ની' જેવા ચાલુ ઉપયોગમાં હતા તારા ભાગ્યની જે એટલે કે તારું ભાગ્ય નષ્ટ થઈ જાય, એવા અર્થમાં છે. હતપ્રભ અને હતઆશા એટલે કે હતાશા પણ આ જ રીતે બોલાય છે. આ જ રીતે હાતીતાલ એટલે છોડી દેવામાં આવેલા તળાવને માટે અપનાવવામાં આવેલું નવું નામ હતું. પરંતુ હાથીતાલ સાવ જ ભિન્ન નામ છે. એવું તળાવ કે જેની ઊંડાઈ હાથી જેટલી હોય.

ફરી પાછા હાતીતાલ પર આવીએ. આ નામ સંસ્કૃતમાંથી ખૂબ લાંબી સફર કરીને થાકેલું દેખાય તો સીધું બોલીમાંથી જ તાજું દેખાતું નામ ફૂટાતાલ-ફાટેલ તળાવ પણ આમ તેમ ટમળી જાય.

જે તળાવ ઉપર કોઈ વેળા જાનીવાસો-જાનનો ઉતારો આપ્યો હોય, દસ-બાર જાન આવીને અહીં ઉતરી હોય એનું નામ બરાતીતાલ નામ પડી જતું હતું. પરંતુ મિથિલા (બિહાર) દુલ્હાતાલ-વરરાજાતાલ એક ખાસ તળાવ છે. મિથિલા સીતાજીનું પિયર છે. એમના સ્વયંવરની સ્મૃતિમાં અહીં આજે પણ સ્વયંવર યોજાય છે. ફરક માત્ર એટલો જ છે કે વરની વરણી કન્યા નથી કરતી, પણ કન્યાપક્ષ કરે છે. દુલ્હાતાલ પર એક નિશ્ચિત તિથિના દિવસે કેટલાય છોકરાવાળા પોતાના છોકરા લઈને ભેળા થાય છે. પછી કન્યાપક્ષના લોકો એમાંથી પોતાની કન્યા માટે યોગ્ય મુરતીયો પસંદ કરી લેતા હતા. આવાં તળાવો છત્તીસગઢમાં જોવા મળે છે. અહીં એનું નામ દુલહારાતાલ છે.

કેટલાય તળાવોનાં નામ લાંબી લાંબી કથાઓમાંથી નીકળ્યાં છે. લાંબા સમય સુધી આ તળાવોએ સમાજની સેવા કરી છે અને લોકોએ લાંબા સમય સુધી આની લાં.....બી.... કથાઓને જેમની તેમ યાદ રાખી છે. આવાં તળાવોમાં એક નામ છે, 'હા હા પંચકુમારી તાલ.' બિહારમાં મુંગેરની પાસે આ તળાવ એક ઊંચા ડુંગરની નીચે બનેલું છે. કથામાં એક રાજા છે, એની પાંચ કુંવરીઓ છે. જે કંઈક નિરાશા અને અસંતોષને કારણે ઊંચે પહાડ પરથી કૂદીને તળાવમાં ડૂબીને પ્રાણ આપી દે છે. આ પાંચેયના શોકમાં તળાવનું મૂળ નામ પણ ડૂબી ગયું અને લોકોએ તળાવને હા હા પંચકુમારીના નામથી યાદ રાખ્યું આજ દિવસ સુધી.

બિહારમાં લખી સરાય ક્ષેત્રની નજીકમાં એકી ઝાટકે ૩૬૫ તળાવો બની ગયાં હતાં. કથા છે કે કોઈ રાણી હતી જે દરરોજ એક નવા તળાવમાં સ્નાન કરવાનું ઇચ્છતી હતી. આવી વિચિત્ર ટેવને લીધે આખો યે વિસ્તાર તળાવોથી ભરાઈ ગયો. આ કથાવાળાં લગભગ એક તળાવે તો આજે પણ અહીં જોવા મળી જશે અને એને પરિણામે જ આ વિસ્તારનું ભૂગર્ભ જલસ્તર આજે પણ ખૂબ જ ઉંચું છે.


પોખર મોટે ભાગે નાનાં તળાવો માટે વપરાય છે પણ બરસાને (મથુરા)માં આ શબ્દ મોટા તળાવને માટે પણ વપરાયો છે. રાધાજીના હાથની હળદર ધોવાનો પ્રસંગ આની સાથે મધુર રીતે જોડાયેલો છે. પોખરનું પાણી પીળું પડી ગયું નામ પડી ગયું પીળી પોખર.

રંગ પરથી સ્વાદ પર આવીએ. મહારાષ્ટ્રના મહાડ ઈલાકામાં એક તળાવનું પાણી એટલું બધું સ્વાદિષ્ટ હતું કે એ તળાવનું નામ જ ચવદારતાલ એટલે કે મસાલેદાર તળાવ બની ગયું. સમાજની પડતીના અરસામાં આ તળાવ ઉપર કેટલીક જ્ઞાતિઓના પ્રવેશ ઉપર પ્રતિબંધ લાગી ગયો હતો. સને ૧૯૨૭માં શ્રી ભીમરાવ આંબડકરે આ ચવદારતાલ થી જ દલિતોધ્ધારના રાષ્ટ્રીય આંદોલનનો પ્રારંભ કર્યો હતો.

અરવલ્લીની પહાડીઓની વચમાં આવેલા માઉન્ટ આબુની બરાબર મધ્યમાં આવેલું નખી સરોવરની વિચિત્રતા પણ જાણી લો. કહેવાય છે કે આ સરોવર દેવતાઓએ અને ઋષિઓએ પોતાના નખથી ખોદયું છે. જે સમાજમાં સામાન્ય લોકો પણ તળાવ બનાવવામાં પાછળ નહોતા રહેતા ત્યાં દેવતાઓનું યોગદાન કેવળ એક તળાવનું જ કેમ હોય ?

ગઢવાલના સહસ્રતાલ નામના એક વિસ્તારમાં ખરેખર સેંકડો તળાવો છે. હિમાલયનો આ વિસ્તાર દસ થી તેર હજાર ફૂટની ઊંચાઈ પર આવેલો છે. અહીં પ્રકૃતિનું એક રૂપ - વનસ્પતિ વિદાય લેવાની તૈયારી કરી રહી છે અને બીજું રૂપ હિમ પોતાની સત્તા જમાવવાની. આસપાસ દૂર દૂર સુધી કોઈ જ માનવ વસ્તી નથી.નજીકમાં નજીકનું ગામ પાંચ હજાર ફૂટ નીચે છે અહીંના લોકો બતાવે છે કે સહસ્રતાલ એમણે નહીં દેવતાઓએ જ બનાવેલાં છે.

જયપુરની પાસે બનેલું ગોલાતાલ વિચિત્ર ઘટનાઓમાંથી નીકળેલાં તળાવોમાં ખરેખર સચિત્ર વર્ણન કરવા લાયક છે દેખાવે ગોળ છે તેથી કાંઈ ગોલા નથી કહેવાયું. કહેવાય છે કે આ તળાવ એક તોપના ગોળાથી બન્યું હતું. ત્યારે હજુ જયપુર શહેર નહોતું વસ્યું. આમેર રાજધાની હતી. કિલ્લો હતો જયગઢ. જયગઢના રાજાએ જયબાણ નામની એક મોટી



તોપ બનાવી હતી. એની મારક ક્ષમતા ઘણી બધી વધારે હતી. આનો ગોળો વીસ માઇલ (૩૨ કિ.મી.) દૂર સુધી જઇ શકતો હતો. જયબાણ તોપ જયગઢ કિલ્લાની અંદર આવેલા તોપ કારખાનામાં ઢાળી હતી. મારક ક્ષમતા ના પરીક્ષણ માટે તેને કિલ્લાના એક બુર્જ પર ચઢાવવામાં આવી અને તૈયાર કરીને જામગરી ચાંપવામાં આવી. ગોળો પડયો વીસ માઇલ દૂર ચાકસૂ નામની એક જગ્યાએ. વિસ્ફોટ એટલો તો પ્રચંડ હતો કે તેનાથી લાંબો-પહોળો ઊંડો એક ખાડો પડી ગયો. પછીના ચોમાસામાં તેમાં પાણી ભરાયું અને પછી ક્યારેય સૂકાયું નહીં.

આ રીતે જયબાણ તોપે બનાવ્યું ગોલાતાલ. જયબાણ તોપ ત્યાર પછી કદી ચાલી નહીં. પરીક્ષણ પછી શાંતિ સ્થપાઇ ગઇ. કહે છે કે આના પછી કોઇએ એ તરફ હુમલો કરવાની હિંમત ન કરી. ગોલાતાલ આજે પણ ભર્યું છે અને ચાકસૂ શહેરને પાણી આપી રહ્યું છે. અણુબોંબ અથવા તો અણુશક્તિના શાંતિમય ઉપયોગની વાતો તો ઘણી બધી થઇ હતી, આપણે ત્યાં પણ થઇ. આ જ રાજસ્થાનમાં પોખરણમાં એનો વિસ્ફોટ થયો પણ કોઇ ગોલાતાલ ન બન્યું. જો બન્યું હોત તો વિકિરણને કારણે ન બનવા કરતાં પણ વધારે નુકસાન કરતે.

ક્યારેક ક્યારેક કોઇ વિસ્તારમાં કોઇ એક તળાવ લોકોના મનમાં બીજા બધાં કરતાં વધારે છવાઇ જાય છે. ત્યારે એનું નામ ઝૂમરતાલ બની જાય. ઝૂમર છે માથાનું એક આભૂષણ ઝૂમરતાલ એ પ્રદેશનું માથું ઊંચુ કરી દેતું, જેવી રીતે દીકરી ને લાડમાં આપણે દીકરા કહીએ છીએ. એ પ્રમાણે એને ઝૂમરીતલૈયા કહેવાતું. સાવ જ જુદા પ્રસંગમાં એક ઝૂમરીતલૈયાનું નામ વિવિધભારતીને કારણે ઘરે ઘરે પહોંચી ગયું હતું.

ભારતી, ભાષાની વિવિધતા, તાલ-તલૈયાની વિવિધતા સમાજનું માથું ઊંચું કરતી હતી.

# મૃગતૃષ્ણાને ખોટી ઠેરવે છે તળાવ

દેશ આખામાં પાણીનું કામ કરવાવાળો સમાજ અહીં રેગિસ્તાનમાં મૃગજળથી ઘેરાઈ ગયો હતો.

આ પ્રદેશ આત્યંતિક રીતે ગરમ અને સૌથી વધારે સુકો પ્રદેશ છે. આખાએ વર્ષમાં લગભગ ૩ ઈંચથી માંડીને ૧૨ ઈંચ વરસાદ થાય છે. જેસલમેર, બાડમેર અને બીકાનેરના કોઈ કોઈ ભાગોમાં પૂરા એક વર્ષમાં બસ એટલું જ પાણી વરસે છે જેટલું દેશના અન્ય ભાગોમાં એક દિવસમાં પડી જાય છે. સૂરજ પણ અહીં સૌથી વધારે ચમકે છે અને તે પણ પોતાની પૂરી પ્રખરતાથી. એમ લાગે જાણે ગરમીની ઋતુ દેશમાં અહીંથી પ્રવેશ કરે છે અને અન્ય રાજ્યોમાં પોતાની હાજરી પૂરાવીને પાછી અહીં આવીને રહી પડે છે. ઉષ્ણતામાનનો પારો ૫૦° સે. ગ્રે. ન પહોંચે તો અહીંના લોકોમાં એનાં માન ઘટી જાય છે. ભૂતળનું જળ પણ અહીં સહુથી વધારે ઊંડું છે. અને પાણીના અભાવને જ રેગિસ્તાનનો સ્વભાવ માનવામાં આવ્યો છે. પરંતુ અહીંના સમાજે આને માત્ર એક અભિશાપની માફક નહીં પરંતુ કુદરતની એક લીલાના ભાગરૂપે જોયો અને પછી એક કુશળ નટની અદાથી સજધજ થઈને એ લીલામાં સામેલ થઈ ગયો.

ચોતરફ ઝાંઝવાનાં જળથી ઘેરાયેલી તપતી મરુભૂમિમાં જીવન એક જીવંત સંસ્કૃતિનો પાયો નાખતી વેળા આ સમાજે પાણી સાથે જોડાયેલી નાનામાં નાની બાબતને જોઈ-પારખી હશે. પાણીની બાબતમાં દરેક વિપરિત પરિસ્થિતિમાં એમણે જીવનની રીત શોધવાનો પ્રયત્ન કર્યો અને મૃગજળને ખોટું પાડીને ઠેક ઠેકાણે વિવિધ પ્રકારે પાકો પ્રબંધ કર્યો.

જ્યાં તળાવ નહીં, એટલે કે પાણી નહીં ત્યાં ગામ નહીં. તળાવનું કામ પહેલાં થશે અને એના આધારે ગામ વસશે. મરુભૂમિમાં સેંકડો ગામોનાં નામકરણ ત્યાં બનેલાં તળાવો સાથે જોડાયેલાં છે. બિકાનેર જિલ્લાના બિકાનેર તાલુકામાં -૬૪, કોલાયત તાલુકામાં -૨૦ અને નોખા વિસ્તારમાં -૧૨૩ ગામોનાં નામો 'સર' આધારિત છે. એક તાલુકો લૂણકરણસરના નામ સાથે તો સર છે જ પણ તેમાં આવતાં ૪૫ ગામોનાં નામો સર પર છે. અને જે ગામોનાં નામોમાં સર નથી ત્યાં પણ તળાવ તો ચોક્કસ મળશે જ. હા, બે-

ચાર એવાં પણ ગામ છે જ્યાં ગામમાં સર છે પણ ત્યાં તળાવ નથી. ગામમાં સરોવર બને એવી ઈચ્છા ગામના નામકરણ વખતે ચોક્કસપણે રહેતી હતી. જેવી રીતે પોતાના પુત્રનું નામ રામકુમાર પુત્રીનું નામ પાર્વતી આદિ રાખતી વખતે મા-બાપ પોતાનાં સંતાનોમાં એમના ગુણોની ઝંખના કરે છે.

મોટાભાગનાં ગામોમાં પોતે માનેલું કર્તવ્ય પૂરું કરતા અને જ્યાં કોઈ કારણવશાત્ પૂરું કરી શકાય એને નજીકના ભવિષ્યમાં પૂરું થયેલું જોવાની ઝંખનાએ મરુભૂમિના સમાજને પાણીની બાબતમાં એક રૂઢ સંગરૂનના રૂપમાં ઢાળી દીધો હતો.


મરુભૂમિનો વિસ્તાર આવેલો છે એવા રાજસ્થાનના અગિયાર જિલ્લા : જેસલમેર, બાડમેર, જોધપુર, પાલી, બિકાનેર, ચુરુ, શ્રી ગંગાનગર, ઝુંઝુનૂ, જાલોર, નાગૌર અને સીકર. પરંતુ મરુભૂમિ સઘન રીતે આવેલી છે : જેસલમેર, બાડમેર અને બિકાનેરમાં. અહીં જ દેશમાં સૌથી ઓછો વરસાદ પડે છે, સૌથી વધારે ગરમી છે, રેતીની જોરદાર આંધી પણ અહીં જ છે અને પાંખો લગાવીને અહીંથી ત્યાં ઊડવાનારા રેતીના મોટા મોટા ટીંબા-ધોરા પણ છે. આ ત્રણ જિલ્લામાં પાણીનો સહુથી વધારે માં વધારે અભાવ હોવો જોઈએ. પણ મરુભૂમિના આ ગામોમાં વર્ણન કરતી વેળા વસ્તીગણત્રી કરવાનારાને પણ ભરોસો નથી બેસતો કે અહીં સો એ સો ટકા ગામોમાં પાણીની વ્યવસ્થા છે. અને એ વ્યવસ્થા મોટાભાગનાં ગામોમાં મરુભૂમિના સમાજે પોતાના બળ પર કરી હતી. એ એટલી મજબુત હતી કે ઉપેક્ષાના આટલા લાંબા અરસા પછી પણ કોઈને કોઈ સ્વરૂપે ટકેલી છે.

ગેઝેટિયરમાં જેસલમેરનું વર્ણન બહુ જ બિહામણું છે, 'અહીં એક પણ બારમાસી નદી નથી. ભૂજળ ૧૨૫ ફૂટથી ૨૫૦ ફૂટ અને ક્યાંક ક્યાંક તો ૪૦૦ ફૂટ જેટલી ઊંડાઈએ છે વરસાદ બહુ જ અલ્પ છે, માત્ર ૧૬.૪ સે.મી. છેલ્લાં સીતેર વર્ષના અધ્યયન અનુસાર વર્ષના ૩૬૫ દિવસોમાંથી ૩૫૫ દિવસો સૂકા ગણવામાં આવ્યા છે.' એટલે ૧૨૦ દિવસની વર્ષા ઋતુ અહીં પોતાના અલ્પતમ રૂપમાં કેવળ ૧૦ દિવસ માટે આવે છે.

પરંતુ આ બધો હિસાબ-કિતાબ કેટલાક નવા લોકોનો છે. મરુભૂમિના સમાજે માત્ર દસ દિવસની વર્ષામાં કરોડ કરોડ પાણીનાં બિંદુને જોયાં અને પછી એકત્ર કરવાનું કામ ઘેર ઘેર ગામે ગામ અને એને પોતાના શહેરોમાં પણ કર્યું. આ તપશ્ચર્યાનું ફળ સામે દેખાય છે.

જેસલમેર જિલ્લામાં આજે ૫૧૫ ગામો છે.એમાંથી ૫૩ ગામો કોઈને કોઈ કારણે ઉજ્જડ થયાં છે. આબાદ છે ૪૬૨. આમાંથી કેવળ એક ગામને છોડીને એકેએક ગામમાં પીવાના પાણીની સમુચિત વ્યવસ્થા છે. વેરાન થઈ ગયેલાં ગામોમાં પણ આ વ્યવસ્થા જોવા મળે છે. સરકારના આંકડા મુજબ જેસલમેર જિલ્લાનાં ૯૯.૭૮ ટકા ગામોમાં તળાવ,

કૂવા અને અન્ય સ્રોત છે. એમાં નળ, ટ્યૂબવેલ જેવી નવા જમાનાની સુવિધાઓ તો ઓછી જ છે. સમજાતું નથી કે ૧.૭૩ ટકા ગામનો શો અર્થ થાય છે. પણ આ સિમાંત જિલ્લાનાં ૫૧૫ ગામોમાંથી 'આટલા જ' ગામોમાં વીજળી પહોંચી છે. એનો અર્થ એમ



થયો કે વીજળીથી નહીં પણ મોટ ભાગે ટ્યૂબવેલ, ડીઝલ પંપથી ચાલે છે. તેલ બહારથી દૂરથી આવે છે. તેલનું ટેંકર ન આવે તો પંપ નહીં ચાલે, છેવટે પાણી નહીં મળી શકે. સઘળું સમુસુતર ચાલે તો પણ ટ્યૂબવેલનાં જલસ્તર ઘટવાનાં જ. એને જયાં છે ત્યાં અટકાવવાનો કીમિયો આપણી પાસે અત્યારે તો ઉપલબ્ધ નથી.

એકવાર ફરીથી એ જ વાત કરીએ કે મરુભૂમિના સૌથી વિકટ વિસ્તારમાં ૯૯.૭૮ ટકા ગામોમાં પીવાના પાણીની સમુચિત વ્યવસ્થા છે, અને પોતાના પગ પર છે. આની સામે આપણે એ સુવિધાઓને પણ જરા સર ખાવીએ કે જેને પહોંચાડવી નવા સમાજની નવી સંસ્થાઓની -સરકારની મૂળભૂત ફરજ માનવામાં આવે છે પાકી સડકોથી અત્યાર સુધી માત્ર ૧૯.૦૦ ટકા ગામો જોડાઇ શક્યાં છે, ટપાલની સુવિધા ૩૦ ટકા સુધી જ પહોંચી છે. આરોગ્ય સુવિધા માત્ર ૯ ટકા અને આ બધાની સરખામમાણીએ શિક્ષણ સુવિધા થોડી સારી છે ૫૦ ટકા ગામોમાં સુધી. ફરીથી પાણી ઉપર આવીએ ૫૧૫ ગામોમાં ૬૭૫ કુવા અને તળાવો છે જેમાંથી તળાવોની સંખ્યા ૨૯૪ છે.

જેને નવા જમાનાના લોકોએ નિરાશાનું ક્ષેત્ર મળ્યું તો સરહદને છે કે પાકિસ્તાનથી થોડું પહેલાં 'આસૂતાલ' એટલે કે આશાનું તળાવ આવેલું છે. જ્યાં ઉષ્ણતામાન ૫૦° પહોંચી જાય છે ત્યાં 'શીતલાઈ' એટલે કે શીતલ તલાઈ આવેલી છે. અને જ્યાં વાદળો સૌથી વધારે છેતરે છે ત્યાં 'બદરાસર' એટલે કે વાદળાનું સરોવર આવેલું છે. આના પરથી એવું જરા પણ કહેવાનું નથી કે અહીં પાણીની મુશ્કેલી નથી. પરંતુ અહીં સમાજે એ મુશ્કેલીનાં રોદણાં ન રોયાં. એમણે એ કઠણાઈને થોડી સરળ બનાવવાની તૈયારી કરી અને એમાંથી જ એમણે પોતાને એવી રીતે સંગઠિત કર્યા કે એક બાજુ પાણીના એક્કેએક ટીપાનો સંગ્રહ કર્યો અને બીજી બાજુએ સંચિત પાણીનો ઉપયોગ ખૂબ જ કરકસર અને સમજપૂર્વક કર્યો.

સંગ્રહ ને કરકસરના આ સ્વભાવને સમજી ન શકવાનારા ગેઝેટિયર અને જેનું તેઓ પ્રતિનિધિત્વ કરે છે એ રાજય અને સમાજને આ ક્ષેત્ર, 'વેરાન, બીભત્સ, સ્ફૂર્તિહીન અને નિર્જીવ' દેખાય છે. પણ ગેઝેટિયરમાં આ બધું લખવાનારો પણ જ્યારે ઘડસીસર પહોંચ્યા તો પોતે ભૂલી જાય છે કે પોતે મરુભૂમિમાં આવ્યા છે.'

કાગળ પર પર્યટનના નકશામાં જેવડું મોટું શહેર જેસલમેર છે, લગભગ એટલું જ મોટું ઘડસીસર તળાવ છે. નકશાની માફક મરુભૂમિમાં પણ બંને એકબીજાની પડખોપડખ ઊભાં છે વિના ઘડસીસર જેસલમેરનું અસ્તિત્વ જ ન હોય ! લગભગ ૮૦૦ વર્ષ પુરાણા આ શહેરનાં ૭૦૦ વર્ષ એનો એ એક દિવસ ઘડસીસરનાં એક એક ટીપા સાથે જોડાયેલાં રહયાં છે.

રેતીનો એક વિશાળ ટીંબો સામે જ ઊભો છે. ટીંબા પાસે પહોંચ્યા પછી પણ સમજમાં નહીં આવે કે આ ટીંબો નથી, પણ ઘડસીસર તળાવની ઊંચી-પૂરી, લાંબી-પહોળી પાળ છે. થોડા વધારે આગળ વધીએ છીએ તો બે બુરજ અને પત્થર પર ખૂબસુરત કોતરણીવાળા પાંચ ઝરુખા અને બે નાની તથા એક મોટી પોળનું પ્રવેશદ્વાર માથું ઊંચુ કરેલું નજરે પડે છે. મોટી અને નાની પોળોની સામે વાદળી આકાશ ચમકે છે. જેમ જેમ આપણે આગળ ડગલાં ભરતાં જઈએ છીએ, પ્રવેશદ્વારમાંથી દેખાતી ઝલકમાં નવાં નવાં દ્રશ્યો ઉમેરાતાં જાય છે. અહીં સુધી પહોંચીને સમજાય છે કે પોળમાંથી સામે જ જે વાદળી આકાશ દેખાતું હતું તે તો, સામે જ ફેલાયેલું વાદળી રંગનું પાણી છે. પછી ડાબી, જમણી બાજુ સુંદર પાકા ઘાટ, મંદિર, પઠિયાલ, બારાદરી અનેક સ્તંભોથી સુશોભિત ચોક, ઓરડાઓ અને અન્ય બીજું ઘણું બધું ઉમેરાઈ જાય છે. પ્રતિક્ષણ બદલી રહેલાં દ્રશ્યોને અનુભવતાં આપણે તળાવ પાસે પહોંચીએ છીએ ત્યારે આપણને શાંતિનો અનુભવ થાય છે, ત્યારે આંખો સામે દેખાતાં સુંદર દ્રશ્યો ઉપર એક સ્થળે ચોંટી જ રહેતી નથી.

આંખમાં એકી સાથે સમાવી લેવા ચાહે છે.

મહારાવલ દરરોજ પોતાના ઊંચા કિલ્લામાંથી ઊતરીને અહીં આવતા અને ખોદકામ, માટી ભરવાનું કામ તથા માટી પાળ પર નાખવા જેવાં કામની જાતે દેખરેખ રાખતા. આ કાળ જેસલમેર માટે જબરદસ્ત ઊથલ-પાથલનો કાળ હતો. ભાટી વંશ રાજગાદીની ઝૂંટાઝૂંટ માટે આંતરિક કલહ, કાવાદાવા અને સંઘર્ષમાંથી પસાર થઈ રહ્યો હતો. ખુદ મામો જ પોતાના ભાણેજના લોહીનો તરસ્યો હતો. સગાભાઈને દેશનિકાલ કરવામાં આવ્યો હતો તો ક્યાંક વળી કોઈના પ્યાલામાં ગુપચુપ ઝેર ઘોળવામાં આવી રહ્યું હતું.

રાજવંશમાં ખટપટ અને વિશ્વાસઘાતે મઝા મૂકી હતી ત્યારે શહેર અને રાજ ગમે ત્યારે દેશી-પરદેશી આક્રમણખોરોથી ઘેરાઈ જતું ત્યારે યુદ્ધમાં પુરુષો વીરગતિ પામતા તો સ્ત્રીઓ જોહરની જ્વાળામાં ખુદને સ્વાહા કરી દેતી.

આવા કપરા કાળમાં ખુદ ઘડસીએ રાઠોડ સેનાની મદદ લઈને જેસલમેર ઉપર અધિકાર જમાવ્યો હતો. ઈતિહાસના પૃષ્ઠો પર ઘડસીનો કાળ જય-પરાજય, વૈભવ-પરાભવ, સમર-સાગર અને માર-કાપ જેવા ના આત્યંતિક શબ્દોથી અંકિત છે.

ત્યારે પણ આ સાગર બની રહ્યો હતો. આવી મહત્વાકાંક્ષી યોજના પાર પાડવા માટે ઘડસીએ અપાર ધીરજ, બેસુમાર સાધન અને અડગ પુરુષાર્થ પણ કર્યો. અને એની સૌથી મોટી કિંમત પણ ચૂકવી હતી. પાળ બની રહી હતી મહારાવલ પાળ ઉપર ઊભા રહીને કામનું નિરીક્ષણ કરી રહ્યાં હતા. રાજ પરિવારમાં ચાલતી આંતરિક ખટપટે પાળ પર ઉભેલા ઘડસી ઉપર ઘાતક હુમલો કર્યો. એ સમયે રાજાની ચિતા પર રાણીનું સતી થવું એ સાવ સહજ પરંપરા હતી. પરંતુ રાણી વિમલા સતી ન થઈ. રાજાનું શમણું રાણીએ સાકાર કર્યું.


રેતીના આ શમણામાં બે રંગ છે. વાદળી રંગ પાણીનો છે જ્યારે પીળો રંગ ત્રણ-ચાર માઈલના ઘેરાવાવાળા તળાવની અડધી ગોળાઈ રોકીને બનેલો ઘાટ, મંદિર, બુરજ અને બારાદરીનો. પણ આ શમણું દિવસમાં માત્ર બેવાર કેવળ એક જ રંગમાં રંગાયેલું જોવા મળે છે. માણભર એટલે વજન કાંટાનું માણ ભર નહી, સુરજનું મન ભરાઈ જાય એટલું ! ઊગતો અને આથમતો સૂરજ ઘડસીસરમાં માણ ભરને પીગળેલા સોનાથી ભરી દે છે. મન ભરીને એટલે તોલમાપવાળો માણ નહીં, સૂરજનું મન ભરાઈ જાય એટલું.

લોકોએ પણ પોતાની શક્તિ પ્રમાણે ઘડસીસરને સોનું ચડાવ્યું હતું. તળાવ રાજાનું હતું , પણ પ્રજા એને સજાવતી ગઈ. પહેલા તબક્કામાં બનેલાં મંદિર, ઘાટ અને જળમહેલનો વિસ્તાર થતો ગયો. જ્યારે જ્યારે પણ જે કાંઈ ઉત્તમ લાગ્યું એને એણે ઘડસીસરમાં ન્યોછાવર કરી દીધું. ઘડસીસર રાજા-પ્રજાની જુગલબંદીનું એક અદ્ભૂત ગીત બની ગયું.

એક સમે ઘાટ પર પાઠશાળાઓ પણ બની. આમાં શહેર અને આજુબાજુનાં ગામોના વિદ્યાર્થીઓ રહેતા હતા. અને ત્યાં ગુરુજીની પાસેથી જ્ઞાન સંપાદન કરતા હતા. પાળ પર એક બાજુ નાના-મોટા ઓરડાઓ પણ છે. દરબારમાં, કચેરીમાં જે કોઈનું પણ કામ અટકતું તે ગામડેથી આવીને અહીં જ ડેરા નાખતા. નીલકંઠ અને ગિરધારીનાં મંદિર બન્યાં. યજ્ઞશાળા બની. જમાલશાહ પીરની ચોકી બની. બધાં એકી સાથે ઊભેલાં છે. પોતાની માતૃભૂમિ છોડીને ધંધાર્થે પરદેશ જઈને વસતા પરિવારોનાં મન પણ ઘડસીસરમાં ખોવાઈ જતાં. મધ્યપ્રદેશના જબલપુરમાં જઈને રહેતા આ ક્ષેત્રના શેઠ ગોવિંદદાસના પૂર્વજો એ પાછા આવીને અહીં ચોતરા પર ભવ્ય મંદિર બનાવ્યું હતું.

સમગ્ર શહેરનું સઘળું પાણી તો અહીંથી જ જતું હતું. એમ તો દિવસ આખો અહીં પાણી ભરવાવાળાનાં ટોળેટોળાં આવતાં-જતાં પણ સવાર અને સાંજ તો સેંકડો પાણિયાઓનો મેળો જામતો. શહેરમાં નળ આવ્યા તે પહેલાંનું આ દ્રશ્ય છે. સને ૧૯૧૯માં ઘડસીસર ઉપર ઉમ્મેદસિંહજી મહેતા એક ગઝલમાં આવા દ્રશ્યોનું ખૂબ સુંદર વર્ણન કરે છે. ભાદરવા મહિનાની કજલી ત્રીજના મેળા ઉપર આખુંય શહેર સજી-ધજીને ઘડસીસર ઉપર આવી જતું. કેવળ વાદળી અને પીળા રંગના તળાવમાં તે વખતે કુદરતના બધા જ રંગ ખીલી ઉઠતા.

ઘડસીસર ઉપર લોકોનો પ્રેમ એક તરફી ન હતો. લોકો ઘડસીસર આવતા અને ઘડસીસર પણ લોકો સુધી જતું હતું. અને એમના દિલમાં વસી જતું હતું સુદૂર સિંધમાં રહેતી ટીલોં નામની ગણિકાના મનમાં સંભવતઃ આવી જ કોઈ ક્ષણે કંઈક નિર્ણય લઈ લીધો હતો.



તળાવ ઉપર મંદિર, ઘાટ-પાટ સઘળું હતું. ઠાઠમાં કોઈ જ કમી ન હતી. આમ છતાં ટીલોંને લાગ્યું કે આવા સુંદર સરોવરને ખૂબસુરત પ્રવેશદ્વાર હોવું જોઈએ. ટીંલોએ ઘડસીસરના પશ્ચિમ તરફના ઘાટ પર પોળ એટલે કે પ્રવેશદ્વાર બનાવવાનો નિર્ણય કર્યો. સુંદર પીળા પથ્થર પર ઝીણી કોતરણીવાળા મનોહર ઝરુખાવાળા વિશાળ દરવાજાનું કામ હજુ પુરું થવા પર હતું કે કેટલાક લોકોએ મહારાજાના કાન ભંભેર્યા, શું તમે એક વેશ્યાએ બનાવેલા દરવાજામાંથી ઘડસીસરમાં પ્રવેશ કરશો? વિવાદ ચાલુ થઈ ગયો. પેલી બાજુ પ્રવેશદ્વારનું કામ અબાધ ગતિથી ચાલતું રહયું. એક દિવસ અચાનક જ રાજાએ આને તોડી પાડવાનો નિર્ણય લઈ લીધો. ટીલોંને ખબર પહોંચી ગઈ. ટીલોંએ રાતોરાત પ્રવેશદ્વારની સૌથી ઉપરની મેડી ઉપર મંદિર બનાવી દીધું. મહારાવળે પોતાનો નિર્ણય બદલ્યો. ત્યારથી સમગ્ર શહેર આ જ મનોહારી પોળ દ્વારા તળાવમાં પ્રવેશ કરે છે. અને ખૂબ જતનપૂર્વક આને ટીલોંના નામથી યાદ રાખ્યું છે.


ટીલોંની પોળની બરાબર સામે તળાવની બીજી બાજુ ગઢના આકારનો એક ગોળ બુર્જ છે. તળાવોની બહાર તો આંબાવાડિયું, બગીચા વગેરે હોય જ છે પણ અહીં આ ગોળ બુર્જમાં તળાવની અંદર બગીચી બની છે. જેમાં લોકો ઉજાણી કરવા આનંદ-મંગલ કરવા આવે છે. આની સાથે પૂર્વમાં મોટો ગોળ એક કોઠો છે. એમાં તળાવનું રક્ષણ કરવાવાળી રક્ષક ટૂકડી રહેતી હતી. દેશી-વિદેશી શત્રુઓથી ઘેરાયેલું રાજ પૂરી પ્રજાને પાણી દેનારા તળાવની સુરક્ષાનો પાકો બંદોબસ્ત રાખતું હતું.

રેગિસ્તાનમાં પાણી બહુ જ થોડું વરસતું હોય છે તેમ છતાં પણ ઘડસીસરનું આગોર પોતે જ એટલું વિશાળ હતું કે ત્યાંના ટીપે-ટીપાં પાણીને એકત્ર કરીને તળાવને છલકાવી દેતું હતું. છલકાતા તળાવની રખેવાળી રક્ષકોની ટુકડી પાસેથી હસ્તાંતર પામીને નેષ્ટા (વેસ્ટ વીયર)ના હાથમાં આવી જતી. નેષ્ટા વહેવા લાગતું અને આવા જબરદસ્ત તળાવને તોડવા માટે સમર્થ એવા વધારાના પાણીને બહાર વહેવડાવતું. પરંતુ આ 'વહેવડાવવું' પણ બહુ જ વિચિત્ર હતું. જે લોકો ટીપે ટીપે ઘડસીસરને ભરતા હતા, તેઓ આ નેષ્ટાના વધારાના પાણીને માત્ર પાણી નહીં પણ 'જલરાશી' માનતા હતા. નેષ્ટામાંથી નીકળેલું પાણી આગળ જતાં બીજા એક તળાવમાં ભરવામાં આવતું હતું. નેષ્ટા આમ છતાં પણ ન અટકતું તો બીજા તળાવનું ઓગન પણ ચાલવા લાગતું, અને પછીનું તળાવ ભરાઈ જતું. આ સીલસીલો -ભરોસો નહીં બેસે, પણ પૂરા નવ તળાવ સુધી ચાલતો. નૌતાલ, ગોવિંદસર, જોશીસર, ગુલાબસર, ભાટિયાસર, સૂદાસર, મોહતાસર, રતનસર અને પછી કિશનઘાટ. નવ તળાવોને છલકાવ્યા પછી પણ જો કદાચ પાણી બચતું તો કિશનઘાટ પછી નાના નાના હોજમાં પાણીને ભરી લેવામાં આવતું હતું. પાણીનું એક એક બુંદ જેવા શબ્દ અને

વાક્ય માત્ર કોરા શબ્દ જ ન રહી જતાં ઘડસીસરથી લઇને તે કિશનઘાટ સુધીના સાત માઇલ લાંબા ક્ષેત્રમાં પોતાનો સાચો પરિચય પામતાં હતાં.

પરંતુ આજે જેમના હાથમાં જેસલમેર છે, રાજ્ય છે તે તો ઘડસીસરનો અર્થ જ ભૂલતા ગયેલા છે તો પછી એના નેષ્ટાની સાથે જોડાયેલાં નવ તળાવોની કેવીક યાદ રહે ! ઘડસીસરના આગોરમાં વાયુસેનાનું વાયુમથક બની ગયું છે.એટલે આગોરનું આ ભાગનું પાણી હવે તળાવની બાજુ ન આવતાં ક્યાંક બીજે વહી જાય છે. ઓગાન અને એના રસ્તા પર બનેલાં નવ તળાવોની આજુબાજુ પણ શહેર આડેધડ વિસ્તરતું જાય છે. નવી ગૃહનિર્માણ સમિતિઓ, બીજું બધુ તો ઠીક પણ પાણીનું જ નવું કામ કરવાવાળી ઇંદિરાનહેર પ્રાધિકરણનું દફતર, એમાં કામ કરતા કર્મચારીઓની કોલોની વિગેરે બની ગયું છે.

ઘાટ, પરસાળ, પાઠશાળા, રસોડાંઓ, ઓસરીઓ વગેરે યોગ્ય સાર-સાંભળ વગર ધીમે ધીમે તૂટી રહયાં છે. આજે શહેર એ પરંપરાગત ઉત્સવ-'લ્હાસ' પણ નથી ઉજવતું જેમાં રાજા અને પ્રજા મળીને ઘડસીસરની સફાઇ કરતા હતા. ગાળ કાઢતા હતા. તળાવના કિનારે સ્થાપિત પથ્થરનો જલસ્તંભ પણ થોડોક હલીને એક બાજુ નમી ગયો છે. રખેવાળી કરવાનારી ફોજની ટુકડીના બુર્જના પથ્થર પણ એક પછી એક પડીને ખંડેર બની રહયું છે.



તો પણ ૬૬૮ વર્ષ જૂનું ઘડસીસર મર્યું નથી. બનાવનારાઓએ એને કાળની થપાટો સહન કરવાલાયક બનાવ્યું હતું. રેતીની આંધીઓ વચ્ચે પોતાનાં તળાવોની ઉમદા સાર-સંભાળની પરંપરા પાડવાનારાઓને કદાચ એ વાતનો અંદાજ નહોતો કે ક્યારેક ઉપેક્ષાની આંધી પણ ચાલશે. પરંતુ આ આંધીને પણ ઘડસીસરને ચાહવાનારા લોકો અપાર ધૈર્યપૂર્વક સહન કરી રહયાં છે તળાવ ઉપર પહેરો ભરવાનારી ફોજી ટુકડી આજે ભલે નથી પણ લોકોના મનનો પહેરો તો આજે પણ છે.


મંદિરોની ઘંટડીઓના રણકાર સાથે જ સૂરજ મહારાજ કોર કાઢે છે. દિવસ આખો યે લોકો ઘાટ પર આવ-જા કરે છે. કેટલાક લોકો અહિંયા કલાકો લગી મૌન બેસી રહે છે. અને ઘડસીસરને જોયા કરે છે. બસ, જોયા જ કરે છે તો કેટલાક વળી ગીતો ગાય છે. તો કોઈ વળી રાવણહત્થા પર ગીતની તાન છોડે છે.

પાણિયારો આજે પણ ઘાટ પર આવે છે પાણી ઊંટગાડીઓમાં ભરાઈને પણ જાય છે અને દિવસમાં કેટલીયેવાર અહીં ટેંકર જોવા પણ મળે છે જેમાં ઘડસીસરમાંથી પાણી ભરવા માટે ડીઝલ પંપ લાગેલા હોય છે. ઘડસીસર આજે પણ પાણી આપી રહયું છે. અને એટલે જ તો સૂરજ આજે પણ ઊગતી અને આથમતી વખતે ઘડસીસરમાં મન ભરીને સોનું વેરી જાય છે.

ઘડસીસર એક માપદંડ બની ચૂક્યું હતું. એના પછી કોઈ તળાવને બનાવવું બહુ જ ભારે લાગ્યું હશે. પણ જેસલમેરમાં દર સો-પચાસ વર્ષના અંતરે તળાવ બનતાં રહયાં હતાં. એક એકથી ચડિયાતાં. મોતીની માળાની માફક એકબીજામાં ગુંથાયેલાં.

ઘડસીસર પછી લગભગ ૧૭૫ વર્ષ બાદ બન્યુ હતું જૈતસર. આ હતું તો કેવળ પથ્થરના પુશ્તા પ્રકારનું તળાવ પણ તળાવની સાથેના મોટા બગીચાને કારણે પછીથી એને બસ 'બડાબાગ' તરીકે જ યાદ રહી ગયું. આ પથ્થરનો બંધ જેસલમેરની ઉત્તર દિશામાં આવેલી ડુંગરમાળામાંથી આવતું સઘળું પાણી રોકીને ઊભો છે એક તરફ છે જૈતસર તો બીજી બાજુ છે એ જ પાણીથી હર્યોભર્યો 'બડાબાગ' બંનેનું વિભાજન કરે છે દીવાલ. પરંતુ આ માત્ર દીવાલ જ નથી. મસ મોટી પહોળી સડક જ બનાવેલી છે જે ખીણને પાર કરીને સામેની પહાડી સુધી જાય છે. દીવાલની નીચે બનેલી છે સિંચાઈ માટેની નાલી, જેનું નામ છે રામનાલ.

રામનાલ નહેર, બંધની બાજુ. સીડી જેવી છે. જૈતસરમાં પાણીનું સ્તર ઓછું કે વધુ હોય ત્યારે નહેરના સીડી જેવા ઢાંચા પાણીને બડાબાગની તરફ ઉતારતા રહે છે. બડાબાગમાં પહોંચીને રામનાલ રામનામની માફક કણ-કણમાં વહેંચાઈ જાય છે. નહેરની શરૂઆતમાં




બાજુમાં જ એક કૂવો પણ છે. પાણી સૂકાઈ જાય, નહેરમાં પાણી બંધ થઈ જાય તો ઝમણથી આવતા પાણીથી ભરેલા કુવાનો ઉપયોગ થવા લાગે છે. બંધની પેલી બાજુ તળાવના પેટનું પાણી સૂકાતાંની સાથે જ એમાં ઘઉં વાવી દેવામાં આવે છે, ત્યારે તો બંધની બંને બાજુ હરિયાળી જ હરિયાળી દેખાય છે.

હરિયાળો બાગ ખરેખર ખૂબ મોટો છે. વિશાળ અને ઊંચું આંબાવાડિયું અને સાથે છે જાત જાતના છોડ-ઝાડ વધુ વરસાદવાળા ક્ષેત્રોમાં ત્યાં પણ લગભગ નદી કિનારે જોવા મળતું અર્જુન વૃક્ષ પણ બડા બાગમાં મળી જશે. બડાબાગમાં સૂરજના કિરણો વૃક્ષોના પાનમાં જ અટકી જાય છે. પવન વાયને પાદડાં હલે ત્યારે તક મળે એટલે કિરણો ચળાઈને નીચે ટપકતાં રહે છે બંધની પેલે પાર પહાડીઓ પર રાજકુળનું સ્મશાન છે. ત્યાં દિવંગતોની યાદમાં અસંખ્ય સુંદર છત્રીઓ બની છે.

અમરસાગર ઘડસીસર પછી ૩૨૫ વર્ષ બાદ બન્યું. કોઈ બીજી દિશાના પાણીને રોકવું એ મુખ્ય કારણ રહેલું હશે. પરંતુ અમરસાગર બનાવવાનારા એ પણ જણાવવા માગતા હતા કે ઉપયોગી અને સુંદર તળાવો બનાવતાં રહેવાની ઈચ્છા અમર છે. પથ્થરોના ટુકડાઓને જોડી જોડીને કેવું તો બેજોડ તળાવ બની શકે છે અમરસાગર આનું અદ્‌ભુત ઉદાહરણ છે. તળાવની પહોળાઈની એક બાજુની છે સીધી-ઊંચી ઊભેલી દીવાલ વડે દિવાલ પર જડેલાં સુંદર પગથિયાં વડે ઝરૂખા અને બુર્જમાંથી પસાર થઈ નીચે તળાવમાં ઉતરાય છે. આ જ દિવાલના મોટા-પહોળા ભાગમાં અલગ અલગ ઊંચાઈ ઉપર પત્થરના હાથી, ઘોડાનાં શિલ્પો છે. આ સુંદર શિલ્પ તળાવના પાણીનું સ્તર દર્શાવે છે. અમરસાગરનું આગોર એવડું મોટું તો નથી કે જેમાં આખા યે વર્ષનું પાણી જમા થાય. ઉનાળો આવતાં આવતાં તો તળાવ સૂકાઈ જાય છે. એનો અર્થ તો એ થયો કે જેસલમેરના લોકો એવા સુંદર તળાવને ગરમીની મોસમમાં ભૂલી જાય, જ્યારે પાણીની સૌથી વધારે જરૂર પડે.

જેસલમેરના શિલ્પીઓએ અહીં કેટલાંક એવાં કામો કર્યાં, જેથી શિલ્પશાસ્ત્રમાં કેટલાંક નવા અધ્યાય જોડી શકાય. અહીં તળાવના તળિયામાં સાત સુંદર વાવડીઓ બનાવેલી છે. વાવડીને પગવાવ પણ કહે છે. એટલે એટલા ઊંડા કૂવામાં પાણી સુધી પૈદલ પહોંચી શકાય. તળાવનું પાણી સૂકાઈ જાય છે પણ તળાવની જમીનની અંદર ઊતરેલા પાણીથી જમીનનું જલસ્તર ઉપર આવે છે. વાવડીઓ આ નીતરેલા -સ્વચ્છ પાણીથી ભરેલી રહે છે. ગ્રીષ્મ ઋતુમાં સૂકાભઠ્ઠ બની જતા અમરસાગરની સુંદરતા આ વાવડીઓને કારણે ખતમ નથી થઈ જતી. બધી જ વાવડીઓ પર નકશીવાળા પથ્થરના સુંદર ઓટલાઓ, સ્તંભો, કલાત્મક છતરીઓ અને નીચે ઉતરવા માટે કોતરણીવાળી સીડી. ઉનાળાના દિવસોમાં -વૈશાખ મહિનામાં અહીં મેળો ભરાય છે અને વરસાદમાં ભાદરવા માસમાં પણ. સૂકાએલા અમરસાગરમાં આ વાવડીઓ કોઈ મહેલના ટૂકડાઓ લાગે છે, અને તળાવ જ્યારે પાણીથી ભરાઈ જાય છે ત્યારે લાગે છે કે તળાવમાં છતરીદાર મોટી મોટી હોડીઓ તરી રહી છે.

જેસલમેર રણ માહેનું એક એવું રાજ્ય રહયું છે, જેનો વેપારી જગતમાં ડંકો વાગતો હતો. પછી મંદીનો સમય પણ આવ્યો, પણ જેસલમેર અને એની આસપાસ તળાવ



બનાવવાનું કામ મંદ ન પડયું. ગજરૂપ સાગર, મૂલ સાગર, ગંગા સાગર, ગુલાબ તળાવ અને ઈસરાલાલજીનું તળાવ. એક પછી એક તળાવ બનતાં જ ગયાં. આ કડી અંગ્રેજોના આગમન સુધી તૂટી નહોતી.

આ કડીની મજબૂતી કેવળ રાજાઓ, રાવળો, મહારાવળો ઉપર નહોતી છોડવામાં આવી. સમાજનાં એ અંગો પણ, જે આજની પરિભાષામાં આર્થિક રૂપે નબળાં માનવામાં આવે છે, તળાવની કડીને મજબૂત બનાવી રાખતા હતા.

મેઘો ઢોર ચરાવતો હતો. આ વાત ૫૦૦ વર્ષ પહેલાંની છે. મેઘો પશુઓની સાથે વહેલી સવારે રવાના થઈ જતો. ક્ષિતિજ સુધી વિસ્તરેલું અફાટ રેગિસ્તાન. મેઘો આખા યે દિવસની જરૂરતનું પાણી માટીની બદક (સુરાહી) માં લઈ જતો. સાંજે પાછો વળતો. એક દિવસ બદકમાં થોડું પાણી બચ્યું. મેઘાને કોણ જાણે શું યે સૂઝયું, એણે એક નાનો એવો ખાડો ખોદયો, એમાં બદકનું પાણી રેડયું અને આંકડાના પાનથી ખાડાને સારી રીતે ઢાંકી દીધો. માલ ચારવાનું, કામ તેથી આજે આ સીમાડામાં તો કાલ વળી બીજી સીમમાં. મેઘો બે દિવસ સુધી પેલી જગ્યા પર ન જઈ શકયો. ત્યાં એ ત્રીજે દિવસે પહોંચી શકયો. ઉત્સુક હાથોએ આંકડામાં પાન હળવે હળવે દૂર કર્યાં. ખાડામાં પાણી તો નહોતું પણ ઠંડી લહેરખી આવી. મેઘાના મોઢામાંથી શબ્દો સરી પડયા 'ભાપ' (વરાળ) મેઘાએ વિચાર્યું કે અહીં આટલી ગરમીમાં જરા અમથા પાણીનો ભેજ બચી શકયો છે તો પછી અહીં તળાવ પણ બની શકે.

મેઘાએ એકલાએ જ તળાવ બનાવવાનું શરૂ કર્યું. હવેથી એ રોજ પોતાની સાથે ત્રિકમ, પાવડો અને તગારું લાવતો. આખો ય દિવસ તે એકલો જ માટી ખોદતો અને પાળની ઉપર

નાંખતો. ગાયો પણ આજુબાજુમાં ચરતી રહેતી. ભીમ જેવી શક્તિ તો નહોતી મેઘા પાસે, પણ ભીમની શક્તિ જેવું સંકલ્પબળ હતું મેઘા પાસે. સતત બે વર્ષ સુધી એ એકલો જ એકલમલની જેમ કામને વળગી રહયો. સપાટ રેગિસ્તાનમાં પાળનો વિશાળ ટીંબો દૂરથી દેખાવા લાગ્યો હતો. પાળની - તળાવની જાણ ગામને પણ થઈ.

હવે દરરોજ સવારે મેઘો એકલો નહોતો આવતો. એની સાથે બાળકો અને બીજા લોકો પણ આવતા અને બધાં સાથે કામ કરતાં. બાર વર્ષ થઈ ગયાં તો પણ એ વિશાળ તળાવ પર કામ ચાલુ હતું અને મેઘો એમાં જ ખપી ગયો. પત્ની સતી ન થઈ. હવે મેઘાને બદલે કામ કરવા એ જતી. છ મહિનામાં તળાવનું કામ પુરુ થયું.

ભાપ જોઈને તળાવ બનાવવાનું શરૂ કર્યું હતુ. એટલે આ જગ્યાનું નામ પણ 'ભાપ' પડી ગયું, જે પછીથી વિકૃત બની 'બાપ' બની ગયું. ગોવાળિયા મેઘાને સમાજે મેઘોજી નામથી યાદ રાખ્યો સ્મૃતિમાં પાસે એક નાની દેરી બનાવી અને તળાવની પાળ પર જ એમની યાદગીરી માં સુંદર છતરી અને એની પત્નીની સ્મૃતિમાં પાસે જ એક નાની દેરી બનાવી.

બાપ, બિકાનેર - જેસલમેરની વચ્ચે આવતો નાનો કસબો છે. ચા-પાણીની પાંચ-સાત દુકાનોવાળું બસ સ્ટેશન છે. બસ કરતાં ત્રણ ગણી ઊંચી પાળ બસ અડ્ડાની પાસે જ આવેલી છે. પાળની આ તરફ લૂ ચાલે છે. પેલી તરફ મેઘાજીના તળાવમાં પાણીનાં મોજાંઓ ઊઠે છે. વરસાદની ઋતુમાં તો તળાવમાં લાખોટો બની જાય છે. ત્યારે પાણી ચાર માઈલના ઘેરાવામાં ફેલાય છે.

મેઘ અને મેઘરાજા અહીં ભલેને ઓછા દેખાતા હોય, પરંતુ મરુભૂમિમાં મેઘોજી જેવા લોકોની ખોટ નથી પડી. પાણીની બાબતમાં આટલી યોગ્યતા પ્રાપ્ત કરેલો સમાજ પોતાની યોગ્યતાને, કૌશલ્યને પોતાનું જ છે એવું જણાવીને અભિમાન નથી કરતો. તે વિનમ્રતાપૂર્વક આનું સઘળું શ્રેય ભગવાનને સોંપીને પોતાનું મસ્તક ઝૂકાવી લે છે.કહેવાય છે કે મહાભારતનું યુદ્ધ સમાપ્ત થયા પછી શ્રીકૃષ્ણ કુરૂક્ષેત્રથી અર્જુનને સાથે લઈને દ્વારકા જઈ રહયા હતા એમનો રથ મરુભૂમિ પાર કરી રહયો હતો. આજના જેસલમેર પાસેના ત્રિકૂટ પર્વત પર એમને ઉત્તુંગ ઋષિ તપસ્યા કરતા મળ્યા. શ્રીકૃષ્ણે એમને પ્રણામ કર્યા અને પછી વરદાન માંગવાનું કહયું. ઉત્તુંગનો અર્થ છે 'ઊંચા', ઋષિ સાચેસાચ ઉચ્ચ હતા. એમણે પોતાના માટે કશું જ ન માગ્યું. હરિને પ્રાર્થના કરી કે જો મારાં કાંઈકેય પુણ્ય હોય તો ભગવાન વરદાન દે કે આ ક્ષેત્રમાં ક્યારેય પાણીનો અભાવ ન રહે.

મરુભૂમિના સમાજે આ વરદાનને એક આદેશની જેમ લીધું અને પોતાના કૌશલથી મૃગતૃષ્ણાને ખોટી પાડી દીધી.

# તળાવ નિર્માણ
# ધાર્મિક પરંપરા

સમાજને જે જીવન આપે, એને નિર્જીવ કેવી રીતે માની શકાય ? તળાવોમાં, જલસ્રોતમાં જીવન માનવામાં આવ્યું અને અહીંના સમાજે એની ચોતરફ પોતાના જીવનની રચના કરી. જેની પણ સાથે જેટલો નજીકનો સબંધ, જેટલો વધારે સ્નેહ અને એટલાં જ વધારે નામ દેશના અલગ અલગ રાજ્યોમાં, ભાષાઓમાં, બોલીઓમાં તળાવનાં અનેક નામો છે. બોલીના કોશમાં, એના વ્યાકરણના ગ્રંથોમાં, પર્યાયવાચક શબ્દોની યાદીમાં તળાવનાં નામોનો એક ભર્યો ભાદર્યો પરિવાર જોવા મળે છે. ડિંગળ ભાષાના વ્યાકરણને એક ગ્રંથ હમીરનામમાળા તળાવોના પર્યાયવાચી નામો તો ગણાવે જ છે સાથે સાથે એના સ્વભાવનું વર્ણન કરતાં કરતાં તળાવોને ધરમસુભાવ કહે છે.

લોકો 'ધરમસુભાવ'ની સાથે જોડાઈ જાય છે. પ્રસંગ સુખનો હોય તો તળાવ બને છે. પ્રસંગ દુઃખનો હોય તો પણ તળાવ બને છે. જેસલમેર, બાડમેરમાં પરિવારમાં સાધનોની કમી હોય, સંપૂર્ણ તળાવ બનાવવાનું સામર્થ્ય ન હોય તો એ સિમિત સાધનોનો ઉપયોગ પહેલેથી બનેલા કોઈ પાળ ઉપર માટી નાખવામાં નાનીમોટી મરામત કરવામાં થતો હતો, મૃત્યુ કયા પરિવારમાં નથી આવતું ? દરેક પરિવાર, પોતાના દુઃખદ પ્રસંગને સમાજના સુખને માટે થઈને તળાવની સાથે જોડી દેતો હતો.


આખાય સમાજ ઉપર દુઃખ પડતું, દુકાળ પડતો ત્યારે પણ તળાવ બનાવવાનું કામ થતું. લોકોને તાત્કાલિક રાહત મળતી અને પાણીનો પ્રબંધ થવાને કારણે પછીથી કોઈ કાળે આવનાર નવા દુઃખને સહેવાની શક્તિ સમાજમાં કેળવાતી હતી. બિહારના મધુબની ઈલાકામાં છઠ્ઠી સદીમાં આવેલા એક ભયંકર દુકાળ વખતે એ ઈલાકાની પ્રજાએ મળીને ૬૩ તળાવો બનાવ્યાં હતાં. આવડી મોટી યોજના બનાવવાથી માંડીને તે એને પૂરી કરવા સુધીને માટે કેવડું મોટું સંગઠન બન્યું હશે, કેટલાં સાધનો એકઠાં કર્યા હશે નવા લોકો, નવી સામાજિક, રાજકીય સંસ્થાઓ આને જરા વિચારે તો ખરા ! મધુબનીમાં એ તળાવો આજે પણ છે. અને લોકોએ એને કૃતજ્ઞતાપૂર્વક આજે પણ યાદ રાખ્યાં છે.

ક્યાંક ઈનામની માફક તળાવ બનાવી દેવામાં આવતું, તો ક્યાંક તળાવ બનાવવાને માટે

ઈનામ મળતું. ગોંડ રાજાઓની હદમાં કોઈ પણ તળાવ બનાવતું, તો એને એની નીચેની જમીનનું મહેસૂલ માફ કરવામાં આવતું હતું. સંબલપુર વિસ્તારમાં આ પ્રથા વિશેષરૂપે જોવા મળતી હતી.

દંડવિધાનમાં પણ તળાવ મળે છે. બુંદેલખંડમાં જ્ઞાતિના મહાજન (જાતિ પંચાયત) પોતાના કોઈ સભ્યની અક્ષમ્ય ભૂલનો જ્યારે દંડ કરતું હતું તો એમને સજામાં મોટેભાગે તળાવ બનાવવાનું કહેતું. આ પરંપરા આજે પણ રાજસ્થાનમાં મળે છે. અલવર જિલ્લાનું એક નાનકડા ગામ ગોપાલપુરમાં પંચાયતના નિર્ણયને ન માનવાની ભૂલ કરનારાને દંડના સ્વરૂપમાં કેટલીક રકમ ગ્રામકોષમાં જમા કરવાનું કહેવામાં આવે છે. એ કોષ વડે અહીંના વિસ્તારમાં છેલ્લા વખતમાં બે નાનાં તળાવો બનાવવામાં આવ્યાં છે.

કોઈને ઓચિંતાનો ખજાનો મળી જાય તો એ પોતાના વ્યક્તિગત ઉપયોગમાં ન લેતાં પરોપકાર કરવો એટલે તળાવ બનાવવું અથવા તો એની મરામત કરવી એવી માન્યતા દૃઢ બનેલી છે. કહેવાય છે કે બુંદેલખંડના મહારાજા છત્રસાલના દીકરાને એક છૂપા ખજાના માટેની એક નોંધ મળી હતી. નોંધની સૂચના અનુસાર જગતરાજે ખજાનો ખોદી કાઢ્યો. છત્રસાલને આની ખબર પડી તો એ તો ખૂબ નારાજ થઈ ગયા અને કહેવા લાગ્યા; મૃતકચંદેલનું દ્રવ્ય તેં કેમ ખોદી લીધું ? હવે જ્યારે ખજાનો ખોદી જ લીધો છે તો એનો શ્રેષ્ઠ ઉપયોગ કરવામાં આવશે. પિતાએ પુત્રને આજ્ઞા કરી કે એનાથી ચંદેલોએ બનાવે સઘળાં તળાવોની મરામત કરવામાં આવે અને નવાં તળાવો બનાવવામાં આવે. ખજાનો



ખૂબ મોટો હતો. જૂના તળાવોની મરામત તો થઇ ગઇ અને નવાં પાણ બનાવવાની શરૂઆત થઇ. વંશાવળી જોતાં જાણાય છે કે વિક્રમસંવત ૨૫૬ થી ૧૧૬૨ સુધીની ૨૨ પેઢીઓના નામે પૂરાં ૨૨ મોટાં મોટાં તળાવો બન્યાં હતા જે આજે પાણ બુંદેલખંડમાં આવેલાં છે.

દાટેલું ધન બધાના ભાગ્યમાં ન હોય, પરંતુ બધી બાબતોને તળાવની સાથે જોડીને જોવાની સમાજમાં કેટલીક માન્યતાઓ રહેલી છે. અમાસ અને પૂનમ આ બે દિવસોને શુભ એટલે કે સારા અને તે પાણ સાર્વજનિક કામોના દિવસ માનવામાં આવે છે. આ બંને દિવસોએ પોતાના વ્યકિતગત કામથી નિરાંત લઈને સાર્વજનિક કામમાં જોડાવા માટેનું સમાજનું વિધાનની પરંપરા રહી છે. ખેડૂત અમાસ અને પૂનમને દિવસે પોતાનાં ખેતરોનાં કામ કરતા નહોતા. એ સમયનો ઉપયોગ તેઓ પોતાના વિસ્તારના તળાવ આદિની દેખરેખ તથા મરામતમાં લેતા હતા. સમાજમાં તો શ્રમ પાણ પૂંજી છે. અને એ પૂંજીને પોતાના હિતની સાથે સાથે સાર્વજનિક હિતને માટે વાપરતા હતા.

શ્રમની સાથે સાથે પૂંજીની વ્યવસ્થા પાણ અલગથી કરવામાં આવતી હતી. આ પૂંજીની જરૂરત મોટેભાગે શિયાળા પછી તળાવમાં પાણી ઘટી જાય પછી પડે છે. એ વખતે ગરમીની ઋતુ આવી રહી હોય છે અને આ જ સૌથી ઉચિત સમય છે, તળાવમાં કોઇ મોટી તૂટ-ફૂટ પર ધ્યાન આપવાનો વર્ષની બાર પૂનમમાંથી અગિયાર પૂનમ શ્રમદાન માટે રાખવામાં આવતી હતી પાણ પોષ માસની પૂનમ ઉપર તળાવ માટે અનાજ અથવા નાણાં એકત્ર કરવાની પરંપરા રહી છે. છત્તીસગઢમાં એ દિવસે છેર-છેરા તહેવાર ઉજવાય છે. છેર-છેરામાં લોકોની ટોળીઓ નીકળી પડે છે.ઘરે ઘરે જઇને ગીત ગાય છે અને ગૃહસ્થ પરિવારમાંથી અનાજ ઉઘરાવે છે. ધાનની ફસલ કપાઇને ઘરે આવી ગઇ હોય છે દરેક ઘર પોતાની શક્તિ અનુસાર અનાજનું દાન કરે છે. આ પ્રમાણે એકઠા થયેલ અનાજનો ગ્રામકોષ બને છે. આ જ કોષમાંથી આગામી દિવસોમાં તળાવ તથા અન્ય સાર્વજનિક સ્થળોની મરામત અને નવાં કામો પૂરાં કરવામાં આવે છે.


સાર્વજનિક તળાવોમાં દરેકનો શ્રમ અને ધન તો વપરાતું જ હતું. એકદમ વ્યક્તિગત તળાવોમાં પાણ સાર્વજનિક સ્પર્શ જરૂરી માનવામાં આવતો હતો. તળાવ બન્યા પછી એ વિસ્તારના સઘળા સાર્વજનિક સ્થળોએથી થોડી થોડી માટી લાવીને તળાવમાં નાખવાનું ચલાણ આજે પાણ મળે છે. છત્તીસગઢમાં તળાવ બનતાંવેંત એમાં ઘોડાર, હાથીખાનું, બજાર, મંદિર, સ્મશાનભૂમિ, વેશ્યાલય, અખાડા અને વિદ્યાલયોની માટી નાખવામાં આવે છે.

આજે વધારે ભાણેલો-ગાણેલો વ્યક્તિ પોતાના સમાજથી લગભગ કપાઇ જાય છે પરંતુ એ જમાનામાં મોટાં વિદ્યાકેન્દ્રોમાંથી નીકળવાનો અવસર તળાવ બનાવવાના પ્રસંગમાં

બદલી જતો હતો. મધુબની, દરભંગા ક્ષેત્રમાં આ પરંપરા ઘણા લાંબા અરસા સુધી ચાલુ રહેલી જોવા મળે છે.

તળાવોમાં પ્રાણ છે અને પ્રાણ પ્રતિષ્ઠાનો ઉત્સવ ધામધૂમથી ઉજવવામાં આવતો હતો. એ દિવસે એનું નામકરણ પણ થતું હતું. ક્યાંક ક્યાંક તામ્રપત્ર અથવા શિલાલેખ ઉપર તળાવનું સમગ્ર વર્ણન કોતરવામાં આવતું હતું.

ક્યાંક ક્યાંક તો તળાવોનાં વિધિપૂર્વક લગ્ન પણ થતાં હતાં. છત્તીસગઢમાં આ પ્રથા આજે પણ જોવા મળે છે. લગ્ન પહેલાં એ તળાવનો ઉપયોગ વર્જિત હતો. ન તો એનું પાણી વપરાતું કે નથી એના પરથી નહાવા પડતા. અથવા તો પાર ઉતરતા. લગ્નમાં એ વિસ્તારના બધાય લોકો, આખુંય ગામ પાળ ઉપર ભેગું થઈ જતું. આજુબાજુના મંદિરોની માટી લાવવામાં આવતી, ગંગાજળ આવતું અને એની સાથે અન્ય પાંચ-સાત કૂવા અથવા તળાવોના પાણી મેળવીને લગ્નવિધી પૂરી થતી. ક્યાંક ક્યાંક તળાવ બનાવનારા પોતાની શક્તિ પ્રમાણે દહેજનો પણ પ્રબંધ કરતા છે.



લગ્નસમારંભની સ્મૃતિમાં પણ તળાવ ઉપર સ્તંભ લગાડવામાં આવે છે. ઘણા સમય પછી જ્યારે તળાવની સફાઈ અને ખોદાણ ફરીથી કરે છે ત્યારે પણ એ પ્રસંગની યાદમાં સ્તંભ લગાડવાની પરંપરા હતી.

આજે તો મોટાં શહેરોની પરિભાષામાં વસ્તીનો હિસાબ કેન્દ્રમાં હોય છે પણ પહેલાંના વખતમાં મોટાં શહેર અથવા ગામની પરિભાષામાં એનાં તળાવોની ગણતરી થતી હતી. કેટલી વસ્તીનું શહેર કે ગામ છે એને બદલે એમ પૂછવામાં આવતું કે કેટલા તળાવોનું ગામ છે ? છત્તીસગઢમાં મોટાં ગામ માટે કહેવત છે કે ત્યાં ''છૈ આગર છૈ કોરી'' એટલે કે છ વીસું અને છ એટલે કે એકસો વીસ વત્તા છ અથવા એકસો છવ્વીસ તળાવ હોવા જોઈએ. આજના બિલાસપુર જિલ્લાના મલ્હાર ક્ષેત્રમાં જે ઈ.સ. પૂર્વે વસાવવામાં આવ્યું હતું, પૂરાં એકસો છવ્વીસ તળાવ છે. એ જ વિસ્તારમાં રતનપુર, ખરૌદી, રાયપુરના આરંગ અને બારા અને સરગુજા જિલ્લાના દીપાડીહ ગામમાં આજ આઠસોથી હજાર વરસ પછી પણ ક્યાંક એકસો જ્યારે કેટલેક ઠેકાણે પૂરાં એકસો છવ્વીસ તળાવ ગણી શકાય છે.

આ તળાવોના લાંબા આયુષ્યનું એક જ રહસ્ય હતું - મમત્વ. આ મારું છે, આ મારું છે, અમારું છે. આવી માન્યતા પછી સાર-સંભાળ જેવા શબ્દો નાના લાગવા માંડશે ભૂજલિયાના આઠેય અંગો પાણીમાં ડૂબી શકે એ એટલું પાણી તળાવમાં રાખવું એવાં ગીતો ગાનારી, આવી કામના કરવાનારી સ્ત્રીઓ છે તો એમની પાછળ એવો સમાજ પણ રહેલો છે. જે પોતાના કર્તવ્યથી આ અભિલાષાને પૂરી કરવાનું વાતાવરણ બનાવતો હતો. ઘરમેલ એટલે કે બધાં ઘરોના મેળથી તળાવનું કામ થતું હતું.

બધાનો મેળ તીર્થ છે. જે લોકો તીર્થ નથી જઈ શકતા તેઓ પોતાને ત્યાં તળાવ બનાવીને જ પુણ્ય મેળવી શકે છે. તળાવ બનાવનારા પુણ્યાત્મા છે, મહાત્મા છે જે કોઈ તળાવને બચાવે એમની પણ એટલી જ ઇજ્જત કરવામાં આવે છે. આ રીતે તળાવા એક તીર્થ છે. અહિયાં મેળાઓ ભરાય છે અને આ મેળાઓમાં આવવાનારા લોકો તળાવને પોતાની આંખોમાં અને મનમાં વસાવી લે છે.

તળાવ સમાજના દિલમાં રમી રહયું છે તો કયાંક કયાંક વળી એમના વનમાં પણ ઘણા બધા વનવાશી સમાજમાં ત્રાજવાં ત્રોફાવવામાં તળાવ વાવ પણ ત્રોફાવે છે ત્રોફાવવાની નિશાનીઓમાં પશુ, પક્ષી, ફૂલ વગેરેની સાથે સાથે સહરિયા સમાજમાં સીતા વાવડી અને સાધારણ વાવડીના ચિહનો પણ પ્રચલિત છે. સહરિયા શબરીને પોતાના પૂર્વજ માને છે. સીતાજી સાથે વિશેષ સંબંધ છે એટલા માટે સહરિયા પોતાની પિંડલીઓ ઉપર સીતા વાવડી ભાવપૂર્વક ત્રોફાવે છે.

સીતાવાવડીમાં એક મુખ્ય ચોરસ છે. અંદર મોજાંઓ છે. વચ્ચોવચ એક બિંદુ છે જે જીવનનું પ્રતીક છે. ચોરસની હારની બાજુ પગથિયાં છે અને ચારેય ખૂણા ઉપર ફૂલ છે અને ફૂલમાં છે અને ફૂલમાં છે જીવનની સુગંધ - આ બધી વાતો એક સરળ, સરસ રેખાચિત્રમાં ઉતારવી બહુ જ કઠણ છે. પરંતુ ત્રાજવા ત્રોફવાનારા કલાકાર અને ત્રોફાવવા નારા સ્ત્રી-પુરુષોના મન તળાવ અને વાવડીમાં એટલાં રમમાણ રહે છે કે આઠ-દસ રેખાઓ અને આઠ-દસ બિંદુઓ આખાય દૃશ્યને તન પર સહેજમાં જ ઉઠાવ આપી દે છે. આ પ્રથા તમિલનાડુના દક્ષિણ આરકોટ જિલ્લાના 'કુંરાઉ' સમાજમાં પણ છે.

જેમના મનમાં, તનમાં તળાવ રહેલું છે તે તળાવને માત્ર પાણીના એક ખાડાની માફક ન જોઈ શકે. એમને માટે તળાવ એક જીવંત પરંપરા છે, પૂરો પરિવાર છે અને એના કંઈ કેટલાય સબંધો છે કયા સમય કોને યાદ કરવાનું છે જેથી કરીને સમયે કોને યાદ કરવાનું છે જેથી કરીને તળાવ ટકી રહે એનું પણ એને પુરું ભાન છે.

જો સમયસર પાણી વરસે નહીં તો કયાં કોને વિનંતી કરવાની છે ? ઇન્દ્ર તો છે વર્ષાનો

દેવતા પણ સીધેસીધો એમનો દરવાજો ખટખટાવવો કઠિન છે. કદાચ ઠીક પણ ન થાય એમની દીકરી છે કાજલ. કાજલમાતા સુધી આ પ્રશ્ન જો પહોંચાડવામાં આવે તો તે પોતાના પિતાનું ધ્યાન આ તરફ બહુ જ સારી રીતે ખેંચી શકે. બોણી થઈ જાય અને એક પખવાડિયા સુધી વરસાદ ન વરસે તો પછી કાજલમાતાની પૂજા કરવામાં આવે છે. આખુંય ગામ કાજલમાતાની પાસે પાણીને માટે આજીજી કરે છે. પાણી આવે છે દક્ષિણ દિશામાંથી.

કાજલ માતા સુધી આપણા સંકટની વાત પહોંચાડીએ તો એ પોતાના પિતાનું ધ્યાન આ તરફ સારી રીતે ખેંચી શકશે. બોણી થઈ જાય અને એક પખવાડિયા સુધી વરસાદન આવે તો પછી કાજલ માતાની પૂજા થાય છે. આખું ગામગામની સીમા પાસેના વનમાં બનેલા તળાવ સુધી ગીત ગાતું એકઠું થાય છે પછી દક્ષિણ દિશા તરફ મો કરીને આખુ ગામ કાજલ માતા પાસે પાણીની યાચના કરે છે દક્ષિણ તરફથી જ વરસાદ આવે છે.

કાજલમાતાને પૂજતા પહેલાં પવન પરીક્ષા પણ કરવામાં આવે છે. અષાઢ સુદ પૂનમના દિવસે તળાવ પર મેળો ભરાય છે અને વાયુની ગતિ તથા દિશાની પરખ કરીને વરસાદની ભવિષ્યવાણી કરવામાં આવે છે અને જો એ પ્રમાણે વરસાદ થઈ જાય તો બરાબર પણ જો ન થાય તો પછી કાજલમાતાને જણાવવામાં આવે છે.

તળાવ સંપૂર્ણ ભરાઈ જાય એ પણ એક ઉત્સવ બની જાય છે. સમાજ માટે આથી મોટો કયો પ્રસંગ હોય કે જ્યારે ભુજ (કચ્છ)ના સૌથી મોટા તળાવ હમીરસરના ઘાટ પર મૂકેલી હાથીની એક મૂર્તી તળાવ છલકાવાની સૂચક છે જ્યારે પાણી આ મૂર્તિને સ્પર્શ કરે છે ત્યારે આખાય શહેરને જાણ થઈ જાય છે અને આખુંય શહેર એ ઘાટ ઉપર ઉમટી પડે છે. ઓછા વરસાદવાળો પ્રદેશ આ ઘટનાને એક તહેવારના સ્વરૂપમાં ઉજવે છે. કચ્છના રાજા ઘાટ ઉપર પધારે છે અને આખાય શહેરની હાજરીમાં તળાવની પૂજા કરે છે. તેઓ તળાવને વધાવીને એના આશીર્વાદ લે ત્યારે એ વિધિ સંપન્ન ગણાય છે. તળાવનું પૂરેપુરું ભરાઈ જવું એ કેવળ એક ઘટના નથી પણ આનંદ છે, મંગળ પ્રસંગ છે, ઉત્સવ છે, મહોત્સવ છે તે રાજા અને પ્રજાને ઘાટ સુધી લઈ આવતો હતો (આઝાદી બાદ પણ આ પરંપરા ચાલુ છે હાલ નગરપતિ તળાવને વધાવે છે).

આ દિવસોમાં દેવતા પણ ઘાટ પર આવી પહોંચે છે. જળ ઝીલણાંને દિવસે મંદિરની ચલ મૂર્તિ તળાવ સુધી લાવવામાં આવે છે અને પૂરેપૂરા શણગાર સાથે અને ધામધૂમથી અને ઝૂલા ઝૂલવાની છે. અને ભગવાન પણ તળાવના ઘાટ પર શ્રાવણના હિંચકાની મોજ માણે છે.


કોઈ પણ તળાવ એકલું નથી. એ ભર્યા-ભાદર્યા પાણી પરિવારનું એક સભ્ય છે.

એમાં બધાયનું પાણી છે અને એનું પાણી બધામાં છે. આવી માન્યતા રાખવાવાળા ઓએ એક તળાવ સાચેસાચ આવું જ બનાવી દીધું હતું. જગન્નાથપુરી મંદિરની પાસે બિંદુસાગરમાં દેશ આખાના દરેક જલસ્રોતનું નદીઓ અને સમુદ્રનું પાણી મેળવ્યું છે દૂર દૂરથી અલગ અલગ દિશાઓમાંથી પુરી આવવાનારા ભક્તો પોતાની સાથે પોતાના વિસ્તારનું થોડુંક અમથું પાણી લઈ આવે છે અને બિંદુ સાગરમાં અર્પિત કરે છે.

દેશની એકતાની કસોટીના કાળે બિંદુસાગર (રાષ્ટ્રીય એકતાનો સાગર) બની શકે છે. બિંદુસાગર એક અને અખંડ ભારતનું પ્રતીક છે.

ભવિષ્યના ગર્ભમાં શું છુપાયેલું છે ? એ દર્શાવવું હંમેશાં મુશ્કેલ છે. પરંતુ આનો એક માપદંડ તળાવ પણ હતું. નવરાત્રિ બાદ જવારા વિસર્જિત કરવામાં આવે છે. રાજસ્થાનમાં આ અવસર પર લોકો તળાવો ઉપર એકઠા થાય છે અને ત્યારે ભોપા એટલે કે પૂજારીજી વિસર્જન પછી તળાવમાં પાણીનું સ્તર જોઈને આવતા સમયની ભવિષ્યવાણી કરે છે. ચોમાસું ત્યાં સુધીમાં વીતી ચૂક્યું હોય છે. તળાવમાં જેટલું પાણી આવવાનું હતું તે આવી ગયું છે. હવેની આ સ્થિતિ પર આધાર રાખે છે. આવવાવાળા સમયની પરિસ્થિતિ.

આજે આ પ્રથા ખતમ થઈ ગઈ છે. તળાવનું જલસ્તર જોઈને આવતા સમયની ભવિષ્યવાણી કરવાની થાય તો કેટલાંય તળાવો પર ઉભેલા ભોપા લગભગ તો એમ જ કહો કે બહુ જ કપરો કાળ આવવાનો છે.



# આજે પણ ખરાં છે

# તળાવ

ખરેખર સમય બહુ જ ખરાબ આવી ગયો હતો. ભોપા જો હોત તો ચોક્કસ બતાવતે કે તળાવોને માટે ખરાબ સમય આવી ગયો હતો. જે જે કોઈ સરસ પરંપરાઓ, માન્યતાઓ તળાવ બનાવતી હતી તે જ સુકાવા લાગી હતી.

અંતર છે તો સાવ સામાન્ય શબ્દ. પરંતુ રાજ્ય અને સમાજની વચ્ચે આ શબ્દના આવવાથી સમાજનું દુઃખ કેટલું બધુ વધી જાય છે એનો કોઈ જ હિસાબ નથી. પછી તો આ અંતર એક તળાવનું માત્ર ન રહેતાં સાત સમંદર પારનું થઈ જાય તો પછી પૂછવું જ શું ?

અંગ્રેજો સાત સમુંદર પારથી આવ્યા હતા અને પોતાના સમાજનો અનુભવ લઈને આવ્યા હતા. ત્યાં વર્ગો ઉપર ટકેલો સમાજ હતો, જેમાં સ્વામી અને દાસનો સંબંધ હતો. ત્યાં રાજ્ય જ નિર્ણય કરતું હતું કે સમાજનું હિતશા છે અહિંયા જાતિનો સમાજ હતો. રાજા જરૂર હતા પણ રાજા અને પ્રજાના સંબંધો અંગ્રેજોના પોતાના અનુભવ કરતાં એકદમ ભિન્ન હતા. અહિંયા તો સમાજ પોતાનું હિત સ્વયં નક્કી કરતો હતો અને તે પ્રમાણે પોતાની શક્તિથી પોતાના સંયોજનથી પૂર્ણ કરતો હતો. અને રાજા એમાં સહાયક થતો હતો.

પાણીનો પ્રબંધ, એની ચિંતા આપણા સમાજના કર્તવ્ય બોધના વિશાળ સાગરની એક બુંદ બરાબર હતી. સાગર અને બુંદ એકબીજા સાથે અભિન્નપણે જોડાયેલાં હતાં. બુંદ જો અલગ થઈ જાય તો ન સાગર બને ન બુંદ બચે. સાત સમુંદર પારથી આવેલા અંગ્રેજોને સમાજના કર્તવ્યબોધનો ન તો વિશાળ સાગર દેખાયો ન તો એની બુંદ. એમણે પોતાને ત્યાં ના અનુભવ અને તાલિમના આધાર ઉપર અહીંના રાજમાં તળાવ અંગેના આધારો-દસ્તાવેજો શોધવાની કોશિશ જરૂર કરી. પણ એવા રેકોર્ડ રાજમાં રાખવામાં આવતા નહોતા. એટલા માટે એમણે માની લીધું કે અહીયાં તો સંપૂર્ણ વ્યવસ્થા એમણે કરવાની છે અહીં તો કંઈ છે જ નહીં.



દેશના અનેક ભાગોમાં ભ્રમણ કરીને અંગ્રેજોએ કેટલીક અથવા તો સારા પ્રમાણમાં માહિતી જરૂર એકત્ર કરી. પરંતુ આ આખો એ અભ્યાસ કુતુહલથી જરા પણ વિશેષ

નહોતો એમાં કર્તવ્યના સાગર અને એની બુંદોને સાવ જ અલગ અલગ કરી દીધાં.

ઉત્કર્ષનો દોર ભલેને વીતી ગયો હતો પણ અંગ્રેજોના આગમન પછી પણ પતનનો દોર પ્રારંભ નહોતો થયો.ઓગણીસમી સદીના અંત અને વીસમી સદીના આરંભ સુધી અંગ્રજો અહીંયા ભટકતાં-ભટકાતાં જે કાંઇ જોઇ રહયા હતા, લખી રહયા હતા, જે ગેઝટિયર બનાવી રહયા હતા, એમાં કેટલીક જગ્યાઓ ઉપર નાના જ નહીં, મોટાં - મોટાં તળાવો ઉપર ચાલતાં કામોનો ઉલ્લેખ મળે છે.


છત્તીસગઢના દુર્ગ અને રાજનાંદ ગાંવ જેવા ક્ષેત્રોમાં ૧૯૦૭ સુધી પણ ઘણાં બધાં મોટાં તળાવો બની રહયાં હતાં. એમાં 'તાંદુલા' નામનું તળાવ અગિયાર વર્ષ સુધી સતત ચાલેલા કામ પછી બનીને બસ હજી તો તૈયાર થયું હતું, જેની સિંચાઇ માટેની નાલીની લંબાઈ ૫૧૩ માઈલ હતી.

સમાજને ટકાવી રાખવા માટે જે નાયક આવાં સઘળાં કામ કરતો હતો એમનામાંથી કોઈકના પણ મનમાં સમાજને ડગાવવા હલાવવાવાળી નવી વ્યવસ્થા કેવી રીતે સ્થાન પામી શકે ? એમના તરફથી અંગ્રેજોને આહવાન પણ મળ્યાં. સાંસી, ભીલ જેવી સ્વાભિમાની જાતિઓને આવા ટકરાવને કારણે અંગ્રેજી રાજે ઠગ અને અપરાધી પણ કહી. જયારે હવે બધું જ કામ અંગ્રેજોએ જ કરવાનું હતું તો એમના પહેલાંની આખી યે વ્યવસ્થા તૂટવી જરૂરી હતી. એ ઢાંચાને ગણકારવો નહી, એની ઉપેક્ષા કરવી એ બધું કંઇ વિચારીને કરેલું કુટિલ ષડયંત્ર તો નહોતું. એ તો આ નવી દ્રષ્ટિનું સહજ પરિણામ હતુ અને દુર્ભાગ્યે આ દ્રષ્ટિ આપણા સમાજના એ લોકોને ગમી ગઇ હતી જેઓ સંપૂર્ણ મનથી અંગ્રેજોનો વિરોધ કરી રહયા હતા અને દેશને આઝાદ કરવા માટે લડી રહયા હતા.

પાછલા સમયના કુશળ અને ટેવાયેલા હાથોને હવે અકુશળ કારીગર અને મજૂરમાં બદલાવી નાખ્યા હતા. એવા ઘણાબધા લોકો જે ગુણીજન માનવમાં આવેલા માણસોની સુચિમાં હતા, તેઓ બધા હવે અભણ, અસભ્ય, બિનતાલીમી મનાવા લાગ્યા હતા. એ નવું રાજ અને તેના પ્રકાશને કારણે ચમકેલી નવી સામાજિક સંસ્થાઓ, નવાં આંદોલનો પણ પોતાનાં જ નાયકોનાં શિક્ષણ-પ્રશિક્ષણમાં અંગ્રેજોથી પણ આગળ વધી ગયા હતા. આઝાદી પછીની સરકારો, સામાજિક સંસ્થાઓ અને મોટાભાગનાં આંદોલનોમાં પણ આની આ જ શરમજનક પ્રવૃત્તિ ચાલુ રહી છે.

એ ગુણવાન સમાજના હાથમાંથી પાણીની આખીય વ્યવસ્થા કેવી રીતે ઝૂંટવી લેવામાં આવી એની એક ઝલક ત્યારના મૈસૂર રાજયની ઝાંખી કરવાથી મળે છે.


સને ૧૮૦૦માં મૈસૂરનું રાજય દીવાન પૂર્ણૈયા જોતા હતા. એ વખતે આખા રાજયમાં



આશા કેવી રીતે રાખી શકાય ?

મૈસૂરના ૩૯૦૦૦ તળાવોની દુર્દશાનો કિસ્સો બહુ લાંબો છે પી. ડબલ્યુ. ડી. થી કામ ન ચાલ્યું એટલે પછી પહેલી વાર સિંચાઈ વિભાગ બન્યો. એને તળાવ સોંપવામાં આવ્યાં. એ લોકો પણ કાંઈ ન કરી શકયા એટલે વળી પી. ડબલ્યુ. ડી. ને પાછાં સોંપાયાં. વિભાગોની આવી અદલાબદલી વચ્ચે તળાવોમાંથી મળતું મહેસૂલ અંગ્રેજો વધારતા જ ગયા. જયારે સાર-સંભાળની રકમ ઓછી કરતા ગયા. અંગ્રેજો આ કામને માટે દાન પણ માંગવા માંડયા જે આગળ જતાં ફરજિયાત વસૂલાત સુધી પહોંચી ગયું.

આ બાજુ દિલ્હીનો કિસ્સો તો એથી પણ કરૂણ છે. તળાવો માટે દિલ્હી દુર્દશાની નવી રાજધાની બની રહી હતી. અંગ્રેજોના આવ્યા પહેલાં સુધી અહીંયા ૩૫૦૦૦ તળાવ હતાં. આને પણ મહેસૂલના લાભ-હાનીના ત્રાજવાં પર તોળવામાં આવ્યું અને કમાણી ન કરી શક્વા વાળાં તળાવ રાજના વિભાગમાંથી બહાર ફેંકી દીધા. એ અરસામાં દિલ્હીમાં નળ લાગી રહયા હતાં. એના વિરોધની એ સૂરીલી અને નાજુક અવાજ સન ૧૯૦૦ની આસપાસ લગ્નના એ જ દિવસોમાં દિલ્લીમાં નળ લાગવા માંડયા હતા. તેના વિરોધનો એક હલ્કો એવો સુરીલો અવાજ સન ૧૯૦૦ની આસપાસ વિવાહોના અવસર ઉપર ગાવામાં આવતી ''ફટાણાં'' વિવાહ ગીતોમાં જોવા મળે છે. જાન જયારે પંગતમાં જમવા બેસે છે



૩૯૦૦૦ હજાર તળાવો હતાં. એવું કહેવાતું હતું કે ત્યાં કોઇ પણ ડુંગરની ટોચ ઉપર એક બુંદ પણ પાણી પડે તો અડધું આ તરફ અને અડધું બીજી તરફ વહે તો બંને બાજુ એના સંગ્રહ માટેનાં તળાવો ત્યાં મોજૂદ હતાં. સમાજ ઉપરાંત રાજ પણ આવા ઉમદા તળાવોની દેખરેખ માટે હર સાલ કેટલાક લાખ રૂપિયા વાપરતું હતું.

રાજ્ય બદલ્યું. - અંગ્રેજો આવ્યા. સૌથી પહેલાં તો એમણે આવીને આ 'ફિઝૂલ ખર્ચી' ને રોકી અને સન ૧૮૩૧માં રાજ્ય તરફથી તળાવોને માટે આપવામાં આવતી રકમને કાપીને એકદમ અડધી કરી નાંખી. પછીના બત્રીસ વર્ષ સુધી નવા રાજ્યની કંજૂસાઈને સમાજ પોતાની ઉદારતાથી ઢાંકી રહયો હતો. તળાવો લોકોનાં હતાં. તો રાજ્ય તરફથી મળવાનારી રકમ ઓછી થવાથી ક્યાંક ક્યાંક તો બંધ પણ થઇ પછી પણ સમાજ તળાવોની કાળજી લઇ રહયો હતો. વર્ષો પૂરાણી પરંપરા આમ જ કાંઇ નષ્ટ ન થઇ જાય. પછીના બત્રીસ વર્ષ બાદ એટલે કે સને ૧૮૬૩માં ત્યાં પહેલી વાર પી. ડબલ્યુ. ડી. ખાતું બન્યું અને બધાંય તળાવ લોકોની પાસેથી ઝૂંટવીને પોતાના અધિકારમાં લઇ લીધાં.

પ્રતિષ્ઠા તો પહેલેથી જ લઇ લીધી હતી. પછીથી ધન અને સાધન પણ છીનવી લીધાં અને હવે સ્વામિત્વ પણ ઝૂંટવી લીધું. સન્માન, સુવિધા, અને સ્વામિત્વ વિના સમાજ લાચાર બની ગયો હતો. આવી પરિસ્થિતિમાં એમની પાસે માત્ર પોતાના કર્તવ્ય નિભાવવાની

ત્યારે સ્ત્રીઓ ફટાણા ગાય છે ''ફિરંગી નલ મત લગવાય દિયો'' જેવાં ગીતો ગાતી પરંતુ નળ તો લાગતા ગયા અને ઠેક ઠેકાણે બનતા તળાવ કૂવા અને વાવને બદલે અંગ્રેજો દ્વારા નિયંત્રિત વૉટર વર્કર્સ દ્વારા પાણી આવવા માંડયું.


પહેલાં બધાં મોટાં શહેરોમાં અને પછી ધીરે ધીરે નાનાં શહેરોમાં પણ આનું આજ સ્વપ્ન સાકાર થવા લાગ્યું. પણ ફક્ત પાઈપ બિછાવવાથી અને નળની ટોટી લગાવી માત્રથી પાણી નથી આવતું. આ વાત એ સમયે તો નહીં પણ આઝાદીના કેટલાક કાળ પછી ધીરે ધીરે સમજમાં આવવા લાગી હતી. સન ૧૯૭૦ પછી તો આ ભયંકર સપનામાંથી બદલાવા લાગી હતી. ત્યાં સુધીમાં તો કેટલાંય શહેરોનાં તળાવો માટી ભરાઈને ખતમ થઈ ગયાં અને એની ઉપર નવી નવી બજાર, રમતગમતનાં મેદાનો અને નવી વસાહતો સ્થપાઈ ચૂકી હતી.

પણ પાણી પોતાનો રસ્તો નથી ભૂલતું. તળાવો પૂરીને બનાવવામાં આવેલી નવી વસાહતોમાં ચોમાસાના દિવસોમાં પાણી ભરાઈ જાય છે અને પછી ચોમાસુ વીત્યું ન વીત્યું કે આ શહેરોમાં જળ સંકટના વાદળો ઘેરાવા લાગે છે.

જે શહેરોની પાસે હાલ થોડા પૈસા છે, થોડી તાકાત છે તેઓ બીજા કોઈકનું પાણી છીનવીને પોતાના નળોમાં પાણી વહેવડાવી શકયા છે, પણ બાકી સૌની હાલત હરસાલ બગડતી જાય છે. કેટલાંય શહેરોના કલેકટર ફેબ્રુઆરી માસમાં આસપાસના ગામોના મોટાં તળાવોનું પાણી સિંચાઈના વપરાશમાંથી બંધ કરીને શહેરોને માટે સુરક્ષિત કરી નાંખે છે.

શહેરોને પાણી જોઈએ છીએ પણ પાણી દેવાનારાં તળાવો નથી જોઈતાં. ત્યારે તો પાણી ટયુબવેલમાંથી જ મળી શકે પણ એના માટે વીજળી, ડીઝલની સાથે સાથે એ શહેર ના તળિયામાં પાણી તો જોઈએ ને ? મદ્રાસ જેવાં કેટલાંય શહેરોનો દુ:ખદ અનુભવ એ જ બતાવે છે કે સતત નીચે ઉતરી રહેલું જલસ્તર કેવળ પૈસા અને સત્તાના બળ ઉપર પણ અટકાવી નથી શકાતું. કેટલાંય શહેરોએ દૂર દૂર વહેતી કોઈ નદીનું પાણી ઉપાડીને લાવવાની બેહદ ખર્ચીલી અવ્યવહારીક પદ્ધતિ અપનાવી છે અને આવી નગરપાલિકા ઉપર કરોડો રૂપિયાનાં વીજળીના બિલ પણ ચડી ગયેલાં છે.

ઇંદોર શહેરનું આવું જ ઉદાહરણ આંખો ખોલનારું છે. દૂર વહેતી નર્મદાનું પાણી અહિંયા લાવવામાં આવ્યું હતું. યોજનાનું પહેલું પગથિયું નાનું પડયું એટલે એકી અવાજે બીજા સોપાનની માંગ ઉઠી, અને સન ૧૯૯૩મા ત્રીજા સોપાન માટે આંદોલન ચાલ્યું. આમાં કોંગ્રેસ,ભારતીય જનતા પાર્ટી, સામ્યવાદી દળો. ઉપરાંત શહેરના પહેલવાન શ્રી અનોખીલાલ પણ એક જ જગ્યાએ, એક પગ પર સતત ચોત્રીસ દિવસ સુધી ઊભા રહીને 'સત્યાગ્રહ' કરી ચૂકયા છે હજુ થોડા સમય પહેલાં આ ઇન્દોર શહેરમાં બિલાવલી જેવું તળાવ હતું. જેમાં ફલાંઈગ ક્લબનું એક વિમાન તૂટી પડયું ત્યારે નૌકાદળની ગોતાખોર ટુકડીને ઉતારવામાં આવી હતી, પણ તેઓ એ ડૂબેલા જહાજને સહેલાઈથી શોધી નહોતા શકયાં. આજે તો એ જ બિલાવલી એક મોટું સૂકું મેદાન છે અને એમાં ફલાંઈગ ક્લબના વિમાનો ઉડાડી શકાય છે.



ઈંદોરની પાસે આવેલા દેવાસ શહેરનો કિસ્સો તો એથી પણ વિચિત્ર છે. છેલ્લાં ત્રીસ વર્ષોમાં અહીંનાં નાનાં-મોટાં સઘળાં તળાવો પૂરી દેવામાં આવ્યાં અને એના ઉપર મકાન-કારખાનાં બનાવી દેવામાં આવ્યાં. પણ પછી 'સમજ' પડી કે શહેરને પાણી દેનારો કોઈ સ્રોત તો બચ્યો નથી, શહેર ખાલી થવા સુધીની ખબરો છપાવા લાગી હતી.શહેર માટે પાણી તો લાવવાનું હતું પણ ક્યાંથી લાવવું ? દેવાસનાં તળાવો-કૂવાઓને બદલે રેલ્વે સ્ટેશન ઉપર દસ દિવસ સુધી યુધ્ધના ધોરણે રાત-દિવસ કામ ચાલતું રહયું.

૨૫ ઍપ્રિલ ૧૯૯૦ના દિવસે ઈંદોરથી પચાસ ટૅંકર પાણી લઈને રેલગાડી દેવાસ આવી. સ્થાનીય પ્રધાનશ્રીની હાજરીમાં વાજતેગાજતે પાણીની રેલનું સ્વાગત થયું. યોજનાનું મંત્રીશ્રીએ ઈંદોર સ્ટેશનથી આવેલી નર્મદાનું પાણી પીને ઉદ્‌ઘાટન કર્યું. સંકટના સમયમાં આ પહેલાં પણ ગુજરાત, તમિલનાડુનાં કેટલાંક શહેરોમાં રેલગાડીથી પાણી પહોંચતું કરાયું છે. પણ દેવાસમાં તો હવે સવાર પડે ને પાણીની રેલ આવે છે, પાણીને પંપ મારફતે ટાંકીઓમાં ચડાવવામાં આવે છે. ત્યાર પછી શહેરને પાણી મળી શકે છે.

રેલગાડીનું ભાડું જ રોજનું રૂા. ચાલીસ હજાર ચડે છે. ટાંકીઓમાં પાણી ચડાવવાનો વીજળીનો ખર્ચ તો અલગ, અને ઈંદોરથી મળતા પાણીની કિંમત અલગ.આ બધો ય હિસાબ જો કરવામાં આવે તો આ પાણી દૂધના ભાવે પડવાનું. પણ અત્યારે તો મધ્યપ્રદેશ સરકાર, કેન્દ્ર સરકાર પાસેથી રેલગાડીનું ભાડું માફ કરાવી રહી છે. દિલ્હીને માટે દૂર એવી ગંગાનું પાણી ઉઠાવીને લાવવાવાળી કેન્દ્ર સરકાર અત્યારે મધ્યપ્રદેશ તરફ ઉદાર રહયું છે શ્રી મનમોહનસિંહની નવી ઉદારીકરણની નીતિ રેલ અને વિજળીની કિંમત ચૂકવવાને માટે

કહી દે તો દેવાસને નરકવાસ બનતાં શી વાર લાગવાની છે ?


પાણીના મામલામાં નપટ બેવકૂફીનાં ઉદાહરણોનો તો કોઈ પાર નથી. મધ્યપ્રદેશના જ સાગર શહેરને જુઓ. આજથી લગભગ છસો વર્ષ પહેલાં લાખા વણજારા દ્વારા બનાવવામાં આવેલા સાગર નામના એક વિશાળ સરોવરને કિનારે વસેલા આ શહેરનું જ સાગર પડી ગયું હતું. આજે તો અહીંયાં નૂતન સમાજની ચાર મોટી પ્રતિષ્ઠિત સંસ્થાઓ આવેલી છે. પોલીસ તાલિમ કેન્દ્ર છે, સેનાની મહાર રેજિમેન્ટનું મુખ્યાલય છે, નગરપાલિકા છે અને સર હરિસિંહ ગૌરના નામ ઉપર બનેલું વિશ્વવિદ્યાલય છે એક વણજારો અહીં આવ્યો અને વિશાળ સરોવર બનાવીને ચાલ્યો ગયો. પરંતુ નવા સમાજની ચાર સાધન-સંપન્ન સંસ્થાઓ આ સાગરની દેખભાળ પણ ન કરી શકી ! આ એ જ સાગર સરોવર છે જેની પર અગિયાર જેટલા શોધ નિબંધ પૂરા થઈ ગયા છે. ડીગ્રીઓ વહેંચાઈ ચૂકી છે પરંતુ એક અભણ માનવામાં આવતા વણજારા દ્વારા બનેલા સાગરને ભણેલો-ગણેલો મનાતો આ ભદ્ર સમાજ એને બચાવી પણ નથી શકતો.


ઉપેક્ષાની આવી આંધી છતાં પણ કેટલાંયે તળાવો આમ ઊભેલાં છે. દેશ આખામાં આઠથી દસ લાખ તળાવો આજે પણ ભરાઈ રહયાં છે અને વરુણ દેવતાનો પ્રસાદ સુપાત્રોની સાથે સાથે કુપાત્રોમાં પણ વહેંચાઈ રહયો છે. એની મજબૂત બનાવટ એનું એક કારણ છે, પણ એકમાત્ર કારણ નથી. તેથી જ તો મજબૂત પથ્થરથી બનેલા પુરાણા ગઢ, ખંડેરોમાં ન બદલ્યા. ચોતરફથી છિન્ન-ભિન્ન થઈ ગયેલા સમાજમાં તળાવોની સ્મૃતિ હજુ પણ સચવાયેલી પડી છે. સ્મૃતિની આ મજબૂતી પથ્થરની તાકાત કરતાં કયાંય વધારે મજબૂત છે.

છત્તીસગઢનાં ગામોમાં આજે પણ છેર-છેરાનાં ગીત ગાવામાં આવે છે અને એમાંથી મળતા અનાજમાંથી ગામનાં તળાવોની તૂટ-ફૂટ સુધારવામાં આવે છે. આજે પણ બુંદેલખંડમાં કજલિયાનાં ગીતોમાં એનાં આઠે આઠ અંગો ડૂબી શકે એવી કામના કરવામાં આવે છે. હરિયાણાના નારનૌલમાં જાતે ઉતાર્યા પછી માતા-પિતા તળાવની માટી ખોદીને પાળ પર ચઢાવે છે. આવાં બધાં તળાવોને કારણે કેટલાંયે શહેરો ટકેલાં છે. ઘણી બધી નગરપાલિકાઓ આ બધાં તળાવોને કારણે ટકી રહી છે. અને સિંચાઈ વિભાગ આની જ તાકાત પર ખેતરોને પાણી આપી શકે છે. અલવર જિલ્લાના 'બીજા કી ડાહ' જેવાં ગામોમાં આજ પણ સાગરોના એ જ નાયક નવાં તળાવો ખોદી રહયા છે, અને પહેલા વરસાદમાં એની ઉપર રાત આખી પહેરો ભરે છે. પેલી બાજુ આજે પણ સૂરજ સવાર અને સાંજ ઘડસીસરમાં મન ભરીને સોનું પાથરી જાય છે.

ઘણાના ગામોમાં આજે પણ એ જ જાણીતા શબ્દો પડઘાય છે ''સારાં સારાં કામો કર્યા કરવાનાં''

--- સંપૂર્ણ ----





પાણી આપણું જીવન છે, જ્યાં પાણીનો સંગ્રહ ત્યાં સંસ્કૃતિનો ઉદય.

વરસાદ પડે છે, નદી-નાળા ઉભરાય છે, પાણી સમુદ્રમાં વહી જાય છે. જમીનમાં ખૂબ જ ઓછુ રું સંઘરાય છે. વરસભર ચાલે એટલું પાણી બધે નથી સંઘરાતુ.

આ માટે આપણા પૂર્વજો દૂરંદેશી હતા. મોટા પ્રમાણમાં તળાવો બાંધ્યા, પછી ભલે રાજા હોય કે પ્રજા હોય કે સાધુ-સંતો હોય, જ્યાં ગામ ત્યાં તાળાવ. પૂરું વર્ષ ચાલે એટલો જલ સંગ્રહ થતો. એમના પ્રત્યે એમને ઈશ્વર જેટલો જ લગાવ હતો, એનો રખરખાવ થતો એની શુદ્ધતા-પવિત્રતા અને વિતરણનું પણ એટલુ જ ધ્યાન રખાતું. તળાવોની ઉત્તમ પરંપરાઓ દેશમાં વર્ષો સુધી હતી.

૧૮મી અને ૧૯મી સદીથી આપણે તળાવોની ઉપેક્ષા કરતા ગયા એને લીધે બારમાસી, સુંદર, રળીયામણા તળાવો નષ્ટ થયા.

આજે પાણી જીવનપરણોનો પ્રશ્ન બની ગયો છે. કુદરતી મળતું પાણી અને પાણી વિશે જાગૃતિ, એના પ્રત્યે આત્મીયતા અને એના સંગ્રહ વિશે આપણે ફરીથી વિચાર કરવો જોઈએ.